# અનુક્રમ


| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પંચામૃત | પ્રિય સ્વજન, | ..... | ૦૨ |
| ૨. | અવસર આંગણિયે | અર્હદ ભક્તિ | ..... | ૦૩-૦૬ |
| | | ત્રિશલા માતાને આવેલ ૧૪ સ્વપ્નોનું રહસ્ય | ..... | ૦૬-૧૦ |
| ૩. | News Line : | (1) પર્યુષણ અનુભવધારા 2013 | ..... | ૧૧-૧૨ |
| | | (2) અખાત્રીજ મહાસત્સંગ | ..... | ૧૨-૧૩ |
| ૪. | અપૂર્વ અવસર | સ્વામી વાત્સલ્ય | ..... | ૧૪ |
| ૫. | પર્યુણ અનુભવધારા 2013 ની આછેરી ઝલક..... | | | ૧૫ |
| ૬. | પર્યુષણ અનુભવધારા 2014 ની વિસ્તૃત રૂપરેખા | | ..... | ૧૬-૧૭ |
| ૭. | પયુર્ષણ અનુભવધારા 2013 માં સાક્ષાત હાજર શ્રી સીમંધર સ્વામીના મલકાતા વિવિધ સ્વરૂપો | | ..... | ૧૮ |
| ૮. | આહાર-વિહાર | NATUROPATH (Drugless Therapy) | ..... | ૧૯ |
| ૯. | આગામી કાર્યક્રમની વિશેષ માહિતી | | ..... | ૨૦-૨૧ |
| ૧૦. | અનુભવનું અત્તર | પર્યુણણ અનુભવધારા – 2013 | | |
| | | (1) Scientific Pratikraman | .... | ૨૨ |
| | | (2) પર્યુષણ Day | .... | ૨૨-૨૩ |
| | | (3) મહાવીર જન્મોત્સવ | .... | ૨૩ |
| ૧૧. | પ્રભુવાણી | તત્વ સ્વરૂપ – ૨ | ..... | ૨૪-૨૫ |
| ૧૨. | જિજ્ઞાસા તમારી – જવાબ પ્રભુના સત્સંગીઓના પ્રશ્નોના જવાબો | | ..... | ૨૬-૨૭ |
| ૧૩. | સત્સંગ | સંસાર – ગુરૂ-શિષ્યના સબંધ – પરમ મંત્ર | ..... | ૨૮-૨૯ |
| ૧૪. | બાલજગત | | ..... | ૩૦ |


## : આગામી કાર્યક્રમની રૂપરેખા :

1) અરિહંત TV ચેનલ (દરરોજ સવારે 8.30 અને રાત્રે 11.30 કલાકે) ⟶ વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 20

2) પ.પૂ. પંકજભાઈના સાનિધ્યમાં શ્રી કિશોર ભીમજી સંઘવી
Divine Scientific Practical સમ્યક્ પર્યુષણ અનુભવધારા ⟶ વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 16,17
22nd August to 30th August 2014 (9 દિવસ)

3) શ્રી નવરાત્રી આરાધના, શ્રી નવપદ સાધના તથા શ્રી સિધ્ધચક્ર યંત્ર જાપ પૂજન અનુષ્ઠાન
(૧૫ દિવસની આરાધના સાધના) (આસો સુદ ૧ થી આસો સુદ ૧૫) ⟶ વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 20
25th September to 8th October 2014 (15 દિવસ)

4) આધ્યાત્મિક યાત્રા પ્રવાસ – 2014 ⟶ વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 20

5) નમસ્કાર મહામંત્ર યોગ દ્વારા The Science of Divine Living Part - II
Practical Workshop (દિવ્ય જીવન વ્યવસ્થાના નવ પગથિયા) ⟶ વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 21

6) International મહાસંમેલન - Vision 2020 તથા
પરમ આનંદ પરિવારના સભ્યોનો વિશેષ સન્માન સમારોહ (દિવ્ય જીવન મુક્તિ માળ રોપણ) ⟶ વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 21

7) નમસ્કાર મહામંત્ર યોગ દ્વારા The Science of Divine Living Part - I ⟶ વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 21

9) Celebration Satsang (ઉત્સવ સત્સંગ) ⟶ વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 21

10) Open House Satsang ⟶ વિશેષ માહિતી માટે જુઓ પાનું નં. 21

**પ્રિય સ્વજન,**

**''મન વચન શુધ્ધ કરી અંતર ઉમંગ ધરી,**
**ભાવના ફૂલડાં લઈએ રે, ચાલો મહાવિદેહ ધામ જઈએ રે,**
**હૈયાના હેતથી ભક્તિનો થાળ ભરી, ચરણે સમર્પિત થઈએ રે,**
**ચાલો મહાવિદેહ ધામ જઈએ રે...''**

અસિધ્ધ પરમાત્માની કૃપાથી નિગદોથી નીકળી અહીં મનુષ્ય station આવી પહોંચ્યા છીએ. દેવો પણ જેને ઝંખે છે એવા station પર આવી પહોંચ્યા છીએ. અહીં આવી ઘણી ધમાલ કરી લીધી. અજ્ઞાનમાં રહી લોભ, મોહ, માન, ક્રોધ, અહંકારમાં રચ્યાપચ્યા રહ્યાં. આ અમૂલ્ય માનવદેહની કિંમત ન સમજી. હવે અહીં જ અવસર છે અરિહંત પરમાત્મા શ્રી સીમંધર સ્વામીની ભક્તિ કરી તેમના ચરણે સમર્પિત થઈ મહાવિદેહ ક્ષેત્રે જવાનો...

શ્રી સીમંધર સ્વામી મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન છે. દેવદેવીઓએ રચેલ સમોવસરણમાં અશોકવૃક્ષની નીચે હીરા અને રત્નોજડિત આસન પર બિરાજમાન છે. સૌમ્ય, સુંદર એવું મનમોહક સ્વરૂપ છે તેમનું. સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર રૂપ ત્રણ છત્ર તેમના શિર પર લટકી રહ્યાં છે. પુષ્પની વૃષ્ટિ થઈ રહી છે અને એની સુગંધ ચારે બાજુ ફેલાઈ રહી છે. ચામર ઢળાઈ રહ્યાં છે. સંગીતના દુંદુંભિ વાગી રહ્યાં છે. હર્ષોલ્લાસ અને નિર્મળ આનંદ પ્રવર્તી રહ્યો છે. અરિહંત પરમાત્માની વાણી ધ્વનિ રૂપે વહી રહી છે. તેમના શબ્દો સૌને શાંત્વના આપી રહ્યાં છે. સર્વ જીવો શાંતિને પામી રહ્યાં છે. શ્રી સીમંધર સ્વામી મલકી રહ્યાં છે. સર્વ જીવો પર કરૂણા વર્ષાવી રહ્યાં છે.... અરિહંત પરમાત્માની ભક્તિ સૌ જીવો કરી રહ્યાં છે ને તેમની કૃપા મેળવી રહ્યાં છે. આવું નિર્મળ, સુગંધી, તેજોમય વાતાવરણ છે. જાણો છો... ક્યાં ?

**''પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર''** દ્વારા આયોજિત **''સમ્યક્ પર્યુષણ અનુભવધારા – 2015''**, **''ઋતુંભરા College, જુહુ, પાર્લા (વેસ્ટ)''**ના પ્રાંગણમાં **''પ.પૂ. ગુરૂદેવ શ્રી પંકજભાઈ''**ના સાંનિધ્યમાં અરિહંત પરમાત્મા શ્રી સીમંધર સ્વામીની સતત નવ દિવસ સાક્ષાત હાજરી... સાક્ષાત મહાવિદેહમાં જેમ ભગવાન બિરાજમાન છે એવી જ રીતે અહીં પણ સમોવસરણમાં બિરાજમાન હશે... તે પણ વિધવિધ સ્વરૂપે... આખા પરિસરમાં સાક્ષાત પ્રભુની હાજરીને માણવા અને મનમોહક પ્રભુજી સાથે દિલથી જોડાઈ તેમની ભક્તિ કરવાનો અવસર મળ્યો છે. ચૂકશો નહી.



**તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૫ થી તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૫.**

**આપનો પ્રિય મિત્ર,**
**નમો જિણાણં.**

**નમ્ર નિવેદન**

**'નમો જિણાણં'** મેગેઝીનના આ અંકથી લવાજમ લેવામાં આવશે. જે શિબિરાર્થી / સત્સંગી ભાઈ–બહેનોને આ મેગેઝીન રેગ્યુલર મળે એવી ઇચ્છા હોય તો **આજીવન સદસ્યના રૂ. ૯૦૦/–** સાથે આપના સેન્ટર સંચાલકને તમારું નામ, સરનામું તથા ફોન નંબર લખી આપવા વિનંતી. (Subscription Form to be filled & send with Amount).

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| મુલુંડ | : | રીટા મારૂ | – | 98698 62373 | પાર્લા | : | ડિંપલ શાહ | – 98331 33266 |
| માટુંગા | : | નીતીનભાઈ | – | 98690 52507 | કાંદિવલી | : | અલ્પેશ શાહ | – 98202 12816 |


નમો જિણાણં
The Science of Divine Living
(ત્રિમાસીક -પત્રિકા)

અંક : ૨૯, વર્ષ :૨૦૧૫
તા. : ૧૦, ઓગસ્ટ–૨૦૧૫
મુલ્યઃ ૩૦.૦૦ રૂપિયા

મુદ્રક :
ગોગરી ઓફસેટ પ્રિંટર્સ

માલિક અને પ્રકાશક :
પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર (મુંબઈ)

નમો જિણાણં
E : namojinanam@gmail.com
Website : www.namojinanam.org
Follow us on Twitter
@namo_jinanam


શુભેચ્છક :

રોજ વિચારો કે આજે મારો પ્રભુ ખુશ થાય એવા કર્મ કરવા છે.

# મહાવિદેહના નાથ શ્રી સીમંધર સ્વામી

**''ભરતક્ષેત્રે ન મળે કોઈ તીર્થંકર હાલ,**
**મહાવિદેહ ક્ષેત્રે વિચરે સીમંધર હાલ,**
**ભક્તિ સીમંધરની બાંધે ઋણાનુબંધ,**
**છૂટે બંધનો અહીંના, તો બંધાય ત્યાંનો સંબંધ.''**

હે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત સુખ, અનંત શક્તિ, અગુરુ લઘુ અક્ષય સ્થિતિ, નિરંતર નિરાકાર એવા સિધ્ધ પરમાત્માની પરમ કૃપાથી આપણે આ વ્યવહાર રાશિમાં આવ્યા છીએ અને અહીં ભરતક્ષેત્રમાં મનુષ્ય station પર પહોંચ્યા છીએ. મનુષ્ય station એવું station છે જ્યાંથી ભગવાનની ભક્તિ કરી સીમંધર સ્વામીના ચરણમાં પહોંચી મુક્તિ પદ પામી શકાય છે. આ પંચમ કાળમાં ભરતક્ષેત્રમાં એકપણ તીર્થંકર વિચરતા નથી. સર્વ તીર્થંકર સિધ્ધપદને પામી ચૂક્યા છે... તો પ્રશ્ન થાય કે શું ભરતક્ષેત્રમાંથી મોક્ષ નથી ? મુક્તિ મેળવવી હોય તો અરિહંત પરમાત્માની કૃપા, કરૂણા, તેમની ભક્તિ, તેમની સાથે જોડાણ જરૂરી છે. કારણ તેમના દર્શન માત્રથી મોક્ષનો રસ્તો ખુલી જાય છે. તેમના શરણમાં હી, તેમની વાણી ગ્રહણ કરી તેમની આજ્ઞા પ્રમાણે જીવન જીવવાથી મોક્ષ નિશ્ચિત જ. જેવી અરિહંત પરમાત્માની કૃપા મળવી શરૂ થાય કે આપણો મુક્તિ માર્ગ શરૂ..! પરંતુ ભરતક્ષેત્રમાં હાલમાં કોઈ અરિહંત પરમાત્મા વિચરતા નથી. તેમ છતાં આપણી મુક્તિ સંભવ છે... કઈ રીતે ?

હાલમાં ભરતક્ષેત્રની ઉત્તરે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા અરિહંત પરમાત્મા શ્રી સીમંધર સ્વામી સાથે અનુસંધાન કરીને, તેમની શરણમાં રહીને મોક્ષ અવશ્ય છે જ. અને આ એક એવું માધ્યમ છે જે આપણને કૈવલ્યની નજીક લઈ જશે. સહેલામાં સહેલો છે આ સીમંધર સ્વામી સાથેનું જોડાણ. અરિહંત પરમાત્મા કહે છે કે મારા જેવું અરિહંત બનવું હોય તો.... સૌથી પહેલો રસ્તો છે **''સવ્વી જીવ કરુ પ્રેમ રશિ.''**

હવે માત્ર એક જ કામ કરવાનું છે ''પ્રેમ''. આપણે આખો દિવસ પ્રેમથી વિરુધ્ધ કાર્ય કરીએ છીએ. બીજાની ઈર્ષ્યા કરી તેને તોડવો કેમ... બસ એમાં જ ચિંતન, મનન, નિધીધ્યાનાસન ચાલતું હોય છે. એટલે જ અરિહંત પરમાત્મા કહે છે, સૌ પ્રથમ નિર્ણય લેવાનો છે સ્વયં હું પ્રેમ સ્વરૂપ બની જાઉં અને પરમાત્મા સાથે પ્રેમ સ્વરૂપ સંબંધ બાંધુ. આ પ્રેમમાં કોઈ બંધન નહીં હોય. કોઈ સોદો નહીં હોય. માત્ર પ્રેમ જ હશે. એવો પ્રેમ જે આનંદ આપે, ખુશી આપે. અને આપણે આવો જ પ્રેમ કરવાનો જીવ માત્ર સાથે. ફક્ત મનુષ્ય સાથે જ નહીં પરંતુ નિગોદથી થઈને પંચેન્દ્રિયના જીવો સાથે... બધા જ જીવો સાથે... હૃદયથી આનંદ આપવાવાળો પ્રેમ કરવાનો છે. અને જ્યારે એવી ભાવનાથી કે સૌ મારા જેવા પ્રેમી બને, મારા જેવા અનંત સુખગામી બને, બધા મારા જેવા પ્રેમરશિ બને... એવી ભાવના કરે છે તે જ તીર્થંકર બને છે.

સામાન્ય કેવલી પોતાની આસપાસના લોકોને રસ્તો બતાવી તેમને કેવલી બનાવે છે જ્યારે તીર્થંકર પરમાત્મા હજારો, કરોડો, અરબો લોકોને એક સાથે લઈને ચાલે છે અને સહુનું મંગલ કરે છે.

आज हमे यह तय करना है, तीर्थंकर परमात्माने जो अथाग परिश्रम, पुरुषार्थ किया है वह अथाग परिश्रम, पुरुषार्थ मैं करुँगा और आपकी कृपा से करुँगा । सबको साथ में ''सव्वी जीव'' vision में सब जीव को रखो । हर जीव निगोद से लेकर पंचेन्द्रिय तक... सब जीव को मेरे साथ ले जाऊँगा उस अनंत प्रेम के लक्ष्य की ओर । मैं तो जाऊँगा ही लेकिन सबको साथ लेकर जाऊंगा । ऐसा पराक्रम करने का जो निर्णय लेता है वो अवश्य तीर्थंकर नाम कर्म निकाचीत करता है । और यही हमें करना है ।

श्री सीमंधर स्वामी महाविदेह क्षेत्र के अंदर बिराजमान है । ये महाविदेह क्षेत्र कैसा होता है ?

भूगोल की दृष्टि से अभी हम भरतक्षेत्र में बैठें है । जंबुद्विप के अंदर पाँच भरतक्षेत्र, पाँच महाविदेह क्षेत्र है । पाँच ऐरवतक्षेत्र है । जिसे कर्मक्षेत्र कहते है । जहाँ कर्मक्षेत्र है वहाँ धर्मक्षेत्र है । और हम इसी कर्मक्षेत्र और धर्मक्षेत्र में बैठें है । पाँच भरतक्षेत्र और पाँच ऐरवत क्षेत्र में time के मुताबिक समसरपिणी और उत्सरपिणी याने के चढ़ाण और उतार काल है । काल की cycle चल रही है । और महाविदेह क्षेत्र ऐसा क्षेत्र है जहाँ नितांत सतत कम से कम बीस तीर्थंकर की असीम असीम कृपा सतत बहती है । स्वर्ग के देवदेवी भी यह आकांक्षा करते है कि हमारा अगला भव ऐसे तीर्थंकर परमात्मा के चरणो में हो लेकिन ये नहीं हो पाता । उनको उनके अवधिज्ञान में दिखता है लेकिन वे कर नहीं पाते क्योंकि वे जिस अवस्था में है वहाँ उनके पास निर्णय लेने की शक्ति नहीं है । निर्णय लेते हुए भी वे सफल नहीं हो पाते क्योंकि उनका सारा जीवन कर्मजनित है ।

तीर्थंकर परमात्मा जहाँ जहाँ विचरण करते है वहाँ सर्व जीव समुदाय, धरती, वनस्पति, तीर्यंच, देव, मनुष्य सर्व नितांत आनंद का अनुभव करते है । साधारण ordinary लोग बिना कुछ किये अंदर से आनंद पाते है । ऐसे आनंद की अनुभूति जो सतत ग्रहण करता है वह स्थापित हो गया है और जो स्थापित होता है वो प्रभु के चरण में बैठ जाता है ।

हमारे पास एक ही option है इस भरतक्षेत्र में । यह गिरता हुआ काल है । हम अभी second last stage में खड़े है । इसलिए जमीन के नीचे दटने से पहले मौका है हमारे पास । सबसे best काल के अंदर हम मनुष्य station पर पैदा हुए है । हमारे पास सबसे best मौका है अरिहंत परमात्मा के शरण में जाने का । इस जीवन का कल्याण करके परमात्मा के पास पहुँचने का । तैयारी करो । खुद का मंगल का कार्य करना है । यहाँ भरतक्षेत्र में बैठे बैठे भाव करें ।

**હે પ્રભુ ! હે સીમંધર સ્વામી !**

શુભેચ્છક :

**મૂર્તિમાં સદભાવ રાખવાથી મૂર્તિમાં પણ ચેતના આવે છે.**

આજે અમે તારા ચરણમાં બેઠા છીએ, ભલે અમે ભરતક્ષેત્રમાં હોઈએ પણ તમે અમારા હૃદયમાં બેઠા છો. બસ, મને તમારા શરણમાં લેજો. આપની હાજરીનો દિપક સતત મારા હૃદયમાં પ્રજ્વલિત રહે જ્ઞાન સ્વરૂપે અને એ જ્ઞાન અને વિજ્ઞાનના માધ્યમે આપના શરણમાં બેસી આ ગદ્યપદ્યની સાધના કરીને હું આપની જેમ વિરલ સફલ બનું.....

**''નમો જિણાણં, જિઅ ભયાણં...'**

हम जीवीत तीर्थंकर सीमंधर स्वामी की पर्षदा में बैठे है । द्रव्य से भले हम भरतक्षेत्र में हो लेकिन जहाँ तीर्थंकर मौजुद होते है, उनके आपायपम स्वरुप हम उनकी निश्रा में बैठे है । ऐसा वातावरण सहज स्वरुप से जो भाग्यशाली होता है उसीको मिलता है । Don't west single moment. सतत इनके साथ ताल मिलाना है ।

हम भरतक्षेत्र में दुःखी काल में पैदा हुए है । हम हमेंशा चिंता, भय, negative cycle में ही चलते है । हमारा आयुष्य भी अल्प है । ६०-७० साल का । महाविदेह क्षेत्र में कोई मायना नहीं रखता । सीमंधर परमात्मा का आयुष्य ८४ पूर्व, आदिनाथ परमात्मा इस अवसरपीणी काल के पहले तीर्थंकर का जो आयुष्य थाय, जो देहमान था, वैसा ही आयुष्य और देह कृपानिधान परमात्मा सीमंधर स्वामी का है । और हम इनकी पर्षदा में बैठे है । उनका शरीर का कद ५०० धनुष्य की काया है । प्रभु कर्मरहित है, चैतन्यशील है । आज निर्णय लेना है कि मैं आपकी विवेकबुध्धि से चलूँगा । मैं सत्वरहित हुँ, सत्वता का अंश मेरे अंदर अप्रगट स्वरुप में है । आपकी हाजरी से उसे प्रगट करना है । आपकी कृपा से मेरी नैया पार करनी है । हम जिस काल में है उस काल की प्रवृत्ति वक्र, जड़ है । हम कोई भी काम सीधा नहीं करते । सबको टेडी दृष्टि से देखते है । इससे हमें बाहर निकलना है । इसलिए वहाँ जाने की तैयारी करनी है । हमें महाविदेह क्षेत्र में सीमंधर स्वामी के समोवशरण में जाना है । उनकी निश्रा में face to face बैठना है । इसके लिए हमें प्रभु से दिल से बात करनी है ।

महाविदेह क्षेत्र जहाँ प्रभु की हाजरी होती है वहाँ सुख ही सुख है । जलसा है । No तकलीफ । एकदूसरे का बिगाड़ने की भावना नही । ऐसा है युग । Help करने की भावना होती है । ज्ञानी होते है । वहाँ हंमेशा तीर्थंकर परमात्मा रहते ही है । वहाँ कभी खाली नहीं होता । हंमेशा सतत तीर्थंकर की कृपा बरसती है । वहाँ उँच-नीच नहीं होती है । एकसरीखा काल चलता है । वहाँ पर पहुँचनेवाला बहुत भाग्यशाली होता है । सब सात्विक होते है ।

वहाँ उस युग में चाहे सीमंधर स्वामी की निश्रा मे हो या न हो, वह भूमि का प्रताप है कि जब हम additional step लेते है सीमंधर स्वामी की निश्रा की तो वहाँ कल्याण और मंगल निश्चित है ।

वहाँ के लोग सरल, ऋजु, भद्रिक स्वभावी होते है । वहाँ की औषधि बहुत प्रभावी होती है । वहाँ पर ज्ञान, सेवा, विद्या, आरोग्य बेचा नहीं जाता । वहाँ शाश्वत काल है । वहाँ एक साथ अलग–अलग area में बीस–बीस तीर्थंकर विचरण करते है । इसलिए ऐसी भूमि गद्‌गद्‌ होती है । कम से कम हम ऐसी भूमि पर भी पहुँचे जायेंगे तो कोई न कोई तीर्थंकर हमे मिल जायेंगे । सामान्य अरिहंत तो अवश्य मिल जायेंगे । दस लाख अरिहंत याने केवली सीमंधर स्वामी की निश्रा में है । और फिर उनका परिवार सो करोड़ साधु, सो करोड़ साध्वी, बाकी श्रावक और श्राविका जिनकी कोई गिनती नहीं है ।

भगवान का अवस्थान – जंबुददिप गोल है । Round के bottom में हम है । Right hand side के corner में पुष्पकलावति नाम का क्षेत्र है । वहाँ उनका स्थान है । महाविदेह हमारे Right hand side के corner में है । इसलिए North-East में हम सीमंधर स्वामी को प्रणाम करते है । क्योंकि वहाँ पर सीमंधर स्वामी बिराजमान है । उनके पिताजी का नाम श्रेयांस राजा, माता का नाम स्यकी और धर्मपत्नी का नाम रुक्मिणी है । सत्तर मे तीर्थंकर कुंथुनाथ प्रभु और अग्याहरवे तीर्थंकर अरनाथ प्रभु के मध्यकाल में उनका जन्म हुआ । एकवीसवे तीर्थंकर नमिनाथ स्वामी के अंतरकाल में उनका दिक्षा ग्रहण हुआ । तीर्यासी लाख वर्ष उन्होंने गृहस्थ काल में बिताया । और अभी जो काल चल रहा है एक लाख पूर्व का, जिसके अंदर वो प्रवज्या, कृपा सबके ऊपर बरसा रहे है । अब हमें उस period का लाभ लेना है । पाँचवे, छठ्ठे आरा तक भगवान है हमारे पास ।

हमारे यहाँ आठवे तीर्थंकर और नववे तीर्थंकर वापस फिर से होंगे तब तक सीमंधर स्वामी हाजराहजुर हाजर रहेंगे । Scope is very wast. सिर्फ बीज डालने की आवश्यकता है । बीस बीस तीर्थंकर की हाजरी और कृपा है महावदेह में । बहुत तप, जप करोगें फिर भी guarantee नहीं है महाविदेह में स्थान मिलने का लेकिन दिल से प्रभु भक्ति करके सीमंधर के साथ जुड़ जाओगें तो अवश्य महाविदेह में स्थान निश्चित है ।

भगवान चोवीस घंटे जिनके साथ रहते है उनका visa तो निश्चित है।

ધન્ય છે એ પરિવારોને જ્યાં સીમંધર વસે છે.

सबके घर में सीमंधर आना ही है । यह तय कर लो। मौसम आ रही है । पर्युषण आ रहे है । नौ दिन का मौका है । भव्ह हस्ती से दोस्ती करना है, भाव स्वरुप, प्रतिमा स्वरुप, द्रव्य निक्षेप स्वरुप से । जहाँ सीमंधर स्वामी की हाजरी है जिस घर में उसका मंगल और कल्याण अवश्य निश्चित है ।

आठवे तीर्थंकर उदयनाथ और नववे तीर्थंकर पेढ़ालनाथ के अंतर में उनका निर्वाण होनेवाला है । ऐसे तीर्थंकर परमात्मा की हाजरी.... दूर से भी कोई हाथ जोड़कर नमस्कार कर दे तो भी उसकी मुक्ति निश्चित है । पंचम गति निश्चित है ।

हम पर्युषण के दरम्यान अरिहंत कौन बनता है ? कैसे बनते है ? और तीर्थंकर परमात्मा जहाँ जहाँ विचरण करते है वहाँ चौतीस अतिशयों का

प्रभाव कैसे होता है यह सुनते है । उनमे से उन्नीस अतिशय स्वर्गलोक से आकर देव–देवीयाँ निर्माण करते है । ग्यारह अतिशय तीर्थंकर के खुद के पुण्य कर्म से निर्माण होते है । और चार अतिशय सव्वी जीव करु शासन रसी यह जो तीर्थंकर की भावधारा है उससे प्रकृष्ट होते है । जबरजस्त होते है । सब के उपर कृपा होती है । सिर्फ receiver होना चाहिए । यह भाव होना चाहिए – मुजे मिले और सबको मिले.... यह भाव सतत होना चाहिए । यह है अरिहंत बनने की प्राथमिक भूमिका ।

**''अनंत चोवीशि जिन नमु,**
**सिध्ध अनंती क्रोड,**
**केलनाणी थी विरसवी,**
**वंदु बे कर जोड....''**

શ્રી સીમંધર સાહિબા અરજ કરું,

**''જિહાં લગી શશી સૂરજ તપે...**
**વંદના અમારી હો... (૨)''**
**''ૐ હ્રીઁ શ્રીં શ્રી સીમંધર સ્વામીને નમ:.....''**

મારા પગના ગોઠણ, બન્ને હાથ અને મસ્તક નમાવી હે પ્રભુ હું તમારું શરણ ગ્રહણ કરું છું.

**હે સરસ્વતી મા, હે બ્રાહ્મણી શારદા,**

मैं यहाँ भरतक्षेत्र में सीमंधर स्वामी की भक्ति में अर्जित हुँ । बस... हे शारदे, मेरे अंदर ऐसी ध्यान की गरिमा हो जाये, ऐसा चारित्र का निर्माण हो जाये, ऐसे विषय और कषायो से जो रोज मेरे dayto-day life में चलते है, ये सारे निकल जाये.... बस, ऐसी सहज कृपा मेरी बुध्धि में प्रगट हो ।

**હે સીમંધરા,**

આજે અહીં બેઠા બેઠા ભરતક્ષેત્રની અંદર હું આંસુ સારી રહ્યો છું. તારા વિરહની વેદનાની અંદર... બસ એવી કૃપા કરને અમ સૌ પર કે અમે જલ્દી જલ્દી આ વિરહની વેદનાથી મુક્ત થઈ આપના આવાસની અંદર, આપની નિશ્રાની અંદર, આપના આશ્રયમાં આવીને અમે પરમ મંગલનું કામ કરવા આરૂઢ થઈ જઈએ... એવી કૃપા કરજો... કૃપા કરજો...

**હે ચંદ્રમાં,**

આપ મહાવિદેહ રોજ જાઓ છો. અમારો આ message આપજો સીમંધર સ્વામીને કે અમે સૌ અહીં બેઠા બેઠા આપના ભક્તિયોગમાં શરણ લઈને બેઠા છીએ. બસ, અમારી અંદર એવો યોગ પેદા થઈ જાય કે અમે સૌ આપની નિશ્રા અને આશ્રયમાં પ્રગટ થઈએ એવી તૈયારીઓ અમે અહીં કરીને આપની પાસે આવી જઈએ એવી કૃપા કરો... કૃપા કરો..

**હે પ્રભુ,**

हमारी अरज है, हमारी विनंती है, जरा आप अपने काम में हमारे शब्दो का गुंजारव सुने । और हमारे तरफ वात्सल्यभाव प्रगट करे। हमे आपके पास बुला लो... बस यही विनंती है । निगोद से मैं यहाँ मनुष्य तक पहुँचा हुँ । आपकी पहचान हुई है । और पहेचान होते होते अनंत काल बीत चूका है । अब, हे स्वामी, कब ये जीवन पूरा हो जायेगा पता नहीं । हे प्रभु, मुजे पता नहीं मैं क्या करु ? लेकिन आप करुणानिधान हो । मैं सिर्फ विनंती करुँगा तो भी आप मुजे स्नान दे देंगे और मुजे ये स्थान चाहिए । हे परमात्मा ! कृपा करना... कृपा करना ।

आज मैं आपके साथ agreement करता हुँ... आपकी कृपा से आपका जो ये समागम है, इतना बड़ा परिवार है, सो करोड़ साधु, सो करोड़ साध्वी, दस लाख केवली भगवंत ऐसा कलिकाल फिर वापस कब मिलेगा किसे पता ? बस... मैं भी इस परिवार में जुड़ जाऊं... ऐसी कृपा करना ।

**हे प्रभु,**

अब इतनी समज हो गई है कि मेरा कल्याण होगा तो सिर्फ आपके ही माध्यम से होगा । इसलिए मैं आज मेरा अस्तित्व आपको सोप रहा हुँ । कृपा करो... कृपा करो... ।

**हे सीमंधर स्वामी,**

आज यहाँ भरतक्षेत्र में बैठे बैठे में मेरी कल्पना से देख रहा हुँ । मुजे ऐसा लग रहा है कि मैं आपके समोवसरण में बैठा हुँ । देवदेवीयाँ आपको चामर ढ़ाल रहे है और आपकी वाणी हृदय को charge कर रही है । सबके हृदय को अपना अपना भाव और मंगल मिल रहा है । सबको अपने solutions मिल रहे है । ऐसा वातावरण है । मेरा हृदय भी बोल रहा है कि मैं आपके चरणकमल में बैठ जाऊँ, स्थापित हो जाऊँ । मुजे ऐसा लायक बनाना यहाँ पर ताकि मैं यहाँ से सीधा आपके चरणो में आ जाऊँ । ऐसी कृपा करना... ।

**हे प्रभु,**

आपकी दिव्य वाणी हृदय की भाषा मालकौंस राग मे चल रही है । देव–दुंदुभि बज रहे है । आपका भामंडल ज्ञान स्वरुप ज्ञान प्रकाश कर रा है चारो ओर । सब अपनी अपनी भाषा में अपने अपने प्रश्नों का निराकरण पा रहे है । ऐसी सुविधा आपके शरण में मिल रही है ।

**हे सीमंधर स्वामी,**

यहाँ पे भरतक्षेत्र में भले मैं हुँ, मेरे पास पंख नही है आपके पास आने के लिए लेकिन आपकी कृपा की पंख हंमेशा मेरे पास रहेगी । इस कृपा की पांख से मैं आपके पास आऊँगा ।

**हे प्रभु,**

मानवभव कितनी हजारो करोड़ो बार मिला है लेकिन आप नहीं मिले । आज मैं मनुष्य अवतार में पैदा हुआ हुँ । आपका शरण मिला है । आपकी निश्रा मिली है । बस आपकी कृपा मिल जाये । आपके साथ मेरा गठबंधन हो जाये और मेरा जीवन सफल हो जाये ऐसी कृपा करना... (२) ।

શુભેચ્છક :

વૈરાગ્ય અંદર હોવો જોઈએ, જગતને દેખાડવા માટે નહીં.

**''મારા રોમે રોમે નામ તુજ શ્રી સ્વામી સીમંધર તણો....**
**હર પળ મહીં, હર ક્ષણ મહીં, સથવાર સીમંધર તણો....''**
**''ભલે રૂપ નવ દીઠું નહીં, પણ પ્રતિમા સ્વરૂપે મળ્યો ખરો,**
**ભલે વદન તવ દીઠું નહીં, પણ વચન તારા મેં ગ્રહ્યાં...''**

**હે સીમંધર સ્વામી,**

હું અહીંયા બેઠો છું. ઘણીવાર હું ભાવ ચૂકી જાઉં છું. સ્થૂળતામાં ખોવાઈ જાઉં છું. વિચારોમાં ખોવાઈ જાઉં છું. પણ તારું આ સીમંધર નામ મારા કાનમાં ગુંજે છે, મારા હૃદયમાં ગુંજે છે ને હું ફરી ફરી જાગી જાઉં છું. તારું મુખ મેં દીઠું નથી. વાસ્તવિક સ્વરૂપ જોયું નથી. પણ અત્યારના મૂર્ત સ્વરૂપે તું મારી સામે હાજર છે જે મારી સામે સ્મિત આપી રહ્યું છે તો ખરેખર.... તમે કેવા હશો ?

તારા વચનો મેં સાંભળ્યા નથી. વાસ્તવિક રૂપે પણ ગુરૂજનોના મુખેથી આપના વચનોનું જ્યારે શ્રવણ થાય છે તો પણ હું ગદ્‌ગદ થઈ જાઉં છું. હે પરમાત્મા, જ્યારે આપ સામે શાશ્વત અને સમક્ષ હશો તો શું થશે...? એની કલ્પના પણ નથી કરી શકતો. બસ... મારી માંગણી મોટી નથી પણ હું સુખ, શાંતિ, સમૃધ્ધિ અને સમાધિ માંગુ છું. સિધ્ધપદને વરુ એટલું નાનકડું ઘર માંગુ છું. સિધ્ધપદ મારા જીવનમાં પ્રગટ થઈ જાય અને મારું મંગલ થાય એવી કૃપા કરો... કૃપા કરો...

**હે પ્રભુ,**

મહાવિદેહ ક્ષેત્રમાં આઠમી નામે પુષ્પાવતી વિજ્યા ભૂમિ પર આપનો જન્મ થયો. આપના પિતાશ્રી મહાધિરાજ શ્રેયાંસકુમાર, આપની માતા સત્યકી એમના કૂખે આપનો જન્મ થયો. આ જન્મ આપનો અંતિમ જન્મ હતો. અમે તો હજી પણ જન્મમરણના ફેરામાં પડયા છીએ. બસ એવી કૃપા કરજો... અમારો પણ તમારી જેમ આ આખરી જન્મ હોય જેથી ફરીથી જન્મ ન લેવો પડે.

**હે પ્રભુ,**

તમારી સાથે પ્રીત કરી બેઠો છું. આ મારી રીત છે. અહીંથી સીધા જે જન્મ થાય એ બસ આપની પાસે મહાવિદેહમાં થાય... બસ એવી કૃપા કરજો... એવી તૈયારીઓ અમારી પાસે કરાવજો...

**हे प्रभु,**

कालक्रमे हम कहाँ आप कहाँ – भव की दृष्टि से ऐसा होता रहता था । लेकिन आज ऐसा अपूर्व अवसर आया है कि आप भी बिराजमान हो और मैं भी बिराजमान हुँ यहाँ पर मनुष्य अवतार में । सभान दशा में हुँ । बस, ऐसा योग फिर कभी आयेगा कोई भरोसा नहीं है । इसलिए हे प्रभु, मैं प्रार्थना करता हुँ, मरी ये प्रार्थना स्वीकार लेना । मैं हृदय की गहराई से कह रहा हुँ मुजे स्वीकार लो । यह पाकर हम दोनों समकक्ष समय में आ चूके है । द्रव्य से भले हम यहाँ बैठे है, आप वहाँ हो लेकिन आपके अतिशय के माध्यम से मैं आपकी कृपा ले शकता हुँ और ले रहा हुँ और आपको देनी ही होगी और मुझे स्वीकारना ही पड़ेगा ।

**हे प्रभु,**

मेरे अंदर क्या चल रहा है ये पता नहीं लेकिन एक बात पता है आप मेरी बात सुन रहे हैं और मेरी अंदर रोमांच हो रहा है । यही मैं चाहता था अनंत काल से ।

**હે પ્રભુ,**

તારી સાથે આ પ્રેમના તાર બંધાઈ ચૂક્યા છે. હવે બસ... આ ઝંકાર સાંભળતો રહેજે મારો. મારા હૃદયના ધબકારાની અંદર, મારા ચિત્તની અંદર માત્ર તારો ગુંજન રહેશે. આ મારું committment છે. મારું આયુષ્ય બહુ ટૂંકૂ છે. તારું આયુષ્ય બહુ વિરાટ છે. માટે મારી પાસે બહુ scope છે તારી પાસે આવવાનો અને મારું કલ્યાણ કરવાનો... બસ, તારું મોઢું જોતાં જોતાં તું મારી અંદર વસી જઈશ. હું તારી અંદર વસીશ. આ જ મારો પુરુષાર્થ છે. હું તો બાળ છું, હે પ્રભુ, બાળકની જેમ બોલી રહ્યો છું. મારી આ વિનંતી સફળ થાય એવી કૃપા કરજો... હું ક્યારે મહાવિદેહમાં આવી તારા ચરણદને સ્પર્શી શકું...! એ જ રાહ જોઈ રહ્યો છું. હે પ્રભુ, એવી લાયકાત મારી બને આ જન્મમાં કે તારા ચરણ સ્પર્શ કરી શકું. તારી કૃપા લઈ મહાપુરુષાર્થ કરી મહામંગલ ને મહા પરમપદને પામી શકું.

**હે પ્રભુ,**

હવે બહુ વાર નથી. મારું આ આયુષ્ય અહીં બહુ ઓછું છે. થોડીક પળો છે. હું આવી રહ્યો છું. તારા રાજમાં પ્રવજ્યા ગ્રહણ કરીને સાધના રથમાં બેસીને આપની નિસરણી ચડી પરમ પદને પામવા માટે. હે પરમાત્મા, મારા અંતરના અંધારા તૂટી જાય એવું તેજ પ્રકાશો. મારી જ્ઞાન જ્યોત ઝળકાવો...

**હે પ્રભુ, હે સીમંધરા,**

આપનો દ્રવ્યાતિ યોગ થયો નથી પણ આપનું સ્મરણ સદા સદા મારા ચિત્તમાં સામિલ થઈ ગયું છે. આપ સાક્ષાત સ્વરૂપે મળો કે ન મળો પણ આપના વચનો મારા કાનમાં ને હૃદયમાં ગુંજી રહ્યાં છે. હું અહીં ભરતક્ષેત્રમાં બેઠાં બેઠાં આપને સદા સદા યદા યદા મળી ચૂક્યો છું. બસ... આપનો ને મારો સંબંધ જોડાઈ ચૂક્યો છે. આપનો હાથ સદાય મારા માટે ખુલ્લો હતો. હવે મારા ભવનું સમરાંગણ સમાપ્ત થવા આવ્યું છે એવું મને ભાસી રહ્યું છે. અને એવું જ થશે આપની કૃપાથી. હંમેશા હંમેશા મારા મનમાં, ચિત્તમાં, તનમાં રહો. સદાય ચોવીસે કલાક મારી સાથે રહો...

**''છે એક વિનંતી નાથ મારી, કાનમાં અવધારજો,**
**પ્રત્યેક અક્ષર સાધનાના મુજ હૃદયમાં કંડારજો...''**

હે પ્રભુ,

આપના શરણમાં, આપના ચરણમાં હું જલ્દી જલ્દી આવી પરમ ગતિ પ્રાપ્ત કરું એવી કૃપા કરશો... કૃપા કરશો...

**''ભવો ભવ મળજો તમારું શરણ,**
**તમારા ચરણમાં ... (૨) હો મુજ મરણ...''**

મહાવિદેહમાં સીમંધર સ્વામી સાથે જોડાણ કરવા, તેમને આપમાં ભવોભવના સાથીદાર બનાવવા છે તો અહીં ભરતક્ષેત્રમાં તેમની સાથે અનન્ય

**શુભેચ્છક :**

સેવાનો દેખાડો ના કરો ભગવાનનાં દર્શન માટે કરો.

ભક્તિ જ કરવી એ જ માર્ગ છે અને એના માટે તેમનું આલંબન જરૂરી છે. પ્રતિમા સ્વરૂપે જે આપણી સાથે સતત ચોવીસ કલાક હાજર હોય, જે આપણને માર્ગ બતાડે, જેમની કૃપા સતત મળતી રહે... એવા સીમંધર સ્વામી સાથે અનુસંધાન કરવાનો અવસર એટલે સમ્યક્ પર્યુષણ અનુભવધારા. જ્યાં મલકતા સીમંધર સ્વામી નવ દિવસ સતત હાજર હોય છે. આ એવો અવસર છે સીમંધર સ્વામીને ઘરના વડીલ બનાવવાનો, સાથીદાર બનાવવાનો અને તેમના શરણમાં રહી સાધના માર્ગમાં આગળ વધી મહાવિદેહે પહોંચી મુક્તિ પદને પામવાનો અવસર... ગુમાવવા જેવો નથી... અરિહંત પરમાત્માની કૃપા અને હાજરી તો નસીબદાર હોય એને જ મળે.... સીમંધર સ્વામી સાથે હૃદયનું જોગન કરવા અવશ્ય પધારશો.

**હવે અનુભવો અરિહંત પરમાત્મા શ્રી સીમંધર સ્વામી સતત ક્ષણેક્ષણે જેમની સાથે હાજર છે તેમની અનુભૂતિ.**

નમો જિણાણં

૧૦ વર્ષથી નવકાર મંત્ર યોગ શિબિરમાં અમે જોડાયેલા છીએ. આ શિબિરમાં જોડાયા પછી અમારા જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ થઈ છે. અને મંત્ર જાપના પ્રભાવે ઘણાં ચમત્કારો થયા છે. અને જ્યારથી આ શિબિરમાં ગુરૂજીએ પર્યુષણ પર્વની શરૂઆત ઋતુંભરા કોલેજ એમ. કે. સંઘવી હોલમાં કરી અને એ પણ અરિહંત પ્રભુ સીમંધર સ્વામીની હાજરીમાં, બસ ત્યારથી મને એમ થતું હતું કે મને પ્રભુજી પધરાવવાનો લાભ ક્યારે મળશે ? દર વર્ષે પ્રભુજીને પ્રાર્થના કરતી કે તમને મારા ઘરે પધરાવું એવી કૃપા કરજો.

અને ૨૦૧૪ માં પર્યુષણ પર્વમાં આવી અને ગુરૂજીની વાણી સાંભળતા ખરેખર ભાવ થઈ ગયો કે આ વર્ષે તો પ્રભુજને ઘરે પધરાવવા છે. મેં તો નિર્ણય લઈ જ લીધો હતો પણ શ્રાવકની રજા લેવાની હતી. જેવું session પુરૂ થયું એવું મેં એમને ફોન કર્યો મને પ્રભુજી ઘરે પધરાવવા છે તો એમણે કીધું કે આપણે પ્રભુજીને બિરાજમાન ક્યાં કરશું ? મેં ગુરૂજીને વાત કરી તો એમણે કીધું કે તમે નિર્ણય લઈ લ્યો. બાકી પ્રભુજી પોતાની મેળે સ્થાન ગોતી લેશે. બસ અને તરત જ નિર્ણય લેવાઈ ગયો અને ખરેખર પ્રભુજી બહુ જ સરસ સ્થાન ઉપર બિરાજમાન થઈ ગયા.

જ્યારથી પ્રભુજી ઘરે પધાર્યા છે ત્યારથી જાણે ઘર ભર્યુ ભર્યુ લાગે છે. એમ લાગે છે જાણે કે એક આધાર મળી ગયો છે. કોઈ negative વિચારો નથી આવાત જે કાંઈ થશે તે પ્રભુ કૃપાએ સારું જ થશે એવો ભાવ સહજપણે આવી જાય છે.

સવારના ઉઠતાં જ પ્રભુજીનો હસતો ચહેરો જોઈને અમારા દિવસની શરૂઆત થાય છે. દરરોજ પ્રભુજીને સ્પર્શ કરતાં ભાવ પૂજા અને સાંજે આરતી, મંગળ દીવો કરતાં જીવન ધન્ય બની જાય છે.

Thank you very much ગુરૂજી. આપની કૃપાથી અમને પ્રભુજીની કૃપા મળી.

અરિહંતની ઓળખાણ કરાવનાર અને ધર્મના ધોરી માર્ગે ચઢાવી દુર્ગતિ અટકાવનારા ગુરૂજી આપનું સ્થાન અમારા માટે ગૌરવવંતુ અને અજોડ છે. માતા-પિતાનો ઉપકારો આ ભવ પુરતો છે પણ એના કરતા અનંતા અનંત ઉપકાર તો ગુરૂજી આપનો છે. આપના જીવનમાં જીનવાણીનો ઝણકાર છે. આપે અમારા જીવનમાં પ્રાણ પુર્યા છે. પળે પળે સંયમી જીવનનું ઘડતર કર્યું છે. એ ઉપકારો તો એટલા બધા છે કે કરોડો ભવે પણ વાળી શકાય એમ નથી.

**ધરતીકા કાઝ કરું ઔર કલમ કરું વનરાઈ,**
**સાત સમંદર સ્યાહી કરું, ગુરૂગુણ લિખ્યો ન જાઈ.**

ગુરૂ અને સદ્દગુરૂમાં ફરક છે. શબ્દથી જ્ઞાનનો ઉપદેશ કરે તે ગુરૂ અને સર્વમાં પરમાત્માના દર્શન કરાવે તે સદ્દગુરૂ.

ખરેખર અમારા કોઈ પૂર્વના પુણ્ય યોગે આપના જેવા સદ્દગુરૂ અમને મળ્યા. Thank you ગુરૂજી.

પ્રભુજી આવ્યા પછી અમારા પડોશીને એવો અનુભવ થયો કે પ્રભુજી મને દર્શન કરવા બોલાવે છે. સવારના ઊંઘમાં જ એમને પ્રભુજી દેખાયા અને તરત જ ઉઠીને દર્શન કરવા આવી ગયા. વાત એમ હતી કે મેં એમને કીધું હતું કે સંવત્સરીના દિવસે ઘરે પ્રભુજીને પધરાવશું તો તમે દર્શન કરવા આવજ. પણ એ આવી શક્યા ન હતા એટલે પ્રભુજીએ એમને બોલાવ્યા.

અમારા બીજા પડોશી જે જૈન નથી, લુહાણા છે એમણે પ્રભુજી આવ્યા પહેલા ઘર આગળ રંગોળી કરી અને ઘરને શણગારી દીધું હતું અને એટલા ખુશ હતા કે જાણે એમના જ ઘરે પ્રભુજી પધાર્યા છે. રોજ દર્શન કરવા આવે છે અને એમને તો એટલી શ્રધ્ધા બેસી ગઈ છે કે પ્રભુજી આવ્યા પછી અમારા ધંધા સારા ચાલવા માંડ્યા છે અને જ્યાં પણ કામ અટકે એટલે ધ્યાનમાં બેસીને પ્રભુજીને નજર સમક્ષ લાવી problem માટે solution માગે અને ખરેખર એમના problem solve થઈ જાય છે.

બીજું અમારી બિલ્ડીંગમાં સાધુ–સાધ્વીજીની વૈયાવચ્ચ માટે ઉપાશ્રય છે એટલે અહીંયા ઘણાં ગુરૂ ભગવંતો પણ પધારે છે. બધા દર્શનનો લાભ લે છે. પ્રભુજીનું મુખડું જોઈને જ બધાના મુખમાંથી ઉદ્ગારો સરી પડે છે વાહ ! કેવું સરસ મુખડું છે કે જોતાં જ રહીએ. ખરેખર પ્રભુજી પધરાવ્યા પછી અમે ખૂબજ ધન્યતા અનુભવી રહ્યા છીએ. અને આપ સૌને પણ આવી ધન્યતા અનુભવવી હોય તો પ્રભુજીને ઘરે જરૂર પધરાવજો.

Thank You - પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર.
Thank You - પંકજ ગુરૂજી.
Thank You - All સત્સંગી.

**નિર્મળા નેમચંદ છેડા – 9224629200**

---

હું પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર સાથે છેલ્લા ૯ વર્ષથી જોડાયેલી છું. જ્યારથી શિબિરો joint કરી છે ત્યારથી અદ્દભૂત અનુભવ થયા છે. Everything I got which I want. હરક્ષણે માર્ગદર્શન બતાડનારા સદ્ગુરૂ મળ્યાં. બહુ આગળ નીકળી ગઈ છું. I need only God... God... & God... આસો માસની નવરાત્રી નવપદ સાધના આરાધમાં પ.પૂ. ગુરૂદેવ દ્વારા પૂજન થયેલ. સિધ્ધચક્ર યંત્ર મારા ઘરે આવ્યું અને ત્યારથી જ મનમાં ભાવ હતો કે પ્રભુજને ઘરે પધરાવું. અને અવસર પણ મળી ગયો શ્રી સીમંધર સ્વામી જન્મ કલ્યાણકનો. પ્રભુજીની સાક્ષાત હાજરીને પ્રતિમા સ્વરૂપે ઘરે પધરાવ્યા. હું ઘરમાં એકલી જ રહું છું પણ પ્રભુજીના આવ્યા બાદ એવું લાગે છે કે જાણે મને વડીલ મળી ગયા. ઘર ભરેલું લાગે. મારા મમ્મી ગયા પછી મારા માતા–પિતા

શુભેચ્છક :

જીવ લાયક થાય પછી જ ભગવાન દર્શન આપે છે.

પ્રભુજી જ છે એવો સતત અનુભવ થાય છે. આનંદમાં રહું છું. T.V. પર પ.પૂ. ગુરૂદેવને અવશ્ય જોઉં છું. લક્ષ જાગૃતિ વધી ગઈ છે. કંઈ પણ સવાલ હોય, તરત જ જવાબ મળે છે. એનાથી શેષ શું જોઈએ ? ભગવાન સિવાય બીજુ કંઈ જ યાદ રહેતું નથી. મારા બાળકોની પણ પ્રગતિ થઈ છે. આંખમાં આંસુ આવી જાય તો પણ ભગવાન તરત જ કહે, હવે તારે રડવાનું નથી. આનંદમાં જ રહેવાનું છે. પ.પૂ. ગુરૂજીના આર્શિવાદ મારી સાથે જ છે. આવા કાયમના સાથીદાર અરિહંત પરમાત્મા શ્રી સીમંધર સ્વામીની હાજરી તો ઘરે હોવી જ જોઈએ એવી હું સૌને પ્રેરણા કરું છું.

નમો જિણાણં.

**આશાબેન સાવલા**

---

શ્રી સીમંધર સ્વામી તથા દેવગુરૂની કૃપાથી ૨૦૧૪ ની સાલમાં પ.પૂ. ગુરૂદેવ પંકજભાઈના સાંનિધ્યમાં પર્યુષણ પર્વ કરવા ઋતુંભરા કોલેજમાં ગઈ. મારા હૃદયમાં પહેલા જ દિવસથી ભાવ હતાં કે પ્રભુજીને મારા ઘરે લઈ આવવા. તે ઈચ્છા પૂર્ણ થઈ ગઈ. આનંદ, ઉલ્લાસ સાથે પ્રભુજીને પર્યુષણના છેલ્લા દિવસે ઘરે લઈ આવ્યા અને પ.પૂ. ગુરૂદેવના માર્ગદર્શન પ્રમાણે તેમની સ્થાપના કરી. તે દિવસથી આજ દિવસ સુધી મન, ચિત્ત, આનંદમાં જ રહે છે. મનમાં શાંતિ મળી. એક જ વિચાર કે મારા પ્રભુજી કોઈનું અહિત થવા નહીં દે. ઘરનું વાતાવરણ શુધ્ધ થતું ગયું. પ્રભુજીની હાજરીનો સાક્ષાત અનુભવ થાય છે. રોજ ઉઠતાની સાથે પ્રભુકૃપા લઈ દિવસની શરૂઆત થાય છે. એક જ ઉદ્‌ગાર... ''મારે તો તમારા જેવા અરિહંત બનવું છે...''

**ભાવનાબેન કે. નાગડા**

---

નમો જિણાણં

ઘણી ખુશી થઈ ભગવાન ઘરે બિરાજમાન થયા. ઓગસ્ટ ૨૦૧૪ના પર્યુષણમાં ભગવાનને ઘરે પધરાવ્યા. ૪ વર્ષથી પ્રભુને કૃપા કરતી હતી અને આ વર્ષે એ ખુશીનો દિવસ આવ્યો.

ઘર ખુશીથી ભરાઈ ગયું. મારી ઈચ્છા પરીપૂર્ણ કરી પ્રભુએ.

પ્રભુ ઘરે આવ્યા ને મારી અંદર ઘણો change આવ્યો. મને એક સરસ friend મળી ગયા જેને હું બધુ જ કહી શકતી હતી.

મારો આંતરિક રીતે ઘણો વિકાસ થયો. પ્રક્રિયા, જે સવારના થતી હતી પણ હવે પ્રભુની સાથે એટલે પ્રક્રિયા ખૂબ સરસ....

મારામાં જાગૃતિ ઘણી આવી. કૃપા કરતા કરતા મી ભૂલો જે વાણીથી થતી હતી તેમાં ઘણો સુધાર આવ્યો. કોઈપણ રીતે મુંઝાતી હોઉં તો પ્રભુને કહું ને મુંઝવણ દૂર થઈ જાય.

**બેલાબેન મહેતા**

---

My Journey with Prabhuji

Namo Jinanam Friends

I attended Paryushan in 2013 through Jain Social Group (Andheri), as to what is it they are teaching, as I was always eager to know about our religious rituals, as WHY they did & HOW they were performed. Nevertheless, HOW was answered many a times but WHY was never answered. In those 9 days & 2 Bhav Pratikaman, a lot of my questions were answered & the Bhav Pratikaman deleted a lot of my issues & made me feel light. From 1990, I had created a block towards religion due to personal reasons, in fact I was in a state of depression. These 9 days became a turning point of my life.

A very major change was that I wanted to be more than just a Homemaker & do business. I started my work as a bag designer in July 2014 which was a dream which I thought would never materialize. After this I attended the Part 1 & 2 Course. Though I was not very regular in attending it & not following what Guruji asked us to do for living a physically, mentally & emotionally balanced life & to grow spiritually. But whatever little I did was a great shift in my life. Then during Paryushan 2014, I used to admire the murtis & felt like taking one of them home as everybody inspired me but was scared to do so. And then one of the days my husband came for aarti and mangal diya whose labh we got because of Swami Vatsalya. After doing this, my husband who came for the first time there although he is a follower of Rakeshbhai & Saryuben for 20 years, inquired about the murtis & decided to go for it. I have been married since 25 years but never have me & my husband shared a relation of understanding each other by any means but that at that time without me saying he read my heart & mind for Swami Vatsalya & taking Prabhuji home. In fact, he always used to do the opposite of whatever I say or even think. The decision of taking Prabhuji home was of mixed feeling. My only daughter was shocked as to what & why it was happening.

On 1st September 2014, Prabhuji arrived at my house. The environment of my house changed as a lot of positivity was created. It took a month to renovate my old temple to new to accommodate Prabhuji. I feel very fortunate that Prabhuji is there with us now. We share with Him everything. Our faith in Him is increasing day by day. He is always guiding us with the right path. We feel His grace & blessings on us. My entire family feels the growth of spirituality. My daughter was shocked with all the changes done because of Prabhuji is now taking care of Him as He's her baby.

Though I have stated the series of events of Prabhukripa in my life but yet there is a lot to tell. I have no fear of my future journey as I know the He is there with me.

**Ranjan Jain (Vile Parle)**

---

શુભેચ્છક :

કમ ખાય એનું શરીર અને ગમ ખાય એનું મન નિરોગી રહે છે.

# શ્રી કિશોર ભીમજી સંઘવી પર્યુષણ અનુભવધારા – 2014

## 8 માં વર્ષમાં ભવ્ય પદાર્પણ.

મહાવિદેહમાં બિરાજતા તીર્થંકર પરમાત્મા શ્રી સીમંધર સ્વામીની અલૌકિક, દિવ્ય હાજરી... એ પણ વિધવિધ સ્વરૂપે... મલકાતા મુખે... દરરોજ ખિલતાં ચહેરા... આવા તેજોમય પ્રભુની હસતાં હસતાં સેવા ભક્તિ કરતાં પ્રભુના સેવકો... વિધવિધ રંગોળી ને વિધવિધ શણગાર કરતાં સેવકો... અને આવા સીમંધર પ્રભુના દરબારમાં અસ્ખલિત વહેતી પ્રભુની વૈખરી વાણી પ.પૂ. ગુરૂદેવના શ્રીમુખેથી... આવું સુંદર સમોવસરણ રચાયું હતું ઋતુંભરાના પરિસરમાં સતત નવ દિવસ સમ્યક્ પર્યુષણ અનુભવધારા 2014 માં.

**''પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર''** દ્વારા આયોજિત **શ્રી કિશોર ભીમજી સંઘવી સમ્યક્ પર્યુષણ અનુભવધારા 2014** ઋતુંભરા કોલેજ, પાર્લા (વેસ્ટ), જુહુના પરિસરમાં નવ દિવસ માટે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રભુના દરબારમાં આવવા જવા માટે Western line માં બોરિવલીથી અને Central line માં મુલુન્ડ, સાયનથી Free બસ સેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરરોજ બન્ને time અહીં આવનાર દરેક સ્વામીનું અહો... અહો... આજે મને લાભ મળ્યો એવા અહોભાવથી વાત્સલ્ય કરવાનો લાભ એવી સ્વામી ભક્તિ એટલે કે સ્વામી વાત્સલ્ય નવે નવ દિવસ રાખવામાં આવેલ. આવા તીર્થંકર સમ જીવોને શાતા આપવાનો અમૂલ્ય લાભ ભાગ્યશાશાળીઓએ લીધેલ.

ધર્મ, સંપ્રદાય અને વાડાબંધીની ગ્રંથિથી મુક્ત એવી આ સમ્યક્ અનુભવધારામાં સમસ્ત જૈન તથા જૈનેત્તર જોડાયા હતાં. www.namojinanam.org ની વેબસાઈટ પરથી આ સમ્યક્ પર્યુષણ અનુભવધારાનું live telecast આખા world માં દરરોજ કરવામાં આવતું હતું. અરિહંત TV Channel પર ત્રણ દિવસ અને સોહમ ચેનલ પર ચાર દિવસ delayed live telecast કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે જીવનમાં રોજ પર્યુષણ એજ મહાવીર બનવાનો concept, બીજા દિવસે ભગવાને બતાવેલ 6 Scientific Process દ્વારા જીવનમાં આનંદ, ઉત્સવ અને આત્મવિકાસની formula અને તા. ૨૩-૮-૨૦૧૪ના સોહમ ચેનલ પર day-to-day life ના તપથી મુક્તિ તથા અરિહંત ચેનલ પર તા. ૨૪-૮-૨૦૧૪ના telecast કરવામાં આવ્યું હતું. તા. ૨૪-૮-૦૧૨ના બન્ને ચેનલ પર મહાવીર જન્મ મહોત્સવ live telecast કરવામાં આવ્યું હતું.

સવંત્સરી પ્રતિક્રમણ telecast કરવામાં આવ્યું હતું. જે ઘણાં બધા લોકોએ ઘરે બેસીને આ પ્રતિક્રમણ કર્યું હતું. બહારગામથી આવનાર આરાધકો માટે નવ દિવસ રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

દરરોજ તપસ્વીઓ માટે એકાસણા, બ્યાસણાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમ્યક્ પર્યુષણ અનુભવધારાની શરૂઆત શ્રીયુત કિશોરભાઈ ભીમજી સંઘવીએ દીપ પ્રગટાવીને કરી.

ત્યાર બાદ આ સમ્યક્ પર્યુષણ અનુભવધારાની શરૂઆત થઈ મહાવિદેહમાં બિરાજતા અરિહંત પરમાત્મા શ્રી સીમંધર સ્વામીને આહ્‌વાન આપીને. તીર્થંકર પરમાત્મા સીમંધર સ્વામીને પ.પૂ. ગુરૂદેવે આહ્‌વાન આપ્યું ને સાક્ષાત સીમંધર સ્વામીની પધરામણી થઈ. અહીં આવેલ સવ આરાધકોને ભગવાનની હાજરી સતત નવ દિવસ મહેસુસ થતી તહી. પ્રથમ સત્રમાં પ.પૂ. ગુરૂદેવ સીમંધર સ્વામીની હાજરી થયા બાદ પર્યુષણ એટલે શું ? પર્યુષણનો ઈતિહાસ શું ? શા માટે આપણે પર્યુષણ મનાવીએ છીએ... ? વગેરે મનને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કર્યું.

આપણાં જીવનમાં આપણે વારે ઘડીએ distract (ભ્રમિત) થઈ જઈએ છીએ. ધ્યેયથી દૂર જતાં રહીએ છીએ. તેને આ પર્વમાં પાછું લાવવાનું છે અને આપણી અંદર બે મહાન ગુણોનો વિકાસ કરવાનો છે.

જે goal લઈને આવ્યા છે તેમાં concentrate થઈ અન્ય સર્વથી distract થઈ ચારે બાજુથી cut off થવાનો નિર્ણય લેવાનો છે. Goal of પર્યુષણ... જીવનનો ધ્યેય... અસ્તિત્વનો ધ્યેયનો નિર્ણય લઈ પર્યુષણમાં પ્રભુનો software આપણી અંદર install કર્યો. જીવની શિવબનવાની યાત્રા નવ દિવસ કરવાની છે.. કઈ રીતે ? તે પ.પૂ. ગુરૂદેવે સમજાવ્યું.

બીજા સત્રમાં પ.પૂ. ગુરૂદેવે પ્રથમ હર ક્ષણ **''મુજે નહીં હોના પરેશાન''** આ નિર્ણય લેવડાવ્યો. ત્યારબાદ 6 Steps of Divinge Life વિશે સમજણ આપી. પવિત્ર કટાસણું, મુહપત્તિ, ચરવડો શા માટે છે તેની સમજણ આપતા કહ્યું કટાસણું એટલે 'મારે નથી થવું હેરાન' સતત આ જાગૃતિમાં સ્થિર રહેવું.

મુહપત્તિ એટલે એવી ભાષાનો ઉપયોગ કરો કે ભાષાને કારણે હેરાન પરશાન ન થવું પડે. **''ન મૈ હું પરેશાન, ન તું હૈ પરેશાન''** – આ છે 'મુહપત્તિ'.

ચરવડો એટલે – હાલતાં ચાલતાં છ કાય જીવની – પૃથ્વી કાય, વનસ્પતિ કાય, વાયુ કાય, પાણી કાય, પ્રકાશ કાય, ત્રસ કાય... જીવોની હાની ન થાય, હનન ન થાય તેનું ધ્યાય રાખવું તેનું નામ 'ચરવડો'.

જીવનમાં stress, tension, negativity થી મુક્ત થવું તેનું નામ 'આનંદ'.

ત્યાર બાદ આપણે લીધેલ નિર્ણય 'મુજે નહીં હોના પરેશાન' માં સફળ થવાની પાંચ ચાવી – steps આપી.

(૧) જે પણ આપણાં જીવનમાં આવે તેના ગુણગાન કરવા – ગુણપ્રમોદ.
(૨) બધાની અંદર ભગવાનાન દર્શન કરવા.
(૩) 'નમો જિણાણં' બોલી ભાવથી આવકાર આપવો.

ત્યારબાદ સામાયિકમાં આવતો લોગ્ગસના પાઠની અનુભુતિ આપી. અનંત તીર્થંકરની કીર્તન સ્તવના અહોભાવથી કરવાની સમજણ આપી.

ત્યારબાદ જીવનમાં હંમેશા ખિલખિલાટ હસતાં રહેવાનો રામબાણ ઈલાજ કહ્યો. સતત આ જ સ્તુતિ સ્તવના કરવાની છે કે, **''મારે નથી થવું હેરાન''** નો નિર્ણય, **'નમો જિણાણં'** અને **''તમે ગમે તેવા હો, I Love You''**.

ત્યારબાદ પ.પૂ. ગુરૂદેવે દરેકને સામસામે બેસાડીને ગુણપ્રમોદનો પ્રયોગ કરાવ્યો. બે હાથ જોડી 'નમો જિણાણં' કહી મનમાં 'મારે નથી થવું હેરાન', 'તમે ગમે તેવા હો I Love You' મનમાં કહી સામેવાળાને એના ત્રણ ગુણ કહેવાના ને પછી પોતાના ત્રણ ગુણ સાંભળવાના. આપણે ચાલતાં ચાલતાં ભૂલો કરીએ છીએ. એ આપણને દેખાતી નથી. એ બતાવનારા છે 'સદ્‌ગુરૂ'.

શુભેચ્છક : રાત્રે ૧૧ થી ૪ નો સમય નિષિધ્ધ કાળ મનાય છે જેમાં સ્નાન કે ભોજન કરવું નહીં.

ગુરૂ કેવા હોવા જોઈએ ? તના વિશે પ.પૂ. ગુરૂદેવે સમજણ આપી.

સદ્ગુરૂ પ્રાપ્તિ માટે ત્રણ steps છે – નમન, શરણ, સમર્પણ. ત્યારબાદ પ્રતિક્રમણ એટલે શું તેના વિશે સમજણ આપી. Action, video replay હરક્ષણે જીવનમાં કરવાનો process છે. સ્વની ભૂલને પકડી તેનો સ્વીકાર કરી ભૂલને છોડવાની છે, મુક્ત થવાનું છે. જીવનમાં મસ્તીમાં રહેવાની આ fromula બતાવી.

Six process of આનંદ મસ્તીમાં રહેવાની formula - proposed by શ્રી સીમંધર સ્વામી.

**બીજા દિવસે** પ.પૂ. ગુરૂદેવે પ્રભુકૃપા કરી.

**''મુજ રોમે રોમે નાદ ગુંજે સ્વામી સીમંધર તણો....''** સ્તુતિ દ્વારા શરૂઆત કરી.

આજનો દિવસ છે "Love affair with God".

જગતરૂપી પ્રભુ સાથેનો પ્રેમ ઉભો કરવાની formula મળી.

અદ્દભૂત દિવસ હતો આજનો, 'પ્રમયોગ'નો.

જે પણ વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ, જીવ, પરમાણુ હોય તેની સાથે વિના કારણ પ્રેમ કરવો.

પ્રેમયોગ એટલે શું ? આ પ્રશ્નનું પ.પૂ. ગુરૂદેવે નિરાકરણ કર્યું. પ્રેમરોગને પ્રેમયોગમાં convert કરવાની formula આપી. પ.પૂ. ગુરૂદેવે **''આપ કૈસે ભી હો, I Love You....''** ભગવાનના તત્વો સાથે connection કરવું એ જ 'પ્રેમયોગ'. સીમંધર સ્વામીની પ્રાપ્તધારા સતત વહી રહી હતી ને સૌ એનો સ્વીકાર કરી રહ્યાં હતાં.

વાસ્તવિક સ્વરૂપમાં જિનમાર્ગ શું છે ? યુવાનોને મુંઝવતો આ મોટો પ્રશ્ન... જેનું નિરાકરણ પ.પૂ. ગુરૂદેવે સરળ ભાષામાં આપ્યું. પ્રેમયોગ એટલે શું ? તેના પર વિસ્તારમાં સમજણ આપી. કાયોત્સર્ગમાં મહત્વનું સ્ત્રોત્ર લોગસ્સ વારંવાર બોલવા માટે કહેવામાં આવ્યું છે કારણ એમાં અનંત ચોવીશીનું સ્મરણ... એની વિશેષતા છે. સાક્ષાત્ તીર્થંકર પરમાત્માની હાજરી છે અને એમના ગુણગાન કરી માત્ર કૃપા માંગવાની છે. અને તીર્થંકર પાસે માંગીએ એટલે જબરજસ્ત પ્રભાવ છે એનો... અવશ્ય મળે જ... આ જ લોગસ્સનું મહત્વ છે. તીર્થંકર પરમાત્મા સાથે 'પ્રેમયોગ' કરવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. અને અહીં તીર્થંકર પરમાત્મા સીમંધર સ્વામીની સાક્ષાત્ હાજરી છે માટે અવશ્ય કૃપા મળે જ. આ કૃપા શા માટે ઉપયોગી છે ? તેના વિશે પ.પૂ. ગુરૂદેવે સમજણ આપતાં કહ્યું દરેક તીર્થંકર પરમાત્મા સમુત્ઘાત કરી પોતાના પરમાણુ ૧૪ રાજલોકમાં ફેંકે છે. અને લોગસ્સ ઉચ્ચારણથી અનંત પરમાણુની કૃપા મળવી શરૂ થાય છે.

ત્યાર બાદ પ.પૂ. ગુરૂદેવે ભગવાનના ગુણગાન કરતાં કરતાં ગુણસ્તુતિ કરી.

**''આદિ આદિ બોલ... (૨)**
**અનંત બનવું હોય તો આદિ આદિ બોલ...''**

અને સૌ આ ભક્તિરસમાં લીન થતાં ગયાં.

બીજા સત્રમાં પ્રેમયોગનું વિજ્ઞાન સમજ્યા બાદ ભક્તિ યોગ એટલે શું ? તેના પર પ્રકાશ પાડતાં કહ્યું ભક્તિયોગમાં 9 steps formula છે.

જીવનમાં પ્રભુના માર્ગ ઉપર પ્રભુ બતાવે એ રીતે જીવન જીવીએ અને પોતાની અંદર અને આખા જગતની અંદર પ્રભુતા પ્રગટાવીએ.

શ્રવણ, સ્મરણ, કીતર્ન, વંદન – પ્રેમયોગના અંગ છે.

નમન, શરણ, સમર્પણ, અર્ચનમ્, પાદસેવનમ્ ને દાસત્વ અને છેલ્લે આત્મ નિવેદનમ્... કર્મના જંગલમાંથી નીકળવા માટે પ્રેમયોગની - ભક્તિયોગની યાત્રા 9 steps માં કરી.

**ત્રીજા દિવસે** પ.પૂ. ગુરૂદેવે પ્રભુકૃપા કરી સત્રની શરૂઆત કરી. આજનો દિવસ તપયોગનો દિવસ હતો. Day to day life ના તપથી મુક્તિ કેવી રીતે મેળવવી... ? તેના વિશે પ.પૂ. ગુરૂદેવે આરાધકોમાં અમૃતરસ ભર્યો. કર્મ નિર્જરા એટલે શું ? તપ એટલે શું ? તેનું નિરાકરણ કરતાં કહ્યું Positive - Negative થી મુક્ત થવું એટલે નિર્જરા. પુણ્ય, પાપથી મુક્ત થવાનો process એટલે તપ.

Day to day life માં આપણે ભૂલો કરીએ છીએ. એ ભૂલોનું નિવારણ એટલે તપ. ખનખામણામાં **''ખમું છું ને ખમાવું છું''** એ છે 'તપ'.

**ખમન – તમે ગમે તેવા હો, I Love You.**

**ખામણા – નમો જિણાણં.**

આખો મહિનો આજ ધંધો કરવો તેનું નામ 'માસક્ષમણ'. ત્યારબાદ બાર પ્રકારના તપ – છ અભ્યંતર તપ અને છ બાહ્ય તપ વિશે સમજણ આપી.

બીજા સત્રમાં પ.પૂ. ગુરૂદેવે અરિહંત પરમાત્મા અરિહંત કેમ બન્યા ? કેવી રીતે બન્યા ? તેની formula કેવી રીતે પ્રગટ કરવી ? તે વિશે તીર્થંકર પરમાત્માના જન્મથી લઈને સિધ્ધ થવા સુધીની દશાએ કેવી રીતે પહોંચ્યા તે અરિહંત વંદનાવલિ સંગીત સાથે સૌને તલ્લીન કર્યા.

**''હે જીવડાં, અરિહંત બનવાના રંગમાં રંગાઈ જા...,**
**રંગાઈ જાને તું રંગમાં...,**
**મહાવીર તણા શાસનમાં....''**

**ચોથા દિવસ**ની શરૂઆત પ્રથમ પ્રભુકૃપાથી કરીને થઈ. પ.પૂ. ગુરૂદેવે આત્મરક્ષા મંત્ર ભણાવ્યો. આજના દિવસે નવકાર મંત્ર યોગ દ્વારા ભવિષ્ય બદલવાની formula મળી. નવકાર મંત્ર શું છે ? 'નમો' નો રાઝ શું છે ? તેના વિશે સમજણ મળી. નવકાર મંત્ર ૧૪ પૂર્વનો સાર છે અને તે દરેક મનુષ્યને suitable છે. આ સંસારના બધા જ યોગ, પ્રેમયોગ, ભક્તિયોગ બધી જ therapies આ નવકાર મંત્રમાં છે. જે પરમને પામી ચૂક્યા છે તેમણે આ 'નવકાર મંત્ર' આપ્યો છે. આપણું ભાગ્ય બદલી શકે એટલો powerful મંત્ર છે. નવકાર મંત્રથી શરીર મોક્ષ, પ્રાણ મોક્ષ અને ચિત્ત મોક્ષ એમ ક્રમબધ્ધ છે.

ચિત્ત સ્નાનની પ્રક્રિયા નવકાર મંત્રમાં કઈ રીતે સમાયેલી છે તે વિશે પ.પૂ. ગુરૂદેવે સમજણ આપી.

બીજા સત્રમાં પ.પૂ.ગુરૂદેવે પ્રભુકૃપા કરી શરૂઆત કરી,

પ્રથમ, **''જેના પ્રચંદ પ્રભાવથી વિખરાય વાદળ કર્મના,**
**સુરલોકના દેવો મળીને કરે હર્ષ તણી વંદના...''** સ્તુતિ કરી.

જગતના દરેક રહસ્ય નવકાર મંત્રમાં ભરેલા છે. અને દરેક problem ના solution નવકાર મંત્રમાં છે તેના વિશે સમજણ મેળવી. આ જગત શેનું બનેલું છે ? હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? મારો આ સૃષ્ટિમાં શું role છે ? સૃષ્ટિમાં રહેલ દરેક જીવો એકબીજા પર નિર્ભર છે... આ બધા સવાલોના નિરાકરણ મેળવી સ્થૂળ જગતનું સમ્યક્ દર્શન કર્યું.

**પાંચમો દિવસ** એટલે મહાવીર બનવાનો દિવસ. ભગવાન મહાવીરનો જન્મ મહોત્સવ. ક્ષત્રિયકુંડનાં રાજમહેલમાં સિધ્ધાર્થ રાજા અને

**શુભેચ્છક :** **લૌકીક કાર્યમાં પ્રભુ સ્મરણ થાય તો તે કર્મ અલૌકીક બને.**

ત્રિશલા રાણીનો વાર્તાલાપ... ત્રિશલામાતાને આવેલ ચૌદ સ્વપ્ન.... ત્રિશલામાતાની બદલાતી અવર્ણનીય આનંદની ભાવધારા.... સિધ્ધાર્થ રાજાનો રાજ જ્યોતિષ દ્વારા થયેલ ૧૪ સ્વપ્નનો ખુલાસો સાંભળી રાજા તથા નગરજનોનો આનંદ ઉત્સવ... ત્રિશલામાતાની સેવામાં હાજર છપ્પન દિક્કુમારીકાઓ... તીર્થંકર ભગવાન મહાવીરની પધરામણી થતાં મેરૂ શિખર પર ભગવાનને લઈ જઈ આનંદ મનાવતાં ઈન્દ્રો–ઈન્દ્રાણીઓ...

અને છેલ્લે... નાનાસા બાળુડા મહાવીરને પારણામાં પોઢાડતાં ત્રિશલામાતા...

વાહ...! વાહ...! અદ્ભૂત ! આવો નજારો... જાણે આપણે સ્વયં ક્ષત્રિયકુંડમાં હાજર છીએ અને ભગવાન પધારી રહ્યાં છે... આવો જન્મ મહોત્સવ તો અહિં જ ઋતુંભરાના ભગવાનના દરબારમાં જ જોવા મળે...!
આ વર્ષે સિધ્ધાર્થ રાજા અને ત્રિશલામાતા બનવાનો લાભ શ્રી સંજયભાઈ શાહ અને શ્રીમતી અલકાબેન શાહે લીધેલ. મહાવીર બનવાનો લાભ નાનકડા બાળ એ લીધેલ.

ત્યારબાદ ભગવાનનો જન્મ તો થઈ ગયો પરંતુ આપણે પણ હવે ભગવાન બનવાનું છે અને હું મહાવીર બનીને જ રહીશ એવો નિર્ણય લીધો.

**છઠ્ઠો દિવસ** જગતનું તાત્વિક scientific microvision નો દિવસ હતો.

ભરતક્ષેત્રમાં પાંચ દિવસની જ્ઞાનયોગ, પ્રેમયોગ, ભક્તિયોગ, તપયોગ, મંત્રનું સ્વરૂપ, જગતનું સ્થૂળ સ્વરૂપ સમજી અને છેલ્લે અતિ વિશેષ દિવસ મહાવીર જન્મમહોત્સવના દિવસે મહાવીર જન્મ બીજ રોપણ કરી લક્ષ સ્થાપિત કર્યું. ત્યારબાદ પંચ પરમેષ્ઠિની કૃપા લઈ સૂક્ષ્મ જગતમાં entry કરી. ધર્મતત્વ, સિધ્ધતત્વની કૃપા લઈ સૂક્ષ્મ જગતમાં જવાની શરૂઆત કરી.

સૂક્ષ્મ જગત (અદૃશ્ય જગત)ને આપણી favour માં કઈ રીતે કરવું તેની સમજણ મેળવી. અદૃશ્ય જગતમાં જવાનો દરવાજજો છે... ''હું સૃષ્ટિનો અંશ છું'' આનો સ્વીકાર કરવાનો છે.

અદૃશ્ય જગતમાં (1) Entry gate – હર જીવ સૃષ્ટિનો અંશ છે – સ્વીકાર. ત્યારબાદ (2) અરિહંત gate – સમર્પણ gate. (3) અરિહંતવાણી gate (4) અરિહંત મંત્ર gate — આ ચાર gate માંથી જ્યારે પાસ થશું ત્યારે આપણે પરમ લક્ષ પર પહોંચીશું... આવી સૂક્ષ્મ સમજણ મેળવી કર્મ પ્રકૃતિની વાત જાણી. ત્યારબાદ તત્વ સ્વરૂપ વિશે, જીવ તત્વ, અજીવ તત્વ વિશે સમજણ મેળવી.

બીજા સત્રમાં અદૃશ્ય જગતમાં આગળ વધ્યાં. સૂક્ષ્મ જગતમાં પ્રવેશવાથી હરક્ષણે શું ફેરફાર થઈ શકે તેનું વિજ્ઞાન સમજ્યા.

**સાતમો દિવસ** એટલે Law of cause and effect. કર્મનું practical સ્વરૂપ સમજવાનો દિવસ. આજે ૧૪ રાજલોક વિશે પ.પૂ. ગુરૂદેવ પાસેથી સમજણ મેળવી. પરમાણુને મિત્ર કેમ બનાવવા તે વિશે સમજણ મેળવી. અરિહંત પરમાત્માના જીવનમાં ૩૪ અતિશયો કેવી રીતે આવ્યા તે શીખ્યા. સૂક્ષ્મમાં બધાની સાથે મૈત્રી કરીને, બધાની સાથે રહીને પણ મુક્ત રહેવું... કેવી રીતે ? આ વાત આજે પ.પૂ. ગુરૂદેવે બતાવી.

બીજા સત્રમાં ઘાતી, અઘાતી કર્મ વિશે સમજણ મેળવી.

અબેદ યોગ એટલે પર્યુષણની ચરમ સીમા. પ્રભુ સાથે એક તાલ થવાનો યોગ... જેમાં સૌ પ્રભુ સાથે જોડાઈ ગયા.

**આઠમો અને નવમો દિવસ** એટલે સંવત્સરીનો દિવસ. સંવત્સરી એટલે શું ? ભય, અભય એટલે શું ? તેના વિશે પ.પૂ. ગુરૂદેવે સમજણ આપી.

ત્યારબાદ અભેદયોગનો પ્રયોગ. Claimax A Savantsari (સંવત્સરી) કરાવ્યો. આપણી અંદર રહેલા ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવ્યો.

સમ્યક્ પર્યુષણ અનુભવધારાના નવે નવ દિવસ દરરોજ ત્રીજા સત્રમાં ચિત્ત સ્નાનની પ્રક્રિયા, પ્રતિક્રમણ પ.પૂ. ગુરૂદેવ દ્વારા કરાવવમાં આવતું હતું. જેમાં પ્રથમ બે દિવસ ચોવીશ કલાકનું, ત્રીજા અને ચોથા દિવસે અઠવાડિયાનું, ત્યારબાદ ત્રણ દિવસ ચાર મહિનાનું અને છેલ્લે આઠમા અને નવમા દિવસે બાર મહિનાનું પ્રતિક્રમણ સંગીત સાથે કરાવવામાં આવ્યું.

પ્રતિક્રમણની પૂર્વભૂમિકા સમજાવતાં પ.પૂ. ગુરૂદેવે આ body બહારના જગત સાથે કેવી રીતે operate કરે છે તેની સમજણ આપી. ત્યારબાદ ચિત્ત સ્નાનની પ્રક્રિયા વિશે સમજણ આપી. દરરોજ આ પ્રતિક્રમણમાં નવા આવેલ આરાધક ભાઈ કે બહેનને ચિત્ત સ્નાનના બાથરૂમમાં નવડાવવામાં આવ્યા. જે તેમનો હંમેશનો યાદગાર અનુભવ બની ગયો. Action-Vedio Replay કરી સૌ હળવા બનતા ગયા. દરરોજ પ્રતિક્રમણને અંત શાંતિપાઠ અને મંગળદીવો કરવામાં આવ્યા.

સમ્યક્ Scientific પર્યુષણ અનુભવધારામાં સતત નવ દિવસ અરિહંત પરમાત્માની વાણી પ.પૂ. ગુરૂદેવના શ્રીમુખેથી વહેતી હતી ને એ અમૃતરસનું પાન સૌ કરતા રહ્યા. તીર્થંકર પરમાત્મા સીમંધર સ્વામીનું મનમોહક સ્વરૂપ ખિલતું રહ્યું. આ મનમોહક ખિલતાં સ્વરૂપને ઘરે પધરાવવાનું મન કોને ન થાય.... ?

આવો પરમ આનંદ પ્રગટ કરવા અને ભગવાન સાથે સતત ચોવીશ કલાકની હાજરી માણવા નિમ્ન ભાગ્યશાળીઓ શ્રી સીમંધર સ્વામીને પોતાના કાયમના સાથીદાર બનાવવા પોતાના ઘરે પધરાવ્યા.

**ભાગ્યશાળીનું નામ :**

૧) કેતનભાઈ ગાલા
૨) મેહુલભાઈ શાહ
૩) મહેશભાઈશાહ
૪) ભાવનાબેન નાગડા
૫) નિર્મળાબેન એન. છેડા
૬) ચિરાગભાઈ શાહ
૭) બેલાબેન મહેતા
૮) દિનેશભાઈ શાહ
૯) જયાબેન નાગડા
૧૦) દિલીપભાઈ દેઢિયા
૧૧) સંગીતાબેન શાહ
૧૨) મીતાબેન શાહ
૧૩) રંજનબેન જૈન

૧૪ એપ્રિલ ૨૦૧૫ના તીર્થંકર પરમાત્મા શ્રી સીમંધર સ્વામી જન્મ કલ્યાણકના દિવસે તીર્થંકર પરમાત્મા સીમંધર સ્વામીની સાક્ષાત હાજરી 'માલિની વૈયાવચ્છ કેન્દ્ર – પાર્લા'માં થઈ હતી. એ પ્રભુજીને ઘરે પધરાવવાનો લાભ શ્રીમતી આશાબેન સાવલાએ લીધેલ.

આવી સમ્યક્ પર્યુષણ અનુભવધારામાં સતત નવ દિવસ સાક્ષાત પ્રભુજીની હાજરી માણી. છેલ્લે મહાઆરતી અને દીવો કર્યો ને સદ્દેવ

શુભેચ્છક : પુણ્યના ગર્વ કરતા પાપનું પ્રાયશ્ચિત મહાન છે.

સદ્‌ગુરૂના આર્શિવાદ લઈ સૌ ફરી પાછા આવી સમ્યક્ પર્યુષણ અનુભવધારામાં જલ્દી આવીએ એવા ભાવ સાથે છૂટાં પડયા.

**નમો જિણાણં**

## श्री सीमंधर स्वामी जन्म कल्याणक महोत्सव (चैत्र वद दशम)

परमानंद परिवार द्वारा आयोजित परम सुख जीवन विकास केन्द्र में प.पू. गुरुदेव **श्री पंकजभाई** की निश्रा में '**श्री सीमंधर स्वामी जन्म कल्याणक महोत्सव**' चैत्र वद दशम (14th April 2015) को पार्ला सेंटर में बड़ी धूमधाम से मनाया गया।

सीमंधर स्वामी के समोवसरण की रचना की गई थी। ऐसा लग रहा था कि हम वहाँ प्रभुजी की पर्षदा में बैठे है। प.पू. गुरुदेव ने सर्वप्रथम प्रभुकृपा से शुरुआत की और आगे समझाया की हम यह महोत्सव क्यों मना रहे है और इस महोत्सव मे करना क्या है? यह महोत्सव इसलिए मना रहे है कि हमे सीमंधर स्वामी के साथ ऋणानुबंध करना है और इस जन्म महोत्सव द्वारा हमें केवल बाहरी आनंद नही प्राप्त करना है बल्कि आंतरिक परम आनंद प्राप्त करने के लिए भावात्मक रुप से सीमंधर स्वामी के साथ connect होना है। जीवीत तीर्थंकर के साथ सगाई करनी है। 24 तीर्थंकर सद्‌गति को प्राप्त हो चुके है। हमारी परम मुक्ति जीवीत तीर्थंकर द्वारा ही संभव है।

वर्तमान में महाविदेह क्षेत्र ही ऐसा क्षेत्र है जहाँ 20 तीर्थंकर विहरमान है। वहाँ बसनेवाले एक-दुसरे को help करते है। एक-दुसरे को उतारने की भावना नहीं होती है, क्योंकि वहाँ का वातावरण ऐसा होता है। वहाँ सुख ही सुख होता है। रोटी, कपड़े की चिंता नहीं है। वहाँ कोई न कोई परमात्मा विचरते रहते है। वहाँ एक जैसा काल चलता है। वहाँ जो भी पहूँचता है वह अद्‌भूत भाग्यशाली होता है। वहाँ सब सात्विक होता है। सरल, भद्रीक एवं आनंद स्वभावी जीव रहते है। वहाँ की औषधी और पदार्थ के परिणाम बहुत त्वरीत एवं प्रभावशाली होते है। वहाँ ज्ञान, सेवा और आरोग्य बेचा नहीं जाता है। ऐसी व्यवस्था उस पुण्य भूमि पर है क्योंकि ऐसी धरती पर 20-20 तीर्थंकर एक साथ अलग अलग area में विचरण करते है। इसलिए ऐसी भूमि गद्‌गद् बनती है। यदि हम ऐसी भूमि पर पहूँच जाए तो हमारी परममुक्ति निश्चित है।

तत् पश्चात प.पू. गुरुदेव ने महाविदेह क्षेत्र का भौगोलिक दृष्टि से वर्णन किया। भौगोलिक दृष्टि से देखा जाए तो इस समय सीमंधर स्वामी ही सबसे करीब है इसलिए उनके द्वारा ही हमें महाविदेह क्षेत्र का visa प्राप्त हो सकता है। Hear-card उनके हाथ में है। हमें सीमंधर स्वामी के समोवसरण का visa लेना है। Visa तब ही possible हे जब हमारे भाव स्पष्ट, निर्मल और इमानदारी वाले होगे ऐसे भाव प्रकट करने के लिए परमात्मा कहते है "**सवी जीव करु प्रेम रसी**"। जगत का कोई प्रेम बंधन स्वरुप दिखे तो वह प्रेम नही है वह सौदा है। प्रेम मात्र आनंद देता है। ऐसा प्रेम सब जीव के साथ करुँ और सबको प्रेमरसी बनाऊँ ऐसी भावना जो करता है वह अवश्य तीर्थंकर बनता है।

तत्पश्चात् प.पू. गुरुदेव ने सीमंधर स्वामी के जीवन का वर्णन किया। सीमंधर स्वामी का अवस्थान पुष्पकलावती महाविदेह क्षेत्र में है। उनका जन्म चैत्र वद दशम को हुआ। उनके पिता का नाम श्रेयांश एवं माता का नाम सत्यकी था। उनकी पत्नी का नाम रुखमणी था। 500 धनुष की उनकी काया है। कुंथुनाथ और अरनाथ प्रभु के मध्यकाल में उनका जन्म हुआ। मुनिसुव्रत और नमिनाथ स्वामी के मध्यकाल में उनका दिक्षा कल्याणक हुआ। आने वाले 8 वे और 9 वे तीर्थंकर के समय उनका निर्वाण होने वाला है। उनके परिवार में 100 करोड़ साधु-साध्वी एवं एक अबज श्रावक-श्राविका है। सीमंधर स्वामी 34 अतिशय से सुसज्जीत है। सीमंधर स्वामी का अद्‌भुत वर्णन सुनने के पश्चात प.पू. गुरुदेव के श्री मुख से भक्ति की शुरुआत हुई। यह भक्ति 12 चरण में की गई और प्रत्येक चरण में खमासाणा देते हुए हम सीमंधर स्वामी के करीब होने लगे। अंतिम चरण मे ऐसा लगा कि साक्षात् सीमंधर स्वामी की पर्षदा में बैठे हुए है।

प.पू. गुरुदेव द्वारा सीमंधर स्वामी की जो दिव्य भक्ति हुई इसमे सर्वप्रथम कहा कि - हे सीमंधर स्वामी ! हम तेरे विरह में आँसु बहा रहे है। हे प्रभु ! ऐसी कृपा कर कि हम सब तेरे आश्रय में आ जाए। प्रभु... आपको हृदय से विनंती करते है कि हमे आप अपने शरण में ले लो। प्रभु... हमें एक ही दान चाहिए और वह है आपका शरण दान। आपके परिवार में मुझे स्थान दे दो।

इस तरह प्रभु भक्ति आगे बढ़ती गई। आगे प्रभु से कहा कि मैं निगोद से निकलकर बड़ी मुश्किल से इस मानव भव तक पहुँचा हुँ। प्रभु ! तु तो केवली है। तु मेरी वेदना जानता है, तुझे शब्दों की जररुत नहीं है। हे प्रभु ! अब मुझे जल्दी से visa दे दो। मुझे लग रहा है कि मैं आपकी पर्षदा में बैठा हुँ। वहाँ उपस्थित सभी को अपना अपना solution मिल रहा है। मैं भी आपके चरण कमल में स्थापित हो जाऊँ ऐसी कृपा कीजिए... ऐसी कृपा कीजिए... यहाँ भरतक्षेत्र में मेरे पास ऐसे पंख नही है जिसे लगाकर में तुम्हारे पास पहुँच सकु परन्तु तुम्हारी कृपा के पंख से अवश्य पहुँचूंगा। हृदय की गहराई से कह रहा हुँ मुझे स्वीकार करो। एक बात जरुर है आप मेरी बात सुन रहे है। आपकी और मेरी chemistry हो रही है। ऐसा लग रहा है कि आपके साथ internet connection हो गया है। प्रभु जल्द ही आपके राज्य में आ रहा हूँ, प्रवज्या ग्रहण करके आपकी सेवा करुँगा। यह जबाबदारी प्रभु तेरी है कि मुझ में ज्ञान ज्योत और कर्म ज्योत प्रकटाओ। मैं आपके शरण में आ रहा हुँ। प्रभु आज भक्ति का जो प्रवाह मिला है वह आपकी कृपा से मिला है। आपके जन्म कल्याणक के माध्यम से हम सभी का जन्म सफल हो जाए ऐसी कृपा करो... कृपा करो... कृपा करो...।

**"भवोभव मलजो तमारु शरण..."** यह स्तवन के साथ प्रभु भक्ति संपन्न हुई और प्रभु के साथ ऋणानुबंध हो गया। वहाँ विराजीत प्रभु

को घर पर पधराने का लाभ **आशाबेन सावला** ने लिया । **श्री फेनीलभाई शेठ** के कर कमलों द्वारा दीप प्रकटीकरण किया गया । आरती का लाभ **डॉ. नरेन्द्रभाई शाह एवं उनके परिवार** ने लिया । मंगलदिवे का लाभ **श्री आशिषभाई शाह एवं उनके परिवार** ने लिया । इस तरह यह दिव्य जन्म कल्याणक महोत्सव संपन्न हुआ ।

**नमो जिणाणं ।**

## JAINA CONVENTION 2015 (ATLANTA USA)

नमो जिणाणं ।

Jaina Convention हर दो साल में एक बार USA में आयोजित होता है । हजारो लोग इस convention का लाभ लेते है । लेकिन इस साल जुलाई 2015 में जो Jaina Convention का आयोजन हुआ था उसकी बाात कुछ निराली है । अनोखी है ।

कैसे ? तो इस बार यह Convention में प.पू. गुरुदेव पंकजभाई को आमंत्रित (as a speaker) किया गया था । इसका विस्तृत अहेवाल इस प्रकार है ।

श्री हरेशभाई शाह, जो हमारे परम आनंद परिवार के सदस्य है और पू. गुरुदेव के रिश्तेदार भी है, उन्होने पू. गुरुदेव को Jaina Convention के बारे में जानकारी दी और बताया की इस Convention का लाभ तकरीबन 5000 लोग लेते है । इस Convention में अघर हम participate होते है तो हमें एक platform मिलता है और हमारा जो लक्ष है, की प्रभु महावीर का जो actual मार्ग है, Scientific और Practical, वो लोग समजे, जाने और अपने जीवन में अनुभव करके उत्तम परिणाम पाकर अपना जीवन आनंदमय, मंगलमय बनाएँ ।

श्री हरेशभाईने पू. गुरुदेव से अनुमति लेकर Jaina Convention के जो संचालक थे श्री अनिलभाई, उनसे मिलकर पू. गुरुदेव पंकजभाई को आमंत्रित करने के लिए प्रेरणा की और परम सुख जीवन विकास केन्द्र की विविध प्रवृत्तिओं के बारे मे बताया और यह Scientific और Practical मार्ग अमेरिकावासीओं को मिले और उन्हें ज्यादा से ज्यादा लाभ मिले ।

प्रभुकृपा से श्री अनिलभाई का मुंबई आना हुआ और उनकी मुलाकात प.पू. गुरुदेव से पार्ला सेन्टर में हुई । पू. गुरुदेव से मिलकर वे काफी impress हुए । USE जाकर उन्होंने Jaina Convention की कमीटी में बात की, उनको परम सुख जीवन विकास केन्द्र की प्रवृत्तिओं के बारे मे बताया । वो लोग भी काफी प्रभावित हुए । उन्होंने Jaina Convention में as a speaker पू. गुरुदेव को आमंत्रित किया ।

सेवक श्री मेहुलभाई और श्री आशिषभाई की सहायता से USA का programme final हुआ ।

Jaina Convention मे कई अलग अलग विषयो पर लोग अपनी speech देने आये हुए थे । पू. गुरुदेवने

(1) भगवान महावीर की अहिंसा

(2) Science of Divine Living - The नवकार मंत्र योग

इन दो विषय पर अपनी 40 साल की साधना का अनुभव ज्ञान पीरसने का तय कीया ।

यह Convention 2nd July, 2015 से 5th July, 2015 (4 दिन) तक था । यह Convention से पहले पू. गुरुदेव और सेवक श्री आशिषभाई न्युयोर्क, न्युजर्सी (USA) मे कई देरासर के ट्रस्टी, संचालको से मिले । उन लोगो ने नवकार मंत्र की शिबीर, पर्युषण अनुभवधारा, Youth Forum जैसी प्रवृत्तियाँ यहाँ USA मे करने के लिए आमंत्रित किया है ।

ता. 2 जुलाई, 2015 Jaina Convention के पहेले दिन Opening Ceremony और दांडिया रास का Programme था । वहाँ परम सुख जीवन विकास केन्द्र का एक stall रखा था । जिसमें CD, DVD, Magazine जो मुंबई से courier किया था वो सब रखा हुआ था । कई लोग इसका लाभ ले रहे थे ।

सेवक श्री आशिषभाई, आरतीबेन, भावनाबेन, ऋषभभाई, सबको उत्साहपूर्वक प्रेरणा कर रहे थे । लोग काफी प्रभावित हो रहे थे ।

3 जुलाई, 2015 को सुबह 10.00 बजे भगवान महावीर के अहिंसा और शाम 5.00 बजे Science of Divine Living through नवकार मंत्र योग विषय पू. गुरुदेवने अपने अनुभव, ज्ञान को लोगो के समक्ष प्रस्तुत किया । दोनो समय पूरा होल खीचोखीच भरा हुआ था । लोग खड़े रहेकर भी यह सुनने के लिए उत्साहित थे । Jaina Convention के ट्रस्टीओने भी लाभ लिया । लोग काफी प्रभावित हुए । लोगो ने अपना interview भी दिया है कि ना कभी हमने ऐसा सुना था ना ही कभी अनुभव किया था । It's really very amazing, it's touch directly to our hear. अब हमारा जीवन काफी बदल जाएगा, आनंदमय बन जाएगा ।

ता. 5th July को closing ceremony मे कई संत, महात्माओं के साथ पू. गुरुदेव को भी stage पर आमंत्रित किया था और दो मिनिट अपना व्यक्तव्य प्रस्तुत करने के लिए कहा था । पूरा होल तालीओ दर गुँज रहा था ।

लोगोने पू. गुरुदेव से future मे नवकार मंत्र की शिबीर, पर्युषण, Child-Parents Shibir, Youth Forum जैसी प्रवृत्तियाँ हमारे USA में होनी चाहिए जिससे हमें, हमारे परिवार को लाभ मिले ।

USA के प्रवास के दौरान प्रभुकृपा से ऐसे ऐसे सेवकों से मुलाकात हुई, जिससे काफी कामो में आसानी हो गई ।

Thank you very much.

ऐसा था अनोखा निराला Jaina Convention July 2015 (ATLANTA USA).

Jaina Convention में पू. गुरुदेव ने जो speech दी थी वो जल्द ही अरिहंत टीवी चॅनल पर तथा website : www.namojinanam.org & Youtube पर प्रसारित किया जाएगा । अवश्य लाभ लें ।

**नमो जिणाणं ।**

## સમ્યક્ પર્યુષણ અનુભવધારા - 2014

### પર્યુષણ – 2014

નમો જિણાણં.

હું શાન્તાક્રુઝ (ઈસ્ટ)માં ચાલતી નવકાર મહામંત્રની શિબિર Part-I માં જોડાયો છું. ત્યારે પ.પૂ. ગુરૂજી પંકજભાઈની પ્રેરણાથી આ પર્યુષણ અનુભવધારામાં આવવાનો મેં પાકો નિર્ધાર કર્યો. આ સીમંધર પ્રભુ તથા ગુરૂદેવની કૃપાથી છેલ્લા ચાર દિવસ હું અલૌકિક અનુભવ કરી રહ્યો છું. મારી માનસિક તથા શારીરિક અવસ્થા રોજના ૯ કલાક બેસવાની તૈયારી ન હતી. પણ હવે હું બિલકુલ સ્વસ્થ થઈ ગયો છું. મારા જીવનમાં મેં આવી ક્યાંય પણ સામાયિક તથા પ્રતિક્રમણ અને દરેક વિભિન્ન વિષયો પરની સાચી સમજણ અહિંયા થઈ તેનો હું સીમંધર પ્રભુ તથા ગુરૂદેવની કૃપાનો ખૂબજ આભાર માનું છું. હજી બીજા પાંચ દિવસમાં મને ઘણું જ્ઞાન તથા સમજણ મળી જશે. મને પ્રભુએ સાચી દિશામાં જવાનો માર્ગ કરી આપ્યો છે. આવા અલૌકિક સીમંધર પ્રભુની કૃપા તથા ગુરૂદેવની મધુર વાણી તથા તેમના સ્વરે સુમધુર સ્તવનો અને સંગીત સાંભળવા મળ્યું તેથી મને ખૂબજ સંતોષ તથા આનંદ મળે છે, મળતો રહેશે. બીજું મેં અનુભવ કર્યો કે જો હું મારા જીવનની રોજની સમસ્યાઓનું નિવારણ માટે ગુરૂદેવે આપેલી ત્રિપદી formula (૧) નમો જિણાણં, (૨) મારો નથી થવું હેરાન, (૩) તમે ગમે તેવા હો I Love You' નો પૂર્ણપણે અમલ કરવાનો નિર્ણય લીધો છે. બીજું અહિંયા પરમ સુખ જીવન વિકાસ કેન્દ્રના સેવકો તરફથી અમને ખૂબજ સારી સેવા મળે છે. તેમના રહેલા વિનય, વિવેક તથા મૈત્રી ભાવના ગુણો જોવા મળ્યા.

હે સીમંધર પ્રભુ આપની આ અસીમ કૃપા અમારા ગુરૂદેવ તથા સેવકો પર મળતી રહે.

**નમો જિણાણં, જિઅ ભયાણં.**

**Pradip M. Talsania - 9821149778**

---

પર્યુષણ શું છે ? શા માટે છે ? એની સમજણ મેળવ્યા પછી પર્યુષણ મનાવવાનો મન થાય છે. મારા જેવા આજનાં યુગનાં લોકોને practical હોય તો જ માનવામાં આવે. અને આવી જ છે અમારા પૂજ્ય ગુરૂદેવ શ્રી પંકજભાઈની વાણી. એમની સમજાવવાની જે રીત છે તે તરત જ મારા ગળે ઉતરી ગઈ. ઉતરી એટલે જેમ સાકર દૂધમાં ભળી જાય તેમ મેં મારા જીવનમાં ઉતારવાની કોશિશ કરી. એમાં મને સફળતા મળી. સાધુ–ભગવંતો આપણને કહે છે અને કરવાનું કહે છે. પણ એ કરવાનું કારણ શું ? આપણાં મનમાં અને જીવનમાં problem નાં solution કેટલી આસાનીથી મળી જાય છે. જો જોતાં આવડે તો ? આ જોતાં એમણે શીખવાડીયું. અને મેં જીવનમાં ઉતાર્યું. હવે problem, problem લાગતાં જ નથી. I enjoying that problem also without fear & tension.

**Chaitali K. Shah - 9702809828**

---

Thank you for this opportunity. For this is my life's first experience which I am experiencing. For I think I have got the right path. To achieve any goal which I have been yearning for from among many Bhavs. I think this will be my last & first opportunity in my Manushya Bhav. Got to follow & follow & follow Hay Prabhu Krupa Karo, Krupa Karo.... I am surrending myself to you in your "Charn Kamal".

Namo Jinanam.

**Smita K. Ajani - 9819792826**

---

પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર – મુંબઈ આયોજિત પરમ પૂજ્ય સદ્ગુરૂ શ્રી પંકજભાઈના સાનિધ્યમાં મહાપર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના મુંબઈ જુહુ ઋતુંભરા પરીસરમાં તા. ૨૨-૮-૨૦૧૪ના રોજે પર્યુષણ પર્વ માણવાનો લાભ મળ્યો. આ પર્યુષણ પર્વના સદ્ગુરૂ શ્રી પંકજભાઈના મુખે જ્ઞાનયોગ, ભક્તિયોગ, તપયોગ, નવકાર મહામંત્ર અને વિશેષ મહાવીર જન્મ કલ્યાણ ઉત્સવ માણવાનો અવસર પ્રાપ્ત થયો. આ પ્રસંગ અવિસ્મરણીય અને જીવન સાર્થક કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે ''નમો જિણાણં''.

સેવકો નમો જિણાણં. આપનો ઋતુંભરા પરીસરમાં આવતા સાધકો પ્રત્યેનો પ્રેમભાવ, નિખાલસતા... અરિહંત પ્રભુને પ્રાર્થના ખરા હૃદયથી કરૂં છું આપ સર્વ સેવકો ઉપર અરિહંત પ્રભુ કૃપા વરસાવે. આપ સર્વ આનંદમય અને આપનું જીવન મંગલમય બને.

'નમો જિણાણં'.

**હીરેનકુમાર કુંવરજી વીરા – 9320885003**

---

પ.પૂ. પંકજભાઈના સાનિધ્યમાં આ પર્યુષણ મહાપર્વ ઉજવવા હું પ્રથમ વાર આવેલ છું. પણ અહીં આવ્યા પછી મને જે અદ્ભુત આનંદ અને અનુભુતિ થઈ તેનો શબ્દોમાં આલેખન ન કરી શકું એવું છે. અહીં જ સાદી અને સરળ ભાષામાં ધર્મની સમજણ આપવામાં આવે છે તે ખૂબજ સુંદર છે. નવકાર મંત્ર વિશેની સમજણ પણ ખૂબજ સુંદર રીતે આપી. અને પૂ. પંકજભાઈ આવા પર્યુષણ મહાપર્વનો અને નવકાર શિબિરનું આયોજન હંમેશા કરતા રહે એવી જ પ્રાર્થના.

**જીતેન્દ્ર મોરારજી ગાલા – 9987161635**

---

Jai Jienndra. Gurudev has enlighten me with his devine knowledge and explaining me to how to live our live and keep yourself enjoy.

It is very practical in todays life that first you explain the discipline and than meaning and motive of our life on this earth, live your life for others and be a good human being that is religion. Which I have understand, no need to go to temple everyday or any other place as regular pracitce, Bhavna is Karma that is our religion. Just keep your vision that be helpful to others and live your

શુભેચ્છક :

અપશબ્દની અસર અશુભ થાય તો મંત્રની અસર શુભ કેમ ન થાય.

own life in peace. Be nuetral in life. Follow your pace and do not compare you will remain happy. Give time to yourself first, than family and list andformest remember the Mightly Lord and Gurudev every breath you take on this earth.

**Parag Talsania - 9821022778**

---

यहाँ पर्युषण पर्व में भगवानने हमें न्योतेसे बुलाया और भरभरकर मानव जीवन जीनेका और सार्थक करने का ऐसा मौका दिया है । भगवान तेरी कृपा का कैसे आभार मानु यह भी नही समझ में आ रहा । फिर भी भगवान मेरी तरफ से जीस भी प्रकारसे आप समझो मै तो आपके चरणों में पहुँच गई हुँ । और अब हंमेशा मुझे अपने साथ रखना यही प्रार्थना मै करती हुँ ।

आज तक महावीर अनंत है सुना था लेकीन अब उसकी अनंतता हर क्षण, हर जगह, हर स्थिती में कितनी ओतप्रेत है वो अहेसास हुआ । जो कुछ है वो सब ''मै'' के परे है यह अनुभव हुआ । दिव्यता का दर्शन हुआ ।

यहाँ के हरेक सेवक, हरेक वस्तु, हरेक क्रिया में ओतप्रोत, सीमंधर भगवान की कृपा छलक रही है और हमें भी उस कृपासे परीपूर्ण कर दिया है ।

यहाँ की सेवा और भगवान की कृपा हमें पहुँचाकर ही हरेगी यह १००% guarantee हो गई है । और भगवान को वो करना ही है यही प्रार्थना ।

प.पू. पंकजभाई भगवान के है और १००% भगवान उनके मुख से खुद का काम करवा रहे है । जीव को मोक्ष के लिए जो जरुरी है, वह सब भगवान मुझमें उतरने दो और मैने चुना रास्ता तुम्हे सौंप रही हुँ । आखिर तक मुझ पर कृपा करके मुझे पहुँचाना है ।

**सौ. विमल बिनायकीचा – 24271027**

---

It was an awsome experience !! Have not done Pratikraman in this manner earlier.

I would say I could understand, what is Pratikraman !

I would take this opportunity to sincerely thank Param Sukh Family.

**Kunal H Rambhiya - 9869710523**

---

It is really fantastic way of doing Paryushan. This is first time I am doing Paryushan and I am really feeling presence of god and I am enjoying it. The techniques of Guruji are all Practical and workufl which I have personally experienced.

**Priyank Khatri - 9820795894**

---

It was a very beautiful experience. It was exposure to the reality that we are still sleeping & our eye open in the real world. We should be alert all time. The 'Abhed Yog' was a quiet good experience.

**Dr. Chirag Shah - 9869577433**

---

આજે પર્યુષણનો આઠમો દિવસ છે. શરૂઆતથી આજ દિવસ સુધીમાં એક એક દિવસ બહુ જ આનંદમાં જાય છે. વધુ સમજણ આવતી જાય છે. જે અમુક સમજણ વગરની માન્યતાઓ હતી તેમાં બહુ ફર્ક પડતો જાય છે. પ.પૂ. ગુરૂજી શ્રી પંકજભાઈ સંગીતના માધ્યમથી ધર્મની જે સમજણ આપે છે તે સહજ રીથે સમજાય છે. તપ એટલે શું ? જગતનું સ્વરૂપ શું છે ? દ્રશ્ય–અદ્રશ્ય જગત શું છે ? વગેરે બહુ જ સ્પષ્ટ રીતે સમજાય છે. ત્રિપદી મંત્ર તો બહુ જ અદ્દભૂત છે. સરળતાથી અપનાવીએ તો stess કે tension ની તાકાત નથી કે આપણી પાસે ફરકી શકે. જ્ઞાનધારાનું પાન કર્યા જ કરીએ એવું રહ્યા કરે છે. વિશેષ શું કહું મને થયેલો અનુભવ તો વર્ણવી શકતો નથી. જેઓ અનુભવ કરે તેને જ તે સમજાય.

**'નમો જિણાણં, જિઅ ભયાણં'.**

**મધુકાંત માણેકચંદ લાખાણી – 9322306656**

---

Namo Jinanam.

I occasionally used to go to Derasar like Paryushan or Derasar Bhagwan Birthday. But after coming here I wakeup & thoght that I have lost many years roming here & there for the Shanti & happiness which is within me. Hence while attending the Paryushan in Namo Jinanam I have reeonued like confidence to the reach the Real happiness with the blessing of the Guruji. I can really very thankfull to Namo Jinanam.

**Rajiv K. Shah - 9029979900**

---

નમો જિણાણં.

હું આ પર્યુષણમાં આવી એમાં આ પરિવારના સભ્ય હર્ષાબેન, તેજસભાઈ, અલ્પાબેન, હેમંતભાઈ બધાના સાથથી આવવાનો નિર્ણય લીધો. પ્રભુના કેવા કેવા મારી ઉપર ઉપકાર થયા છે. હું મારી બે વર્ષની life માં ક્યારેય પલાઠી વાળી નીચે બસી ન હતી એના બદલે 3 session હું નીછે પલાઠી વાળીને કરી શકું છું. પ્રભુજીને મારા ઘરે પધારવા માટે પહેલા જ દિવસે આવા દિવ્ય વાતાવરણની અસરથી નિર્ણય લઈ શકી અને એનો આનંદ હર એક દિવસે અલગ અલગ થઈ રહ્યો છે. કોઈને એ પ્રભુમાં જ હું દેખાતી હતી આવી પ્રાણધારા વહે છે જે મને એમ થાય છે કે 8 દિવસ નહીં પણ દરરોજ આવું બને અને હું કાયમ પ્રભુ પાસે બેસી જ રહું.

**Mita Shah - 9925988886**

---

શુભેચ્છક :

જ્યાં લાગણીનું ચલણ છે ત્યાં રોકડા સિક્કા ચાલતા નથી. (રક્ષાબંધન)

## Scientific Pratikraman

પ.પૂ. ગુરૂદેવ પંકજભાઈ,

મેં કાંદિવલીમાં આપની શિબીર join કરી છે. તેના દ્વારા મને અહીં આવવાની પ્રેરણા મળી. અહીં આપની વાણી, સંગીતમય વાતાવરણ, અન્ય સાધક ભાઈ-બહેનોની સેવાને લીધે wonderful experience થયો. અહીંનું વાતાવરણ, decoration મનને પ્રફુલ્લિત કરી દે તેવું amazing છે. પર્યુષણ, સામાયિક, પ્રતિક્રમણના સાચા અર્થ સમજાયા.

આપે સૂચવેલા સૂત્રો જીવનમાં અપનાવીને જીવનને આનંદમય બનાવીશું. આપે અમને આનંદથી જીવન જીવવાનો કીમીયો બતાવ્યો છે તે બદ્દલ આપનો ખૂબ ખૂબ આભાર. ઘણી વ્યક્તિઓ તરફથી ખરાબ અનુભવને કારણે આપણા મનમાં રોષ ભરાયેલો હોય છે અને અમુક વ્યક્તિઓ વિરૂધ્ધ પણ મનમાં ગ્રંથિ બંધાઈ ગઈ હોય છે પણ આપનું પ્રવચન સાંભળીને હવે બધા પ્રત્યેનો ગુસ્સો મનમાંથી નીકળી ગયો છે અને બધામાં પરમેશ્વરના દર્શન થાય છે. અને જે બધા દુશ્મન લાગતા હતાં તે બધા પોતીકા લાગે છે. ખરેખર ! માનસિક રીતે હવે હળવાફૂલ થઈ ગયા હોઈએ એવું લાગે છે. એ માટે પ.પૂ. ગુરૂદેવ પંકજભાઈ તમને લાખ લાખ સલામ.

**Deepika Mehta - 28629950**

---

Guruji teaches the method of pratikraman based on the same steps as recommended including alochana, pratikraman, pachakhan with stuti and stavana. This easily leads one into the state of maditation during which I recognised and deleted my mistakes and established clarity of mind. However, practice is alongwith a firm decision to do what is taught entremely necesary. I had my own doubts but practicing with heartfect devotion is the solution to our struggle which is difficult for me but not impossible and 'chaharris' of stored thoughts helps to free the mind.

**Manisha P. Mota - 9820933647**

---

નમો જિણાણં.

હું છેલ્લા ૩૦ વર્ષથી દેવશી અને રાયશી પ્રતિક્રમણ પર્યુષણ પર્વમાં કરું છું.

પણ આપને ત્યાં પૂ. ગુરૂજીના સાનિધ્યમાં મેં જે પ્રતિક્રમણ કર્યું એ મને અદ્દભુત, જબરદસ્ત ઊર્જા અને મુક્તિ મળ્યાનો અનુભવ થાય છે.

હું હંમેશા મારા rutin પ્રમાણે ચરવડો, કટાસણું અને મુહપત્તી લઈને ભાગદોડ કરતો રહ્યો. એ પણ સારું છે. પણ, અહિંયા પ્રતિક્રમણ કર્યા પછી ખરેખર ખબર પડી કે ક્ષમા કેવી રીતે મળે, મુક્તિ કેવી રીતે મળે.

મારા માટે પ્રતિક્રમણનો ખરેખર અદ્દભુત અનુભવ થયો.

**Kailash H. Jain**

---

નમો જિણાણં

હું હિરાવંતી રોજ સવારના, રાતના ટી.વી.માં પરમ સુખ જીવન વિકાસનો પ્રોગ્રામ જોતી હતી. એમનું પરમ સુખ આવો શીર્ષક વાંચી મને વિચાર થયો કે આવા શબ્દો તો મેં ક્યાંય વાંચ્યા નથી. ચાલો, એકવાર જઈ અનુભવ કરીએ અને હું એમના પ્રોગ્રામમાં આવી ને જોયું, જાણ્યું કે આવું સામાયિક મારા ૬૦ વર્ષની life માં મેં કર્યું નથી. આ અનુભવ પોતે જાતે જ કરવાનો છે. માટે તમે ટી.વી.માં જોઈ સંતોષ પામીને બેસી ન રહેતા એકવાર જરૂર આ પરમ સુખ જીવન વિકાસ કેન્દ્રમાં આવી જરૂર અનુભવ share કરશો.

**હિરાવંતી જે વોરા – 9819233277**

---

નમો જિણાણં.

મારી જિંદગીનું આ એક અનોખું પ્રતિક્રમણ છે. મેં મારી મમ્મીએ શીખવાડેલ પ્રમાણે કટાસણું, ચરવળો, મુહપત્તી લઈને ઉપાશ્રયમાં જઈને જે ક્રિયા ગુરૂજી કરે એ પ્રમાણે પ્રતિક્રમણ કરવાનું અને બહેનપણીઓ સાથે હોય તો થોડી હસી મજાક કરવાની.

પણ આ નમો જિણાણં પરમ સુખમાં આવીને જ્યારે મેં જોયું કે અહિંયા તો કટાસણું, મુહપત્તી વગર પ્રતિક્રમણ થાય છે તો પહેલા તો મને થોડું અટપટુ લાગ્યું. પણ જ્યારે પ.પૂ. પંકજભાઈએ પ્રતિક્રમણની શરૂઆત કરી તો સામે મને બહુ અલગ જ પ્રતિત થયું. મેં આજ સુધી ફક્ત ક્રિયા ન કરી પણ સાચે એમના પ્રતિક્રમણથી મેં મારા મનને અને મારાથી થયેલાઓના દુ:ખોનું સાચું પશ્ચાતાપ કર્યો. અને મને બહુજ હળવું મહેસૂસ થયું. મને મારા ઉપરના સર્વ બોજ ઉતરી ગયું હોય એવું લાગ્યું. સાચામાં મેં મારી આ ૩૦ વર્ષની ઉમરમાં જે પ્રતિક્રમણ કર્યું એ ફક્ત નામ અને ક્રિયાનું પ્રતિક્રમણ કર્યું. પણ આ પ્રતિક્રમણ મને મારા જિંદગીનું એક અંચબો હોય એવું લાગ્યું.

આ પ્રતિક્રમણથી મને મારા મનની શાંતી થઈ. અને એ દિવસથી હું રોજ દિવસમાં ૧૦ મિનીટ પણ આ પ્રતિક્રમણ કરું છું.

**Meena K. Jain - 9224343968**

---

ત્રણ દિવસ સાંજનું પ્રતિક્રમણ કર્યું તે ખૂબ જ સુંદર અને અનેરો અનુભવ હતો. આટલી સમજણપૂર્વક પ્રતિક્રમણ કોઈ વખત થયું નહોતું. ખાસ કરીને આજકાલના યુવાન વયના દિકરા દિકરીઓ માટે સમજીને કોઈ પણ ક્રિયા કરવી એ ખૂબજ અગત્યનું ગણાય છે. અને એ અનુભવ યાદ પણ રહે છે.

નમો જિણાણં

**Rasika A. Shah - 26149866**

---

Scientific Pratikraman the way Param Sukh Jeevan Vikas Kendra conveys & teached is a very pure and extremely easy way of unlocking the complex world of faith & religion. Mahaveer's way could be so powerful & yet so simple is what we learn while doing pratikraman in the scientific way. Pratikraman & other customs in Jainism which were bound by such striyert dogmas has

શુભેચ્છક :

**ભગવાન કસોટી કરવા માટે પ્રથમ ઝેર આપે પછી અમૃત આપે.**

been explained in such a suble way. Truly a liberating experience.

**Mehal Shah - 9867855109**

---

આવું અર્થસભર સમજીને પર્યુષણ આ વખતે પહેલી વાર ઉજવ્યું. આનંદ–ખુશી પામ્યો. પ્રતિક્રમણ – સાચા અર્થમાં કર્યું. અદૃશ્ય જગતમાં ઉન્નતિ કરવાની પ્રક્રિયા ભાવવવાહી રીતે કરવાનું સમજ્યો અને એ દ્વારા જીવનમાં ૯૫% આત્મોન્નતિ થાય તે સમજ્યો. નિશ્ચય કર્યો કે મારે ભગવાન – અનંત બનવું છે. સીમંધર સ્વામીની અનંત કૃપા પામી મહાવિદેહક્ષેત્રમાં જન્મવાનો નિશ્ચય કર્યો. ભગવાનની કૃપા સતત રહે તે ગોઠવણ કરી. સતત યાદ રાખી ભક્તિયોગ કરી ધ્યેય પામવો છે. આ નિશ્ચય અહીં આવવાથી – સમજવાથી જે શક્ય થયો છે.

**Mahesh R. Shah - 09769939909**

---

I attended for two days.

First day was 26-8-2014.

It was excellent day event to experience. Hardly this type of understanding is given else where. Silently I tried to understand it and how it is with me in life. I am very old in age, eventhen I was very much pleased to understand. But at the same time I felt that young generation must try their level best to understand to Shri Pankajbhai. Today i.e. on 29-8-2014 "Sanvatsari" was explained in very elobarately and it will remain with me through the life.

My "Pranam" to Shri Pankajbhai.

**Harshad M. Lakhani - 9892476344**

---

मैं मेरी बहन के साथ आई थी । उसने टि.व्ही. पर देखा था इसलिए उसके कहने पर आई हुँ । मैंने कभी टि.व्ही. पे नही देखा था ।

यहाँ आकर मुझे पर्युषण का सही अर्थ समझ में आया । सीधी और सरल भाषा, छोटे छोटे वाक्य का महत्व व उनकी असर, उनका फायदा, रोज जिना इतना आसान है यह समझ में आया । क्रिया में नही रहते हुए भी सामायिक, प्रतिक्रमण कैसे करना यह समझ में आया ।

चलते फिरते सामायिक व प्रतिक्रमण करने की कला सिखने को मिली । इस लिए बहोत ही मजा आ रहा है ।

**मंदा मुथा – पूना**

---

## મહાવીર જન્મ મહોત્સવ

નમો જિણાણં.

હું (ભાવના) પહેલી વાર પર્યુષણનાં મહાપર્વ દિવસો અહીં જોયાં. પર્યુષણનાં મહાવીર જન્મ મહોત્સવના અવસરમાં એકદમ અલગ નજરાણું જોવાં, જાણવા ને સમજવા મળ્યું. અને એવું કે હકીકતમાં ઈન્દ્ર–ઈન્દ્રાણી, છપ્પન દિક્કુમારીકાઓ, ત્રિશલામાતા, સિધ્ધાર્થ રાજા આપણા પરીસરમાં સાક્ષાત આવ્યા અને એનો આનંદ, ઉમંગ ચાર ગણો થઈ ગયો. શરીરમાં જે vibration મળ્યાં, બધું જ positive થી ચાલુ અને આગળ ચાલતી રહીશ.

ગુરૂજીનાં શરણમાં કોટિ–કોટિ નમન. આ યુગમાં ગુરૂ મળવા અને બનાવવા બહુ જ મુશ્કેલ છે. પ.પૂ. ગુરૂજી તમે અમને માર્ગ બતાવો અને અમે એ માર્ગ પર ચાલીએ.

**ભાવના નરેન્દ્ર નાગડા – 9323561826**

---

टी.व्ही. पर 1 साल से compulsory सुबह 8.30 बजे और रात में 11.30 बजे अरिहंत चॅनल पर प.पू. पंकजभाई का प्रवचन सुनती थी । और रोज उनके प्रवचन में जाने का सोचती थी । मेरे भाग्य से मेरी 100% इच्छासे उन्होंने भी इस साल 22 से 30 तारीक तक का पर्युषण पर्व में बाहर के लोगों को रहने की सुविधा की थी । मैने तुरंत अपना नाम लिखा दिया । साथ में मेरी बहन को भी लेकर आई ।

मेरी उम्र 53 साल है । मैं जैन हुँ । जनम से समझती हुँ की हम महावीर के परिवार के है । सबसे श्रेष्ठ महावीर भगवान है और वह हमारे भगवान है । लेकिन यहाँ आने के बाद महावीर जयंती तक 5 दिनो में मुझे ऐसा महसूस हुआ कि मै जो महावीर समझती थी वो तो 10% मुझे मालूम नहि थे । और इनका ज्ञान तो कभी भी सुना नही था और बिलकुल पता नही था । आज सचमें मुझे मेरे जैन होने पर, हमारे महावीर भगवान होने पर मुझे इतना कुछ मिला है उसका अहसास हुआ है और बस अव सुरुवात ऐसी है की अब बस पहुँचना है, और पहुँचुंगी ही ।

यह महावीर जन्मदिन इतना शानसे, मानसे और भगवान के रसधारसे ओतप्रोत था की अब जीवन का turn मिल गया और बस मिला ही है ।

**बिनायकीचा विमल – पूना**

---

પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર તરફથી પર્યુષણ અનુભવધારા આઠ વર્ષથી ચાલુ થઈ છે. પરંતુ મારો આ પહેલો જ અનુભવ છે. સાંભળ્યું ત હતું બે વર્ષથી, પરંતુ લાભ લેવાનું અત્યારે જ બન્યુ.

સમ્યક્ પર્યુષણ અનુભવધારાનો પહેલો દિવસ ખૂબ જ સુંદર અને સરસ રહ્યો. સંગીતના સથવારે ભગવાનને બોલાવવા એ અદ્દભૂત પ્રસંગ હતો. બુધ્ધિને બાજુ ઉપર મૂકીને હૃદયની અંદર ભાવ ધરીએ તો જરૂરથી ભગવાન આપણી સમક્ષ આવે છે એ અનુભવથી જાણ્યું.

ભગવાન મહાવીરનો જન્મોત્સવ જે રીતે ગઈકાલે ઉજવ્યો એવો આજ પહેલાં ક્યારે પણ જોયો નહોતો. દહેરાસરમાં ઘણી વખતે મહાવીર જન્મ વખતે ગઈ છું પરંતુ આ રીતે ભાવપૂર્વક ઉજવતાં નથી જોયો. લોકોને એમાં તલ્લીન થતાં જોયા. સિધ્ધાર્થ રાજા, ત્રિશલારાણી, ઈન્દ્ર રાજા એ બધાને જોતા, નાચતાં એવું લાગ્યું કે ખરેખર મહાવીર ભગવાન જનમ્યા છે. એ ખૂબ જ અદ્દભૂત નજારો હતો. જીવનની અંદર પહેલી જ વખત આવું જોયું એથી ખૂબ જ આનંદ થયો.

**Chandan Shah - 9820752090**

---

શુભેચ્છક :

પરમાત્મા કૃતિને જ્યારે જધ્વ આકૃતિને જુએ છે.

નમો જિણાણં.

આજના આ મહાવીર જન્મ વાંચનનો પ્રસંગ મારી જિંદગીમાં ખૂબ જ યાદગાર રહેશે. મારી ૬૩ વર્ષની ઉંમરમાં આજ સુધી આવા અદ્દભૂત પ્રસંગનો મેં ક્યારેય અનુભવ કર્યો નથી. એક વખત તો એવું જ લાગતું હતું કે સ્વયં મહાવીર સ્વામી ભગવાનનો સાક્ષાતકાર થયો છે. આ ઉપરાંત પૂજ્ય ગુરૂજીએ જે સ્નાત્ર પૂજન અને ચૈત્યવંદન અર્થ સહિત વિધીથી સમજાવ્યું અને જે મંત્રો અને શ્લોક વગેરે જે સરળ ભાષામાં સમજાવ્યા છે એ ખરેખર અદ્દભૂત છે અને આપણને ખબર પડે કે આપણા શ્લોક અને મંત્રોમાં કેટલી શક્તિ અને પવિત્રતા છે !

સાથે સાથે પ.પૂ. ગુરૂજીનો મધુર કંઠ અને સંગીતકારોની રમઝટ સાથે ખૂબજ આનંદની અનુભૂતિ થાય છે.

**મંજુલાબેન શાંતિલાલ હરીયા - 09820281615**

---

મહાવીર જન્મ કલ્યાણકમાં આજે ખૂબ જ આનંદ થયો. એમ જ લાગ્યું કે સાક્ષાત પરમાત્મા મહાવીરના જન્મ ઉત્સવમાં આપણે આવી ગયા. આખો પ્રસંગ જ અદ્દભૂત હતો. જન્મ કલ્યાણક પ્રસંગે ભાવ પણ સારા રહ્યા. ભગવાનને જ્યારે મેરૂ શિખર પર અભિષેક કરવા ઈન્દ્ર–ઈન્દ્રાણીઓ લઈ ગયા ત્યારે મારા શરીરના રૂવાઠાં અદ્દભૂત રીતે રોમાચિંત થઈ ગયા હતા.

**સુધા મોદી – 9920198773**

---

My experience for today 'Mahavir Jayanti Mahotsav' was excellent, undescriable, superb & no woards to express.

We reach to the Divine Power.

Till how this type of celebration I have not seen, it's Real.

This type of Mahavir Janam Celebration should not stop. The Bhavdhara of Param Pujya Guruji is infinite. It catches us to stick to such Divine Paryushan. I am feeling very proud to be apart of this family of PARAM SUKH.

**Sonal Dilip Shah - 9619199361**

---

નમો જિણાણં.

મેં મારી જીંદગીમાં આવી મહાવીર જયંતિ જોઈ નથી અને માણી પણ નથી. ચૌદ સ્વપ્ન માતા ત્રિશલાને આવ્યા હતાં પણ તે પોતાના સ્વના અનુભવધારામાં કેવી રીતે ઉતારવા એ આજે સમજાયું. હું તો એવું કહીશ કે એક એવું દ્રશ્ય રોપાયું હતું કે જાણે હું સ્વમાં ઉતરીને મારો પોતાનો નવો જન્મ અનુભવી રહી હતી કે કેમ...શ્ર મારે આ ચૌદ સ્વપ્નને લક્ષમાં રાખી સિધ્ધ શિલા પમાય છે. ભગવાન પોતાના વિમાનમાં આપણને ત્યાં સિધ્ધ શિલા સુધી લઈ જાય તો આપણો ભવ ફળી ગયો અને અરિહંત મળી જાય તો બીજું જોઈએ શું ! દરેકને હું તો કહીશ કે આવો મહાવીર જન્મ મનાવવો જ જોઈએ.

**Mita B. Shah - 9925988886**

---

આવો પર્યુષણ પર્વ ક્યારે પણ ઉજવ્યો નથી. આવા અનુભવથી હૃદય ગદ્દગદ્દ થઈ ગયું અને મહાવીર જન્મનું ઉત્સવ કંઈક અનેરો હતો. આ પર્વ માણથા મને પોતાને ભાગ્યશાળી અનુભવું છું અને મને પ્રેરણા મળી કે હું ભગવાનને ઘરે પધરાવું. એનો મને અનેરો ઉમેળકો છે.

નમો જિણાણં.

**જયા સી. નાગડા – 9930441226**

---

નમો જિણાણં.

અનાદિકાળથી આપણે આ સંચારમાં ચોર્યાસી (84) લાખનાં ફેરામાં ફરતાં જ રહ્યા છીએ. અનેક વખત ''પ્રભુ મહાવીરનો જન્મકલ્યાણક'' અનેક વખતે જુદી જુદી રીતે ઉજવેલ છે પરંતુ આજે યોગાનુયોગ ''ભાદરવા સુદ એકમની તીથી'' પ્રમાણે મારો પણ જન્મદિવસ છે. આ સમયે પંચોત્તેર (75) પૂર્ણ કરી છોત્તેર (76) માં વર્ષમાં પ્રવેશ થશે. ત્યારે પ્રભુ મહાવીરનો જન્મ કલ્યાણક એટલે કે ''બ્રાહ્મણીનાં ગર્ભમાંથી'' ''કુળ અભિમાન''નું બાંધેલું કર્મ પૂરૂણ કરી ''ક્ષત્રિય કુક્ષે'' ''ત્રિશલામાતાનાં ગર્ભમાં પ્રવેશ''નો જે પ્રસંગ આજ દિવસ સુધી પ.પૂ. સાધુ ભગવંત અને આચાર્ય ભગવંતો થકી સાંભળ્યા બાદ પ.પૂ. પંકજભાઈના સાનિધ્યમાં આ ઉત્સવ નહિ પણ જે ''મહોત્સવ'' ઉજવ્યો જે આનંદ–જ્ઞાનની પ્રાપ્તિ શબ્દોમાં કંડારવી મારે માટે અતી મુશ્કેલ લાગી રહી છે. પ.પૂ. ગુરૂદેવે (શ્રી પંકજભાઈ) નામથી બોલાવ્યો. અનજાન વ્યક્તિને ઈન્દ્ર બનાવવા તેમનું નામ લઈ આજ્ઞા કરી અને ખરેખર રાત્રીથી સવારે અહિંયા સુધી આવતાં આવતામાં થયેલ ઈચ્છા મહેચ્છા ગજબની રીતે પૂર્ણ થઈ જે ખરેખર અહિંયાનાં બિરાજમાન પ્રભુ અને ગુરૂ કૃપા વગર આ કંઈજ શક્ય નથી એમ હું હૃદયથી માનું છું.

**Pravin J. Shah - 09869009681, 25343443**

---

It was divine experience.

ત્રિશલામાતાનાં ચૌદ સ્વપ્નો જે ગુરૂજીએ સંભળાવ્યા તે મુજબ જીવનમાં એને ઉતારવાનો નિર્ણય કર્યો અને પ્રભુને પ્રાર્થના કરી કે એ મુજબ જીવવાના માર્ગ પર મને ચલાવો.

રૂઢીગત રીતે ઉજવાતો મહાવીર જન્મ અને આપણે જે ઉજવ્યો તેમાં ખૂબ જ ફરક છે. આમાં દરેકને લહાવો મળે છે. પ્રભુનું પારણું પણ આપણે ઝુલાવી શકીએ છીએ.

આખા પરીસરમાં ઉત્સવ છવાઈ ગયો હતો અને એક જુદો જ માહોલ સર્જાઈ ગયો હતો. ૨૬૦૦ વર્ષ પહેલાં જે ચમત્કારીક ઘટના બની હતી તે જ અમે ફરીવાર બનતી અનુભવી.

**Daksha Shah - 9892017620**

---

## પર્યુષણ અનુભવધારામાં પ.પૂ. ગુરૂદેવના શ્રીમુખેથી વહેતી વૈખરી વાણીની વિવિધ ભાવમુદ્રાઓ

Direct Contact to God....
પ્રભુકૃપા કરાવી રહેલ પ.પૂ. ગુરૂદેવ

ભગવાનના જીવનની ૬ અવસ્થા અરિહંત વંદનાવલી દ્વારા વર્ણવી રહેલ પ.પૂ. ગુરૂદેવ

મંત્રના તરંગો સાથે મનના તરંગોનું દ્રઢ જોડાણ કરાવી રહેલ પ.પૂ. ગુરૂદેવ

જગતનું સ્વરૂપ સમજાવી રહેલ પ.પૂ. ગુરૂદેવ

પરમ લક્ષનો નિર્ધાર કરાવતા પ.પૂ. ગુરૂદેવ

મહાવીર જન્મ બાદ આપણાં જીવનનું ધ્યેય નક્કી કરાવી રહેલ પ.પૂ. ગુરૂદેવ

ચૌદ રાજ-લોક વિશે સમજણ આપી રહેલ પ.પૂ. ગુરૂદેવ

અભેદ યોગ બાદ પ્રભુ સાથે એકતાલ થઈ રહેલ પ.પૂ. ગુરૂદેવ

આરતી, મંગળ દિવો કરાવી રહેલ પ.પૂ. ગુરૂદેવ

## પર્યુષણ અનુભવધારામાં સેવા આપનાર પરમ આનંદ પરિવારના સેવકો

ધ્વનીના vibrations એટલે કે CD, DVDનું Counter સંભાળી રહેલ સેવકો

પર્યુષણ અનુભવધારાને સમગ્ર વિશ્વમાં Web-cast કરી રહેલ સેવકો

પર્યુષણ અનુભવધારાને કેમેરામાં કેદ કરી રહેલ સેવકો

ભાવતા ભોજન પ્રેમથી પીરસતા પ્રભુઓની અનુમોદના

પરમ આનંદ પરિવારના સેવકો

પરમ આનંદ પરિવારના સેવકો

## પર્યુષણ અનુભવધારા 2013 માં સાક્ષાત હાજર શ્રી સીમંધર સ્વામીની મલકાતી વિવિધ રૂપો

# સ્વામી વાત્સલ્ય

કેટલાય વર્ષોથી આપણે દહેરાસરમાં, ઉપાશ્રયમાં પ્રભુની પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે, દિક્ષા મહોત્સવ નિમિત્તે, મહાવીર જન્મકલ્યાણક નિમિત્તે, દહેરાસરની વર્ષગાંઠ નિમિત્તે સ્વામી વાત્સલ્યમાં જઈએ છીએ... પણ આ સ્વામી વાત્સલ્ય એટલે શું ? આ જ ખબર નથી આપણને.

સ્વામી વાત્સલ્ય એટલે ભગવાન કહે છે, ''જેને પણ મળ એને **'નમો જિણાણં'** કહેવું કારણ કે એની અંદર ભગવાન (સ્વામી) વસે છે.

સ્વામી એટલે પરમાત્મા. આપણાં બધાની અંદર સ્વામી વસે છે. અને શ્રી સીમંધર સ્વામી આપણને help કરે છે, આપણા અંદરના સ્વામીને ઓળખવા માટે. આપણી અંદર સ્વામી (ભગવાન) વસે છે તેમ દરેકની અંદર સ્વામી વસે છે ને તેની સાથે વાત્સલ્ય કરવું સહેલું છે કે અઘરું... ? તો વાત્સલ્ય બે રીતે થાય... નમો જિણાણં કહીને અને બીજુ શરીર ક્ષુધા-તૃપ્તિ કરીને.

આ જગતમાં જેટલા લોકો છે એ બધા જ સ્વામી છે ને એ જ જિન પરમાત્મા છે. સર્વની અંદર જિન પરમાત્મા વસે છે ને મારે એમની ભક્તિ કરવી હોય તો કઈ રીતે થાય.... ? વાત્સલ્ય કરીને... !

જ્યાં સ્વામીની પણ ભક્તિ જ થાય છે, અપેક્ષા કંઈ જ નથી હોતી, કંઈ પણ લેવાનું નથી, માત્ર દેવાનું છે એનું નામ ''વાત્સલ્ય''. સ્વામી વાત્સલ્ય એટલે હેતપૂર્વક દેવું.

વાત્સલ્ય કરનાર માટે આપણે સ્વામી છીએ. એની દ્રષ્ટિમાં માત્ર એક જ ભાવ... અહો ! આટલા બધા ભગવાન આવશે... ને આ નિમિત્તે આવો દિવ્ય લાભ મને ક્યારે મળશે.... ! અહો... અહો... એ ભાવથી કરનાર વાત્સલ્ય કરે છે. માટે એનું નામ છે **''સ્વામી વાત્સલ્ય''**.

આ છે વાત્સલ્ય... અહોભાવ... મને તો તમે આવી અદ્દભૂત તક આપી. આજે મને સીમંધર સ્વામી મળી ગયા જે તમારા સૌમાં વસેલા છે.

એટલે જેણે લાભ લીધો એને આટલા બધા સ્વામીનો લાભ મળ્યો.

હવે સમજાણું... સ્વામી વાત્સલ્ય એટલે શું ?

હવે, આવો જ અવસર આપણને મળી રહ્યો છે ઋતુંભરાના દરબારમાં સમ્યક્ પર્યુષણ પર્વ નિમિત્તે દરરોજ ત્યાં આવેલ દરેક સ્વામીને વાત્સલ્ય કરવાનો.

એવા ઉચ્ચ કોટીના જીવોનો જે તીર્થંકર પરમાત્માનો જીવ પણ હોઈ શકે... ! આવા સ્વામીઓને અહોભાવથી... આનંદપૂર્વક વાત્સલ્ય કરવાનો દિવ્ય અવસર નવ-નવ દિવસ મળવાનો છે.

મનુષ્યના જીવનમાં જીવદયા, વૈયાવચ્ચ, પ્રભાતયાત્રા, ચૈત્ય પરિપાટી, તપસ્વીઓનો વરઘોડો, જિન પ્રતિષ્ઠા... જેવા અગિયાર કર્તવ્યોમાંનુ એક કર્તવ્ય છે ''સ્વામી વાત્સલ્ય''. જે જીવનમાં એક વાર તો અવશ્ય જ કરાવવું જોઈએ. ને ત્યારે અહોભાવથી સ્વામી ભક્તિ કરતાં કરતાં જાણતા અજાણતા અવશ્ય એનું તથા એના પરિવારનું મંગલ નિશ્ચિત જ છે... !

**"અપૂર્વ અવસર એવો ક્યારે આવશે...**
**ક્યારે કરશું સ્વામી ભક્તિ રે...**
**તીર્થંકર સમ જીવોને શાતા આપશું..."**

**આવા દિવ્ય મંગલ લાભ લેવા માટે Contact કરો :**
**Ph.: 9833133266, 9322235253**

શુભેચ્છક :

એક જ ઠેકાણે પહોંચવાના જુદા જુદા માર્ગ એટલે ધર્મ.

શુભેચ્છક :

સંસારની માયા ન છૂટે ત્યાં સુધી ભક્તિનો રંગ લાગતો નથી.

શુભેચ્છક :

ખાનાર કરતા ખવડાવનારને વધુ આનંદ મળે છે.

## સંવત્સરીનું સ્વરૂપ - ૨

**ઓમકાર બિંદુ સંયુક્તમ**

જે જન ઓકારનો આધાર લે છે અને પોતાની નયનોની મધ્યબિંદુ વચ્ચે, એ સ્થાનમાં ઓમકારને જે નિત્યરૂપે ધારણ કરે છે એની જે કોઈપણ કામના છે અને મુક્તિની ઈચ્છા છે એ સર્વ સફળ થાય છે.

**ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ ગુરૂ દેવો મહેશ્વરા...**

ગુરૂ બ્રહ્મ છે, ગુરૂ સર્જનહાર છે, ગુરૂ વિષ્ણુ છે, ગુરૂ સંરક્ષણહાર છે, ગુરૂ મહેશ્વર છે, ગુરૂ જીવનમાં જે પણ દુ:ખકારક અશુભકારક થાય છે એનો નાશ કરવાને સમર્થ છે.

સદ્‌ગુરૂ એ પરબ્રહ્મ છે. બ્રહ્મનું સ્વરૂપ છે, ultimate છે, જ્યાં સૌને પહોંચવાનું છે સદ્‌ગુરૂ એનું સ્વરૂપ છે, સાક્ષાત સ્વરૂપ છે, સાકાર સ્વરૂપ છે, દેખાય એવું સ્વરૂપ છે. એવા સદ્‌ગુરૂને હું વંદન કરૂં છું. એ સદ્દગુરૂનું હું શરણ ગ્રહણ કરૂં છું...(૩)

**દર્શનમ દેવ દેવસ્યમ્....**

જે દેવોના દેવ છે એવા અરિહંત પરમાત્મા, જે જીવ પોતાના હૃદયના અંત:કરણથી આપના દર્શન કરે છે એના સર્વ પ્રતિકુળ અધ્યવસાય નાશ પામે છે. આ પ્રતિકુળ અધ્યવસાયને પાપ કહીયે છે જે નાશ પામે છે.

**હે દેવાધિદેવ,**

જે આપનું ભાવપૂર્વક, અંત:કરણ પૂર્વક દર્શન કરે છે એને અવશ્ય સ્વતંત્રતા મળે છે. પરાધિનતામાંથી મુક્ત થઈને સ્વતંત્ર થાય છે. અને આનંદનો અનુભવ કરે છે. જે આપનું હરક્ષણની અંદર ધ્યાન કરે છે આપનું શરણ ગ્રહણ કરે છે એને મુક્તિપદ હથેળીમાં આવી જાય છે. બાહ્ય રીતે વ્યવહારની રીતે સર્વ અનુકુળ થઈ જાય છે. જીવન સ્વર્ગ જેવું બની જાય છે, સ્વર્ગ સમુ બની જાય છે, અનુકુળતાવાળુ બની જાય છે.

**હે દેવાધિદેવ,**

એવો આપનો પ્રભાવ છે. એ પ્રભાવનું સ્મરણ કરીને વિનંતી કરૂં છું કે આવો પ્રભાવ મારી અંદર પ્રગટે. આપના પ્રત્યે એવા અંત:કરણના ભાવ પ્રગટ થઈ અને સદ્‌ગુરૂએ જે પરિણામ બતાવ્યું છે એવું પરિણામ મારી અંદર પ્રગટ થાય.

**જિને ભક્તિ... જિને ભક્તિ... જિને ભક્તિ જિને જિને...**

ભક્તિ એટલે શરણ ગ્રહણ કરવું. જિનનું શરણ ગ્રહણ કરવું, ભગવાનનું શરણ ગ્રહણ કરવું જે સમસ્ત દુ:ખથી પર છે એવા જિનનું શરણ ગ્રહણ કરવું. જેણૈ આખા જગતના સર્વ તત્ત્વને જીતી લીધા છે એનું શરણ ગ્રહણ કરવું.

જે જન આપની ભક્તિની અંદર જોડાઈ જાય છે અને નિત્ય રૂપે આ રીતે ગ્રહણ કરે છે.

**સદામેસ્તુ – સદામેસ્તુ... ભવે ભવે...**

આવી ભક્તિ મારી અંદર સદા સદા માટે રહે, ભવો ભવ સુધી રહે અને આપ સુધી આ જ bridge થી, આ જ દોરાથી, આ જ connection થી પહોંચું, આપ સમ બનું (૨)

જે ભાવથી નિત્ય પ્રભુના શરણે જાય છે, ભાવથી જગતને નિ:સ્વાર્થ પણે આપવાની ભાવના રાખે છે, જે અરિહંત પરમાત્મા સાથે જોડાણ કરવાની ભાવના રાખે છે, જગત આખાની અંદર સર્વ જીવમાં ભગવદ્ સ્વરૂપ ભાવથી જુએ છે, જે હર વ્યક્તિને ભગવાન સ્વરૂપે જુએ છે એનું જ નામ ભાવના છે. જે આવી ભાવના કરે છે એને કેવળપદ બહુ આસાનીથી પ્રાપ્ત થાય છે.

હર જીવની અંદર તું ભગવાન સ્વરૂપને પૂજ, જ્યારે તને એ જીવની અંદર ભગવાન દેખાશે ત્યારે તને તારો ભગવાન જડશે નહીં તો નહીં જડે. ગમે તેટલા તીર્થો ફરીશ તો પણ ભગવાન નહીં જડે.

જે જીવ સર્વ જીવની અંદર ભગવદ્ સ્વરૂપ જોવે છે અને એ રીતે વર્તના કરે છે એના માટે રાજા અને રંક જેવું રહેતું નથી, ઉંચનીચ ભાવ કોઈ રહેતો નથી અને જ્યારે આ ભાવ ગાયબ થઈ જાય છે ત્યારે અંતરની મૈત્રી ઉભી થાય છે અને જે પણ દોષ હોય છે એ આપોઆપ વિલિન થઈ જાય છે, જે ત્રાસ હતા, દુ:ખની સંતાપના હતી તે ગાયબ થઈ જાય છે.

રાજા કુમારપાળ પાસે કાંઈ ન હતું, ભગવાનની ભક્તિ કરવાની ઈચ્છા થઈ. ખીસ્સામાં માત્ર પાંચ પૈસા હતા. એને ઉત્કૃષ્ટ ઈચ્છા થઈ કે હું ભગવાનની ભક્તિ કરૂં, પૂજન કરૂં. પાંચ પૈસાના ફુલ લઈ લે છે, આગળ વિચાર કરતા નથી કે હવે હું શું કરીશ. આવી ઓતપ્રોત ભક્તિમાં પોતાનું સર્વસ્વ ભગવાનને સમર્પણ કરી દે છે. જ્યારે અરિહંત પરમાત્માને, દેવાધિદેવને અંતરના ભાવથી, હૃદયથી સર્વસ્વ સમર્પણ કરી દે છે એના માટે આખું જગત સામ્રાજ્ય બની જાય છે. રાજા બની જાય છે. અરિહંત પરમાત્મા, દેવાધિદેવને આ રીતે સમર્પણ કરવાથી આપણું જીવન એક આનંદનું નંદનવન બની જાય છે.

**હે દુ:ખ ભજન ભવિકરંજન શિવ્વનિરંજન નમુ તને...**

**હે અરિહંત પરમાત્મા,**

આજે સંવત્સરીનો દિવસ છે. વર્ષમાં એકજવાર આપની ભેટ થાય છે, આવુંતો મારૂં જીવન છે. સંવત્સરીનું પ્રયોજન આપે બતાવ્યું છે એ નિમિત્તે આપણે મળીએ છે. જો એ ન હોય તો આપણે કદાચ મળ્યા જ ન હોત.

**હે અરિહંત પરમાત્મા,**

આપના જ્ઞાનમાં જોયું હશે કે આવી મારી દશા છે. આ દશામાંથી બહાર કાઢવા માટે આપે અમારા જેવા માટે સંવત્સરીનું આયોજન બનાવ્યું છે, જેથી કરીને કમ સે કમ લોક વ્યવહારે આ એક દિવસે આપની હાજરીમાં આવું. આખું લોક તારી તરફ ધસી ધસીને આવતું હોય એ નિમિત્તે મને પણ મન થાય

શુભેચ્છક :

**જીવ ભોજન માટે નિયમ રાખે છે પરંતુ ભજન માટે રાખતો નથી.**

અને હું પણ તારી પાસે આવું અને ખરેખર એજ રીતે હું આવ્યો છું. મને તારી કોઈ ઓળખાણ નથી, તારા માર્ગને પણ ઓળખતો નથી, તારા સદ્ગુરૂને પણ ઓળખતો નથી, કોઈને ઓળખતો નથી, લોક વ્યવહારમાંથી અંદર આ જે ગોઠવણ છે એ ગોઠવણને લીધે તારી અને મારી મુલાકાત થઈ છે.

**હે પ્રભુ,**

એક દિવ્ય અનુભવ થઈ રહ્યો છે. કાંઈ જાણતો નથી પણ તારી હાજરીનો અનુભવ દિવ્ય છે. હું મારા જીવનમાં રચપચ અને મનુષ્યમાંથી ઘેરાયેલો છું ત્યારે એવો કોઈ અનુભવ નથી થયો જે અનુભવ તારી હાજરીમાં થયો છે. આ હું હૃદયના ભાવથી કહું છું, જે મારા હૃદયનો સ્પર્શ છે એ હું વ્યક્ત કરૂં છું. આ લોકવ્યવહારે કરીને કોઈ વાત નથી. નિર્લેપ શાંતિનો અનુભવ થઈ રહ્યો છે.

**હે અરિહંત પરમાત્મા,**

આખી દુનિયા હું ફરી ચૂક્યો છું, પણ આવી નિર્લેપ શાંતિ મને ક્યાંય મળી નથી. કદાચ આજ સંવત્સરીનો પ્રભાવ છે. આજે આ ભવ્ય દિવસ મારા જીવનમાં ઉગ્યો છે જેને મારા જીવનમાં ઉજવવો છે.

**હે પ્રભુ,**

તારા ભાવનો, તારા અસ્તિત્વનો, તારી હાજરીનો દિવ્ય સ્પર્શ મને થયો છે. એ દિવ્ય અનુભવ જીવનની અંદર મને આગળ વધારવો છે એવી મારી ઈચ્છા છે, મહેચ્છા છે, અભ્યર્થના છે, પ્રાર્થના છે, વિનંતી છે. આવો સ્પર્શ, આવો અનુભવ, આવી અપેક્ષા રહિતની નિર્લેપ શાંતિ મને આખા જીવનમાં મળી રહે એના માટે કરગરૂં છું. એજ હું તારી પાસે માંગુ છું. આજ શાંતિ હું ગામે ગામે, ચૌટે ચૌટે, તીર્થે તીર્થે, પગથિયે પગથિયે ગોતતો હતો. ગ્રંથે ગ્રંથે, આગમે આગમે ગોતીને થાકી ગયો પણ આવી સ્પર્શના નથી થઈ.

**હે દેવાધિદેવ,**

બસ તમારી સાથેનો મારો આવો સ્પર્શ, આવો પ્રભાવ, આવું મિલન અજોડ રહે. મારૂં આ અંતરનું મિલન છે. આજનું આ connection કાયમ માટે ટકી જાવ એવી મારા અંદર સદબુધ્ધિ, સદવિવેક અને સદશક્તિ આપો. એવું સામર્થ્ય મારી અંદર પ્રગટ કરો કે હું જ્યારે ચાહું ત્યારે, ગમે ત્યાં ગમે તે અવસ્થામાં આપને પોકાર કરૂં, આપ મને આવીને આ રીતે નિર્લેપ અપેક્ષા રહિતની શાંતિ ઉપજાવજો. આજના દિવસનો એજ અમૂલ્ય વંદન આપને છે અને એ જ અર્થે આપની યાચના અને પ્રાર્થના કરૂં છું. મારા હૃદયના પુષ્પ તમારા ચરણે ધરૂં છું એનો સ્વીકાર કરો...(૩)

**નમો જિણાણં.**

શબ્દથી જે નથી મળી શકતું એ શબ્દ વગર મળી શકે છે. આ પહેલો નિયમ ભગવાને આપ્યો છે. શબ્દમાં ગોતતા નહીં શબ્દમાં કાંઈ દમ નથી શબ્દથી નીચે જે છે એને પકડવાની કોશિશ કરશો. સંવત્સરી એ શબ્દહીન જોડાણનો અવસર છે. શબ્દ વગરનો જોડાણ એનું નામ સંવત્સરી.

શબ્દો તો દુનિયામાં બહુ વાપર્યા અને શબ્દ થકી જ જગતના ઝઘડા ઉભા થાય છે, પણ જ્યારે શબ્દની અંદર ઉતરી વ્યવહાર કરીએ તો એક દિવ્ય અનુભવ થાય છે, અને આજ અનુભવ કરવા માટેનો દિવસ છે સંવત્સરી. ભગવાન આવો દિવસ વરસમાં એકજ વાર આપે છે અને એ વારે વારે આવતો નથી.

વર્ષમાં એકવાર મળતા હોય એને મહેમાન કહીયે, રોજ મળે એને સગા સબંધી કહીયે આ આપણો વ્યવહાર છે અને આજ વ્યવહારમાં આપણે ખોવાઈ ગયા છીયે. સંવત્સરી કહે છે તું મહેમાન બન, સંબંધ બાંધ, અને પોતાની સાથે દોસ્તી કર, નીજને તું મળ. આ નીજને મળવાનો દિવસ છે. પોતાને પોતા દ્વારા મળવાનો દિવસ છે. આવું આપણે કોઈ દિવસ કર્યું જ નથી. સુખ અને શાંતી માટે આખા જગતમાં ફાંફા મારીએ છે. જગતની અંદર રહેલી વ્યક્તિ-વસ્તુ–પરિસ્થિતિમાં સુખ શાંતી ગોતવી એ આપણો સતતનો વ્યવહાર છે. સંવત્સરીની ખાસિયત એ છે કે એજ વ્યવહારથી તું મહેમાન બનીને આવ, દિવ્ય તત્વની સાથે સંબંધ બાંધ અને એ તત્વના જોડાણના આધારે આલંબનના આધારે તું તારી જાતને જો, તારા પોતાને જો કે તારૂં જીવન શું છે, શા માટે છે, તારૂં અસ્તિત્વ શા માટે છે ?

આખા જીવનના ક્રમની અંદર સવારથી સાંજ સુધી અને સાંજે પથારીમાં પડયા બાદ માત્ર સ્પર્ધા અને સ્પર્ધા છે. બીજા કરતાં કેમ હું આગળ રહું એની જ સ્પર્ધા. હું શા માટે છું એની ખબર નથી એટલે જ આ સ્પર્ધા છે. સ્પર્ધા એ અયોગ્ય વસ્તુ નથી પણ સ્પર્ધામાં અવવિક એ અયોગ્ય છે. સ્પર્ધાનો ઉપયોગ કઈ રીતે કરવો એનું ભાન નથી એ અયોગ્ય છે જે આપણને જીવનમાં હેરાન કરે છે.

હું શા માટે છું ? મારૂં અસ્તિત્વ શા માટે છે ? નીજનું નીજ સાથેનું જોડાણ. What is purpose of my life? આવું કોઈ દિવસ વિચાર્યું જ નથી અને આવો વિચાર આવ્યો હોય તો જવાબ આવતો નથી, કારણકે જવાબ વ્યક્તિ–વસ્તુ–પરિસ્થિતિમાં શોધાય છે. જવાબ પોતાને જોઈએ છે અને શોધે છે બહાર જ્યાં જવાબ હાજર છે જ નહીં તો મેળ મળે ક્યાંથી ?

આ સવાલ આપણે પોતાને કરવાનો છે.

જે દિવસે આ સવાલ પોતાને કરશું એ દિવસે નીજ નું નીજ સાથે connection થશે. આ પોતાને મળવા માટેનો dial નંબર છે. જ્યારે આવો પ્રશ્ન પોતાની જાતને પૂછશું તો જવાબ અંદર હાજર મળશે. આવો પ્રશ્ન કોઈ દિવસે પૂછયો નથી તો જવાબ ક્યાંથી મળે ?

આપણા અસ્તિત્વનું જે લક્ષણ છે એનું નામ ઉપયોગ. આ ઉપયોગ એટલે જાગવું. જે વ્યવહાર બહાર દુનિયામાં કરીએ છે ત્યારે સુતા સુતા ભ્રમની અંદર illusion માં વ્યવહાર થાય છે. આ વ્યવહારને ભ્રમ કહ્યો કારણ કે હેતુની, લક્ષની સ્પષ્ટતા નથી.

What is purpose of my life? If there is no purpose, there is no purpose of existance. So we have to sicentifically review our ownself and come near our ownself. This is our basic lucana of our living.

આપણે આપણી જાતને મળતા નથી બાકી બધાને મળીએ. આ બધાને મળીએ પણ શરીર રૂપી સાધન દ્વારા એટલે આ શરીરને જે નામ મળ્યું છે, label મળ્યું છે. એના માટે આખો વ્યવહાર કરીએ છીએ. આ નામને બધું સારૂ લાગે, આ નામને સારૂ સારૂ કહે એજ દોડાદોડીમાં આખું જીવન નીકળી જાય છે. આ બધું પોતાના માટે નહીં ફક્ત નામ માટે થાય છે. There is difference between પોતાના માટે અને નામ માટે. નામ એ પોતાપણું નથી.

આ જાગવું જોઈએ, કારણ કે નામ પોતે હોય તો એ પોતાપણું જ આપણને જોઈએ છે. સ્મશાનની પહેલા, જે કંઈક પોતાપણું અંદરથી નીકળી જાય છે તો બાકી રહે છે એને dead body લાશ કહીયે. ત્યારે નામ, નામ રહેતું નથી, નામનો પ્રયોગ થતો નથી. આ લાશને ઉઘાડો બોલાય છે. આનો અર્થ થયો કે પોતે જ છે અને નામરૂપ જે છે એ અલગ છે. અસ્તિત્વ પોતાનું છે નામરૂપનું નથી. સંવત્સરીના આજના દિવસે પોતાએ પોતાની સાથે વાત કરવાની છે.

આખા પ્રવાસમાં પોતાનો જે પ્રવાસ છે એની અંદર આ નામરૂપ is only a station. Basically fundamentaly આ અહેસાસ જ નથી કે that is just a station ભગવાન અને આપણા વચ્ચે ફરક આટલો જ છે.

ભગવાન ભગવાન કેમ છે ?

ભગવાનની જે મૂર્તિ દેખાય છે એનું શરીર અને આ નામરૂપના શરીરમાં કોઈ ફરક નથીતો એમને શું કામ ભગવાન કહીએ અને આપણે શું કામ ભગવાન નથી. કારણ કે એમણે પોતાની સાથે connection કર્યું એટલે એ ભગવાન બન્યા અને આપણે આ station સાથે dealing કર્યું. આ station ઉપર આવ્યા એટલે ખાઓ પીવો મોજ કરો. ભલે આ કરો, પણ પોતાની સાથે કરો, પોતાને સાથે લઈને કરો.

ભગવાન પોતાના જીવનમાં બધુંજ કરી ચૂક્યા હતાં જ એમની પાસે સાધન સંપત્તિ હતી એમની સામે આપણી પાસે કાંઈ છે જ નહીં છતાં એ ભગવાન બન્યા અને આપણે નથી બનતાં.

શું કામ ?

હું કોણ છું એનો વિચાર નથી કર્યો, હું શા માટે છું એનો વિચાર જ નથી કરતાં, મારૂં અસ્તિત્વ શા માટે છે ?

મૂળમાં પ્રશ્ન પૂછવાનો છે. પોતાને પોતાની સાથે મળવા માટે કે હું શા માટે છું, મારા અસ્તિત્વનો ધ્યેય શું છે. આ સ્વયં ને contact કરવા માટેનો dialing નંબર છે.

આ પ્રશ્ન છે શું હું નામ રૂપ છું કે આ નામરૂપની અંદર કોઈ છે એ હું છું ? હર ક્ષણે હું શું શોધું છું ?

ખુશી... શાંતિ....

ઈચ્છા રાખુ છું પણ ખુશી કે શાંતિ મળતી નથી એટલે વળી બીજી ઘટનામાં એજ શોધ and this we are searching in every individual. Data ભરેલી ખુશી, ready made data ની અંદર ગોતીએ છે. Expected ખુશી from expected person આજ રીતે જગતમાં ખુશી ગોતીએ. આ ખુશીની સાથે નાખુશી free માં આવે છે. ખુશીની પાછળ જ ઉભી હોય છે અને Twin sister નાખુશી. આખું જીવન આ ખુશીને પરણવામાં જાય છે અને સાથે લાવે છે નાખુશી.

''આ ખુશી અને નાખુશી ને ઓળખવાનો દિવસ એટલે સંવત્સરી'' નીજની અંદર જ ખુશી છે એમાં ગોત, કારણ કે જે ખુશી બહાર ગોતે છે એ આપવાની કોઈની તાકાત નથી. And this is fact. જ્યાં સુધી સ્વયં નક્કી નહીં કરે કે ખુશી થઈ ત્યાં સુધી ખુશ રહેવાય નહીં. ખુશીન ખુશીમાં નાખુશી જોઈજ નથી શકતા દેખાતી જ નથી, અને જ્યારે દેખાય છે ત્યારે સમજાતું નથી કે એનું solution શું ?

સંવત્સરી permanent ખુશીની યાદ દેવડાવે છે. તું નામરૂપ નથી, નામરૂપની અંદર કંઈક છે એ તું પોતે છે. જો આ નામરૂપ નથી તો બીજાની અંદર પણ નામરૂપ ગોતીને મતલબ નથી, અને જે નામરૂપમાં બહારથી દેખાય છે એ પણ થોડો સમય ખુશી આપશે, કારણ કે એની capacity થોડા સમયની જ છે. જેમ mobile ની battery એની capacity પ્રમાણૈ થોડા સમય માટે કામ આપે ત્યાર બાદ discharge થઈ જાય અને ફરી એને recharge કરવી પડે. એમ કોઈ પણ વ્યક્તિ–વસ્તુ–પરિસ્થિતિ discharge થઈ જાય એટલે ખુશી આપી ન શકે એટલે આપણી અંદર નારાજગી ઉભી થાય. Expectation હતું અને એમાંથી નારાજગી ઉભી થાય એટલે આપણી નાખુશીની યાત્રા શરૂ થઈ જાય. સંવત્સરી એટલે ભગવાનના શબ્દો સાંભળીને અમલ કરવાનો દિવસ.

ભગવાનનું એકજ કામ છે સાફ કરવાનું. સંવત્સરી એટલે ભગવાનના bathroom માં આવવું. ભગવદ્ તત્વ એવું છે જે આપણી દ્રષ્ટિની શુધ્ધિ લાવવાનો ઉપકાર કરે, આપણી અંદર સફાઈ કરે.

જગતને જે રીતનું જુએ છે, દ્રષ્ટિ જગત તરફ જે રીતની છે, એજ દ્રષ્ટિની અંદર હોય છે. Temporary ખુશીની પાછળ પાગલ થઈ જવું એ દોષ છે. આપણે કાયમની ખુશી ગોતીએ વળી એ શોધીએ બીજામાં, એ આપણી ભૂલ છે આજ દોષ છે. આ દોષ આપણે દ્રષ્ટિમાં છે આપણા ચશ્મામાં છે. જેવા ચશ્મા હટાવી નાખશું એટલે નિર્દોષ દેખાશે.

ભગવાન કહે છે તું નિર્દોષ છે. જગત પણ નિર્દોષ છે દોષ માત્ર દ્રષ્ટિમાંથી ઉભો થાય છે. આ દોષ દ્રષ્ટિ માન્યતામાંથી belief system માંથી

આવે છે.

ભગવાન પાસે જઈએ એટલે ભગવાન પૂછે શા માટે આવ્યો ? જો તને નથી સમજાતું તો હવે હું તને કહું છું તારા વજુદ, તારા અસ્તિત્વ, તારા existance નો એકજ ધ્યેય છે ''તારે હેરાન નથી થવું.''

ભગવાન કહે છે કે તું મારૂં પણ નહીં સાંભળ, હું જે કહું છું એ as it is સ્વીકારી નહીં લે. એનો as it is અનુભવ સ્વિકારી લે છે તો માન્યતા થઈ જશે. જ્યાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી ઉતર્યું નથી.

જીવનમાં કોઈપણ વસ્તુની માન્યતામાં ફસાવું નહીં. આ માન્યતા એજ દોષ છે. જેને જોઈએ એ છે પોતે permananet છે. એને જોઈએ permananet શાંતિ અને શોધે જે permanent નથી તો કાયમની શાંતિ ક્યાંથી મળે. આજ ભૂલ છે આજ દોષ છે.

આને મેળવવા માટે યાદ રાખવું મારે નથી થવું હેરાન. હરક્ષણે હેરાન નથી થવું એનો બહુ મોટો ધ્યેય છે, માટે હેરાન ન થવાના નાના નાના step બનાવ. જેને મળે એ વખતે યાદ રાખવું કે હેરાન ન થાઉં.

નમો જિણાણં બોલીએ ત્યારે હકીકતમાં બે કામ થાય છે 'નમો' એટલે નમસ્કાર કરૂં છું અને 'જિણાણં' એટલે તમે ભગવાન છો. એ હું સ્વીકારૂ છું. અને તમારી અંદર રહેલા ભગવાન સ્વરૂપને હું નમસ્કાર કરૂ છું. આનો ભાવ અંદર કરી પછી ભગવાનનો મંત્ર યાદ કરવાનો મારે નથી થવું હેરાન. આના પછી જે પણ વ્યવહાર કરવાનો હોય તે કરવો.

આ રીતે 'નમો જિણાણં'નો વ્યવહાર કરવાથી બે વ્યક્તિ વચ્ચેની frequency tuning શરૂ થાય. નમો જિણાણં શબ્દ જ એવો છે કે ગુણ જ દેખાય, અને પછી હેરાન નથી થવું એમ બોલીએ એટલે જે પણ થોડો ઘણો difference હોય એ પણ સાફ થઈ જાય. આ method no. 1 છે.

ગુણ અને અવગુણના expression થાય છે. એમાં જો અવગુણ ઉપર focus કરશું તો દુ:ખી થશું અને એજ વ્યક્તિના ગુણ ઉપર focus કરશું તો આપણા relationship enjoyable થશે. Present માં જે ગુણ દેખાય છે એને enjoy કરવાના છે. જેવા past માં જશું એટલે તરત દુ:ખ ઉભું થાય. ગુણને વધારે preference આપવા અને અવગુણન preference આપવો નહીં.

જે ગુણ દ્વારા આપણું attraction છે અને જે અવગુણ દ્વારા આપણું repulsion છે, એ બન્નેથી મુક્ત થવાનું, એની સામે જોવાનું મને તમારા ગુણ કે અવગુણ irrespective of fact મને તમારી સાથે મૈત્રી છે, friendship છે, તમારા ગુણ કે અવગુણ મારા માટે નકામા છે. આપણું અત્યારનું present બન્નેએ enjoy કરવું છે. આપણે એકબીજાની હાજરીનો આનંદ લઈ રહ્યા છે એ ભાવ કરી એકબીજા સાથે વ્યવહાર કરો.

આપણા relationship માં જ જતના નથી હોતી, care નથી હોતી આવી care ઉભી કરવા, સમતા ઉભી કરવા ભગવને આપણને ૬ process બતાવ્યા.

**સબંધોમાં જતના (care)**

સંવત્સરી કે પર્યુષણ દરમ્યાન આ ૬ વસ્તુ આપણી અંદર વણાઈ જવી જોઈએ. આ દિવસોમાં પહેલું કામ કરવાનું છે કે મારા જે પણ સબંધો છે એમાં મારા ઉત્કર્ષ માટે મારે નક્કી કરવાનું છે ''મારે નથી થવું હેરાન'' અને આજ રીતે દુનિયા સાથે વર્તના કરીશ, એજ રીતે વ્યવહાર કરીશ. આ નક્કી કરવું એનું નામ સામાયિક એજ સમતા અને એજ કાયમી શાંતિ છે.

પ્રિય લાગવું અને અપ્રિય લાગવું એ દ્રષ્ટિનો દોષ છે. ગુણ કે અવગુણ ગમે તે હોય આપણો વ્યવહાર અપેક્ષાના આધાર ઉપર ન હોય એનું નામ સામાયિક. આ ભાવની અંદર સ્થિર થવું એટલે કટાસણું. અને એ રીતે વગર દોષે જગત ઉપર દ્રષ્ટિ રાખવી એનું નામ મોહપતી. ગુચ્છો કે ચરવડો એટલે સફાઈ, જેના કારણે દોષ ઉભો થાય છે એને શુધ્ધ કરવું.

દ્રષ્ટિ અંત:કરણમાંથી આવે છે, ચિત્તમાંથી આવે છે. એ ચિત્તમાં રહેલા પૂર્વકર્મના આધારે આપણે ભેગા થયા. ભેગા થયા પછી વ્યક્તિ ગમે અથવા ન ગમે અહીંજ ચિત્તની શુધ્ધિ કરવાની છે. 'મારે નથી થવું હેરાન' એ રીતે સામેવાળી વ્યક્તિને જોઈશ. એનું નામ ચરવડાનો ઉપયોગ કરવો.

જ્યારે જ્યારે આપણે અતિશયોક્તિમાં આવી જઈ extreme ભાવમાં હોઈએ ત્યારે તરત મારે નથી થવું હેરાન યાદ કરી અને એ ભાવમાંથી બહાર નીકળી જવું. એ લાગણીઓને બહાર કાઢી ફેંકી દેવી સાફ કરી નાખવી. આ લાગણીઓને બહાર ફેંકી દેવી, સાફ કરી નાખવી. આ લાગણીઓને બહાર ફેંકી દઈશું એટલે સંબંધ મુક્ત થઈ જશે. આજ સામાયિક છે.

દેરાસર અને ઉપાશ્રયમાં ભગવાનની જે સ્તુતિ કરીએ, સ્તવનો ગાઈએ. એવા ગુણ આપણી અંદર પ્રગટ થાય એના માટે છે. એવા ગુણ પ્રગટ થાય એટલે આપણને એવાજ ગુણ દેખાય. મગજમાં store કર્યું હોય, અંત:કરણમાં જેવું store કર્યું હોય એવું જ દેખાય અને એવું જ જોવા માંગતા હોઈએ. પ્રતિક્રમણ એટલે store કરેલું કાઢીને ફેંકી દેવું. આ ભૂલમાંથી બહાર નીકળવું.

સંવત્સરી દિવસ આ રીતે ભગવાન બનવાનો દિવસ છે. ભગવાન કેમ બનાય એવું શીખી ત્યાં ને ત્યાં અમલ કરવાનો દિવસ છે. Just now and here એજ ભગવાનનો માર્ગ છે, એજ સંવત્સરીનું સ્વરૂપ છે.

સંવત્સરી આજ હેતુ માટે બનાવેલી છે.

**નમો જિણાણં.**

■

શુભેચ્છક :

**જેને ભગવાનનો ડર નથી તેનાથી તમે ડરીને ચાલો.**

# મસાલાના ઔષધીય ઉપયોગ

મસાલા ખોરાકના છયે રસોની પુરવણી કરે છે, આહારનું પાચન કરે છે ને રુચિ વધારે છે. તેથી મસાલાનો આહારમાં યોગ્ય માત્રામાં ઉપયોગ કરવો જ જોઈએ.

## અજમો

અજમો ઘરગથ્થુ ઔષધિ તરીકે પ્રસિદ્ધ છે. ભારતમાં તેનો પ્રાચીન કાળથી ઉપયોગ થતો આવ્યો છે. અજમાના બીમાંથી તેલ નીકળે છે. તેના બીમાં પાંચ ટકા તેલ હોય છે અને તેલને થીજવી ઘન બનાવાય છે. તને 'અજમાના ફૂલ' (Thymol) કહે છે. અજમા કરતાં તેનું તેલ અને ફૂલ વધારે ઉગ્ર હોય છે. 'જેને આવે પીડ તે ફાકે અજમો' એ કહેવત પ્રમાણે અજમો પેટની પીડા મટાડનાર ઔષધ તરીકે અત્યંત જાણીતો છે. પેટમાં થતી ચૂંક-પીડ પર અજમો તથા મીઠાની ફાકી ખાવાનો રિવાજ જૂના સમયથી પ્રચલિત છે. અજમાનાં ફૂલ પાનના મસાલા તરીકે વપરાય છે. અજમાનો અર્ક પણ શરદી, ચૂંક, અજીર્ણ વગેરે મટાડે છે. વાયુ કરનારાં કઠોળ, શાક વગેરે રાંધવામાં આવે છે ત્યારે તેમાં મોટે ભાગે અજમો જ નાખવામાં આવે છે, કારણ કે તેનાથી વાયુ થતો નથી.

અજમો પાચન કરનાર, રુચિ ઉત્પન્ન કરનાર, ગરમ, તીખો, હલકો, અગ્નિને પ્રદીપ્ત કરનાર છે. એ કફ, પેટનો આફરો, ગોળો, બરોળ અને કૃમિને મટાડનાર છે. કૉલેરામાં પણ તેના લીલાં પાનનો રસ ખૂબ જ ઉપયોગી છે. અજમાના પાનનો બે-ત્રણ તોલા રસ દર બે કલાકે રોગીને પાઈ દેવામાં આવે તો તરત જ રોગ કાબૂમાં આવી જાય છે. લીલાં પાન ન હોય તો સૂકા અજમાને સારી રીતે વાટીને પણ પાણી સાથે પીતા આપી શકાય.

અજમો સડો અટકાવનાર તમામ ઔષધિઓમાં શ્રેષ્ઠ છે. અજમો કોમળ ચામડી કે વ્રણ ફરતી ચારે બાજુની ચામડીને નુકસાન કરતો નથી. તેનાથી માત્ર સડો કે દુર્ગંધ ઓછી થાય છે. તેથી જ અજમાને પાણીમાં ઉકાળી, એ પાણીથી ઘા, વ્રણ, તાડીવ્રણ વગેરે ધોવાય છે. અજમાનાં ફૂલ પણ ઉત્તમ, સડો અટકાવનાર, જંતુનાશક અને દુર્ગંધહર છે. અજમાનાં ફૂલ લેવાથી આંતરડામાં થતી કૃમિની વૃદ્ધિ અટકે છે.

વાયુની અસમાનતાને કારણે પેદા થયેલા કોઈ પણ વિકારમાં અજમાનો ઉપયોગ છૂટથી કરવો જોઈએ. આથી જ અજમાને પ્રવાસમાં સાથે રાખવાની ભલામણ કરવામાં આવે છે. લાંબા પ્રવાસમાં વિવિધ પ્રકારની આબોહવાનો અનુભવ કરવો પડે છે. આથી વાતવિષમતાનો સંભવ રહે છે. આવે સમયે અજમો ચાવી જવાથી ઘણી રાહત રહે છે. વાયુને અંકુશમાં લેવાનો અસરકારક ગુણ અજમામાં છે.

પેટના શૂળ પર અજમાનો પ્રભાવ આપણે જાણથા નથી. તેથી જ તે વખતે નુકસાનકારક દવાઓનો આશ્રય લઈએ છીએ અથવા આપણી જાતને સ્વાર્થી ચિકિત્સકોના હાથમાં સોંપીએ છીએ. પણ યાદ રાખો અને અજમાવી જોજો. ગમે તેવા સખત શૂળમાં અજમો ચાવી જવાથી ફાયદો થાય છે.

માત્ર શૂળ જ નહિ પણ પેટનાં તમામ દર્દોમાં અજમો હિતકારક છે. આનું કારણ અજમામાં રહેલું અગ્નિતત્ત્વ છે. આ તત્ત્વ પેટની દરેક પ્રકારની અસમાનતાને દૂર કરવા સમર્થ છે. આ અગ્નિતત્ત્વ કફના લગભગ તમામ વિકારો અંકુશમાં લાવે છે. દમ, ઉપવાસ, ટાઢિયો તાવ, શરદી, સળેખમ, કફથી છાતી ભરાઈ આવવી વગેરે કફજન્ય દર્દો તેનાથી સાહજિક દૂર થઈ જાય છે. શરદી અને સળેખમને કારણે થતા માથાના દુખાવામાં અજમો શેકીને તેની પોટલી સૂંઘવાથી અથવા અજમાની બીડી પીવાથી રાહત થાય છે. છાતીમાં ભેગા થયેલા કફને બહાર કાઢવા માટે માટીની કૂલડી સખત ગરમ કરીને તેમાં અજમો વાટીને પાણીમાં મેળવીને તે પાછી છમકારવું અને તરત જ કુલડીને ઢાંકી દેવી. આ પાણી થોડું થોડું ગરમ હોય ત્યારે ત્યાં જ પી જવું.

સુવાવડી સ્ત્રીઓ માટે અજમો ઉત્તમ ઔષધિ છે. સુવાવડને કારણે થતી કમરની પીડા અજામાના સેવનથી દૂર થાય છે. ગર્ભાશયની શુદ્ધિ થાય છે. અજમાની પોટલી યોનિમાર્ગમાં રાખવાથી અથવા અજમાની ધુમાડી આપવાથી ગર્ભાશયમાંના જંતુઓનો નાશ થાય છે. તેના સેવનથી પ્રસૂતા સ્ત્રીની પાચનક્રિયા બળવાન બને છે. ધાવણ વધારે પેદા થાય છે.

આર્યભિષેકમાં સ્વામી શ્રીકૃષ્ણનંદજી જણાવે છે કે અજમો ચાવવાથી દારૂડિયો તેના વ્યસનથી મુક્ત બની શકે છે. જેમના દાંત હલવા લાગ્યા હોય તેમણે અજમો, મરી, એલચી અને સૂંઠ સરખે ભાગે લઈને તેનું ચૂર્ણ બનાવીને એક તોલા ચૂર્ણને એક પ્યાલા પાણીમાં નાખી, ઉકાળીને સાધારણ ગરમ પાણીથી કોગળા કરવાથી ધીમે ધીમે ફાયદો થાય છે.

### અજમાના કેટલાક પ્રયોગ :

(૧) ત્વચારોગમાં અજમો ને ગોળ સરખે ભાગે કરીને ચાવી જાઓ. આ પ્રમાણે રોજ સવારમાં નરણે કોઠે અને રાત્રે સૂતી વખતે ચાવવાનું રાખો.

(૨) એક તોલા અજમાને એક કપ પાણીમાં રાત્રે પલાળી રાખો. આ પાણીને ગરમ કરીને પીઓ. આથી કફ છૂટવામાં મદદ કરશે.

(૩) અજમો ૫૦૦ ગ્રામ, મરી ૨૫ ગ્રામ, હળદર ૧૦ ગ્રામ, મીઠું ૧૦ ગ્રામ, સૂંઠ ૨૫ ગ્રામ લો. અજમા સિવાયની બાકીની ચીજોને ખાંડીને મિશ્ર કરો. તેમાં સાધારણ પાણી નાખો અને તે બધું અજમા સાથે ભેળવીને તાપમાં સુકાવા મૂકી દો. બરાબર સુકાઈ ગયા પછી અજમાને શેકી લો. આનો ઉપયોગ અપચન, પેટનો આફરો, અરુચિ, પેટનું શૂળ, શરદી, ટાઢિયો તાવ, બેચેની વગેરેમાં કરો.

(૪) જ્યારે સખત શરદી થઈ હોય ત્યારે લોઢીમાં અજમો નાખી, શેકી તેને સુતરાઉ કપડામાં લઈ પોટલી બનાવી છાતી પર શેક કરો. તરત જ કફ છૂટો પડી જશે. આ જ કારણથી શરદી થયેલ નાના બાળકોના ગળે અજમાની પોટલી બાંધવામાં આવે છે.

(૫) અજમો પાનમાં નાખીને પણ ચાવી શકાય.

(૬) ઊલટી થયા પછી પણ અજમો અવશ્ય ચાવો.

(૭) અજમાની સામાન્ય માત્રા ૫ થી ૧૦ ગ્રામ છે.

(અજમો, જેમ બને તેમ નવો જ લેવો. કેમ કે અજમો જૂનો થતાં તેલ ઉડી જાય છે. અજમાનો મુખ્ય ગુણ તો તેલની અંદર રહેલો છે.)

❐

શુભેચ્છક :

સફેદ વાળ એટલે જીવનને સુધારી લેવાની તક.



**૧. મન, બુધ્ધિ અને શરીર યોગીનું કેવું હોય ?**
**મન કેમાં જોડાયેલું હોય ?**
**શરીર કેમાં જોડાયેલું હોય ?**
**અને પોતાનું અસ્તિત્વ કેમાં જોડાયેલું હોય ?**

જ. અદસમા શ્લોકની અંદર ધ્યાન યોગમાં કૃષ્ણ અર્જુનને કહે છે કે આધ્યાત્મવાદીએ પોતાનું શરીર, મન તથા આત્માને હંમેશા પરમેશ્વરમાં તલ્લીન રાખવા જોઈએ અને એના માટે એકાંત સ્થળે એકલા રહેવું જોઈએ. બહુ સાવધાનીપૂર્વક પોતાના મનને હંમેશા વશમાં રાખવું અને કામનાઓથી તથા સંગ્રહવૃત્તિ રહીત બને એવી પ્રવૃત્તિમાં આવૃત્ત રહેવું જોઈએ. એમ અહીં કૃષ્ણ મહારાજા અર્જુનને સમજાવી રહ્યા છે કે જે પોતાના સ્વતંત્રતાનો વિકાસ કરવા ઈચ્છતા હોય એનું નામ યોગી.

સૌથી પહેલા તો યોગીની પરીભાષા defination વ્યાખ્યા.

યોગી કોને કહેવાય ?

યોગી એને કહેવાય, ''જે લક્ષ જેના નજરમાં, જેની દ્રષ્ટિમાં લક્ષ બહુ clear હોય.'' આપણા બધાની નજરમાં જીવનમાં લક્ષ clear છે ભાઈ ? છે clear ?

શું છે લક્ષ ?

હં... ''મારે નથી થવું હેરાન''. ખાલી એકલું નથી ''મારે નથી થવું હેરાન.'' 'હું ભગવાન બનીશ.

'મારે નથી થવું હેરાન, હું ભગવાન બનશ' આ લક્ષ બસ clear હોવું જોઈએ. ખાલી મારે નથી થવું હેરાન નહીં. હેરાન શા માટે નથી થવું ? કારણકે મારી સ્વતંત્રતા જ્યારે જ્યારે છીનવાય જાય છે ત્યારે હું હેરાન થાઉં છું. મૂળભૂત કે સ્વતંત્ર છું અને મારી સ્વતંત્રતાનો વિકાસ કરવો એજ મારા માનવ જીવનનું લક્ષ છે એ નક્કી કરવું એના પ્રમાણે જે જીવન જીવે એનું નામ 'યોગી'.

હવે આવા યોગી બનવા માટે કોઈ જંગલમાં જવાની જરૂરત છે ?

હં... કે જ્યાં હોય ત્યાં આવું ઉભુ કરી શકાય ?

હેં... આપણા ઘરમાં પણ આપણે સાધુ બની શકીએ કે નહી ? આપણે આવા યોગી બની શકીએ કે નહીં ?

Very simple. એકવાર લક્ષ clear થઈ જાય કે 'મારે નથી થવું હેરાન, હું ભગવાન બનીશ' એટલે શું ? ''એટલે કે મારી સ્વતંત્રતા અત્યારના જેટલી છે એને અનંત બનાવીશ, infinite બનાવીશ. એ નિર્ણય લીધો આપણે. ઈ પ્રમાણે જે જીવન જીવે એનું નામ યોગી.' એવા યોગી માટે અહીંયા કૃષ્ણ મહારાજા કહે છે કે એવા યોગીને શું કરવું જોઈએ ? તો એના શરીરને ઈ યોગમાં લગાડવું જોઈએ.

શરીરને, મનને, ચિત્તને અહીંયા શબ્દ આત્મા વાપર્યો છે. આત્માની જગ્યાએ ચિત્ત. કારણકે આપણું જીવન કોણ ચલાવે છે ? ચિત્ત ચલાવે છે.

General Manager

ચિત્ત તો બરાબર છે આ ત્રણેય કોની સાથે જોડાય ? આ લક્ષ સાથે જોડાય. કયા લક્ષ સાથે ? ''મારે નથી થવું હેરાન, હું ભગવાન બનીશ.'

એટલે ભગવાન બનીશ શા માટે કીધું ?

કે ભગવાન બનીશ નક્કી કર્યું. તો ભગવાન કેવા હોય ભાઈ ? Why ભગવાન બનીશ ? એનું કારણ શું ?

કારણકે જેને આપણે મોક્ષ કહીએ છીએ ને ત્યાં દેહ નથી. ત્યાં દેહ નથી પણ ભગવાન પાસે દેહ છે. ને આપણી પાસે અત્યારના દેહ છે તો આપણે કેવી વાત કરવી જોઈએ ?

દેહવાળી કે દેહ વગરની ? દેહવાળી.

એટલે દેહવાળી વાત કરવી હોય તો શું બોલવું જોઈએ ? ભગવાન કેવા હોય ?

દેહ છતાં સ્વતંત્રત હોય. અત્યારના આપણે દેહના કારણે પરતંત્ર છીએ. શરીરને કારણેજ પરતંત્ર છીએ ને હરક્ષણે લાચારી અનુભવીએ છીએ. આ તકલીફ, ઓલી તકલીફ, ફલાણી તકલીફ, પેલી શરીરની તકલીફ, પછી મનની તકલીફ. દેહ તો મન છે. તો મનની તકલીફ દેહ છે તો સંપત્તિની વાત આવે, સમૃધ્ધિની વાત આવે, તો એની તકલીફ દેહ છે તો સંબંધોની વાત આવે, સંબંધોની તકલીફ. દેહ જો ન હોય તો આ બધી તકલીફો આવે નહી ?

તો ભગવાન કેવા છે ?

દેહ હોવા છતાં આ બધી તકલીફથી મુક્ત છે. એટલે મારું લક્ષ શું છે ? ભગવાન બનવાનું. અને આવું જેનું લક્ષ છે એનું નામ યોગી. હવે clear. એટલે આવા યોગી બનવા માટે શું કરવાનું તો કે શરીરને, મનને અને ચિત્તને પ્રભુને સમર્પિત કરી દેવું.

કેવી રીતે સમર્પિત કરવાનું ?

તો ભગવાને જે રીતે જીવન જીવવાની વ્યવસ્થા બતાવી એવી જાતની વ્યવસ્થામાં જોડાઈ જવું.

શુભેચ્છક :

**શ્રધ્ધામાં ડર અને સ્વાર્થ ભળે ત્યારે તે અંધશ્રધ્ધા બને છે.**



કેવી રીતે જોડાવું ? કેવી રીતે જોડાવું ભાઈ ?

તો એક આખો રસ્તો યોગીનો રસ્તો. નવકાર મંત્રની અંદર નવકાર મંત્ર યોગની અંદર પહેલે જ દિવસે બતાવી દેવામાં આવે છે.

હં. આ કૃષ્ણ મહારાજા છઠ્ઠા અધ્યયનમાં બતાવે છે. નમસ્કાર મહામંત્ર યોગની અંદર first day itself લક્ષ બતાવે છે. ભગવાન કે તારું લક્ષ શું છે ? જેના માટે તારે જીવવાનું છે ? ''મારે નથી થવું હેરાન અને હું ભગવાન બનીશ'. આ લક્ષ માટે જીવન જીવવાનું છે અને આ લક્ષ નક્કી કરી અને પોતાનું શરીર, મન, ચિત્ત આ ત્રણેયને કોને સમર્પિત કરવાનું ? આ લક્ષને સમર્પિત કરવાનું. એટલે કે એનો મતલબ એમ નહી કે આખો દિવસ માળા જપવાની. માળા લઈને બેસી જવાનું. ગોલ ગોલ ફેરવ્યા કરવાનું. ને પોતે ફર્યા કરવાનું. એટલે શું તો કે જે પ્રવૃત્તિ કરીએ ખાઈએ, પીએ, ઉઠીએ, બેસીએ, હાલીએ, ચાલીએ, વ્યવહાર કરીએ, વાતચીત કરીએ, પૈસાની લેતીદેતી કરીએ, વચનોની લેતીદેતી કરીએ, શરીરનું આદાન–પ્રદાન કરીએ, બધા વ્યવહારની અંદર આ એક લક્ષ હાજર અને જાગૃત રાખવું.

કયું લક્ષ ?

આ લક્ષ – ''મારે નથી થવું હેરાન, હું ભગવાન બનીશ.'

એટલે શરીરને એમાં જોડવું. મનને જોડવું, ચિત્તને જોડવું. કેવી રીતે જોડવાનું તો કે પાંચ આધાર. જીવન જીવવાના પાંચ આધાર. Five foundation.

કયા five foundation...? (2)

કે રાજ સવારના પ્રભુ સાથે વાતચીત કરવી. આંખ ખુલતાની સાથે પ્રભુ સાથે વાતચીત. Thank you sir, પ્રભુને કહેવું. બોલો આવું બોલી શકાય છે કે નહીં ? બોલો કેટલા જણા આવું કરે છે ?

હં... Yes. Start immediately.

યોગી બનવું બહુ સહેલું છે. મંત્ર યોગની અંદર એકવાર આવ્યા પછી યોગી બનવું બહુ સહેલું છે. આ જ્ઞાનયોગ ચાલી રહ્યો છે. હવે જે કૃષ્ણ મહારાજા આગળ બતાવી રહ્યા છે જે વાતો કરશે ઈ બહુ difficult લાગશે. પણ, મંત્રયોગની અંદર કેટલું simple છે. તો કે રોજ સવારના પ્રભુ સાથે વાતચીત કરી લેવી. કૃષ્ણ મહારાજા પણ અહીંયા એ જ કહે છે કે ભાઈ મારી સાથે touch માં રહેજે અને તું જે કાર્ય કર મને સોંપીને કરજે. મને સોંપજે. તું તારા દિમાગથી અને તારા ઉત્તાંડથી કરતો નહી. નહી તો ફેંકાઈ જઈશ. મને સમર્પિત કરીશ તો હું તને protect કરીશ. તારું સંરક્ષણ કરીશ. તારું જતન કરીશ કે તને કોઈપણ જાતની તકલીફ નહી થાય. હવે સમજાય છે પ્રભુકૃપા એટલે શું ?

હં... એટલે પ્રભુકૃપા આપણા જીવનનો રામબાણ ઈલાજ છે. Day to Day life માં જેને ખાલી આટલી નાનીસી વસ્તુ આપણા. મને યાદ છે મારા mother અને મારા નાનીમા સૌથી પહેલું આ શીખવાડયું કે ભગવાન. મેં પૂછ્યું ભગવાન ક્યાં છે ? મને તો નથી દેખાતા ?

ભગવાન દેખાય છે ? તો કે નથી દેખાતા. ઈ ક્યાં છે ? તો એ આપણને ચલાવે છે એટલે ઈ આપણને દેખાય નહી.

પણ, એને જો વિનંતી કરીએને તો ઈ આપણું સાંભળે. અમે નાના હતા. આવડાં આવડાં નાના બાળકો હતા ત્યારે સમજાવ્યું હતું. આપણે ગાંડાની જેમ શરૂ તઈ ગયા. કોની સામે બોલવાનું ? તો એક ફોટો આપી દીધો ભગવાનનો. એની સામે રોજ ઉભા રહીને બોલવાનું.

હે ભગવાન ! જે બોલવું હોય ને ઈ બોલવાનું. બરાબર છે. ઈજ મેં તમને શીખવાડ્યું ફોટા વગર.

હેં... બરાબર છે. આ દેખાતી બહુ નાની ક્રિયા છે. બહુ નાની વસ્તુ લાગે. બાળક જેવી લાગે પણ બહુ ગહેરી છે, બહુ ઊંડી છે.

પ્રભુએ એક એવું તત્ત્વ છે જેના આધાર ઉપર આપણે જીવીએ છીએ, જેના આધાર ઉપર આપણે રસ્તો ચાલી રહ્યો છે. એના સિવાય એકક્ષણ પણ આપણે સંભવ નથી. જેવી રીતે એક બાળક માટે માતાપિતા એ સર્વસ્વ છે. છે કે નહી ?

જ્યાં સુધી બાળક પંદર વરસનું થાય ત્યાં સુધી એના માટે મા-બાપ ઈ સર્વસ્વ છે. છે કે નહીં ? આપણા વ્યવહારીક life માં. પછી એને સમજ, બુઝ આવે અને પછી ઈ શાણા થતા જાય ને પછી આપણા જેવા કાણા થઈ જાય.

હં... હોંશીયાર, કાણા એટલે શું ?

Over smart.

બરાબરને. એમાં પાછું આવો technological મોબાઈલ મળે smart. એટલે આપણી smartness ઓર વધી જાય. બરાબર છે. તો smartness વધી જવાથી જે આ રસ્તો છે પ્રભુનો, અહોભાવ છે અત્યારના જે આપણે 'નમો ઉવજ્ઝાયાણં'ના જાપ કર્યા.

વિનય. વિનય એટલે શું ?

**શુભેચ્છક :** **અનેકને ઓળખવા કરતા ફક્ત એક પ્રભુને ઓળખવા સારા.**



''નમો ભાવ''.

નમન, શરણ, સમર્પણ, આવી ચરમ સીમા એ કોની અંદર છે ?

ઉપાધ્યાયની અંદર, ઉપાધ્યાય તત્ત્વની અંદર, ઉપાધ્યાય પદની અંદર. તો આપણે જ્યારે ''નમો ઉવજ્ઝાયાણં'' બોલીએ તો શું માંગ્યુ ?

હે પ્રભુ,

હે ઉપાધ્યાય ભગવંત તારું શરણું ગ્રહણ કરું છું. શા માટે શરણું ગ્રહણ કરું છું કે ભાઈ તમે, તમારી અંદર જે આ સતત જાગૃતિ છે નમન, શરણ, સમર્પણની જે જાગૃતિ છે એવી નમન, શરણ, સમર્પણનિ જાગૃતિ મારી અંદર પ્રગટ થાય.

ઉપાધ્યાય પદ કે ઉપાધ્યાય તત્ત્વ કે ઉપાધ્યાય હસ્તી એવી હોય ચોવીસે કલાક એની અંદર સમર્પણ ભાવ હોય. પોતાના એટલે અરિહંત પરમાત્મા પ્રત્યે, પોતાના સદ્દગુરૂ પ્રત્યે, સદ્દધર્મ પ્રત્યે અને એને જે મળે નાનું બાળક મળે તો એને ભગવાન સ્વરૂપે સ્વીકારે. હોંશિયાર માણસ મળે તોએ એને ભગવાન સ્વરૂપે સ્રીવકારે. બુધ્ધુ મળે તો એને પણ ભગવાન તરીકે સ્વીકારે. હૅં... જે જે રસ્તો દેખાડવાનો હોય એ રસ્તો એને સમજાય ઈ રીતે દેખાડે.

આ આનું નામ છે પરમ વિનય. પોતે તો રસ્તા ઉપર ચાલે પણ એના રસ્તામાં જે આવે એને પણ એ રસ્તામાં ચાલવાની વિનયપૂર્વક પ્રેરણા કરે. જેથી સામેવાળાને અંદર એકદમ બેસી જાય. આ છે ઉપાધ્યાય પદ. અને આવું ઉપાધ્યાય તત્ત્વ આપણા રસ્તામાં પણ આપણે પ્રગટ કરવાનું છે.

એનું જ નામ આ યોગી.

એટલે ઉપાધ્યાય પદ એટલે શું ?

કે એ એવા યોગીની તૈયારી થઈ ચૂકી છે. એટલે માત્ર યોગી નથી. ઉપાધ્યાય એટલે જ્ઞાનયોગી છે. જ્ઞાનયોગી એટલે કે જ્ઞાનની ચરમ સીમા ઉપર છે.

જ્ઞાન એટલે જાણકારી નહી. જ્ઞાન એટલે પરિણામ.

કોનું પરિણામ ?

આ લક્ષનું પરિણામ.

કયા લક્ષનું પરિણામ ?

''મારે નથી થવું હેરાન, હું ભગવાન બનીશ.'

અને એના પ્રત્યેનું total સમર્પણભાવ એવી જે દશા છે એનું નામ છે જ્ઞાનયોગી.

એવી દશા કોની છે ?

ઉપાધ્યાયની. તો એવા બનવા માટે અહીં કૃષ્ણ શું બતાવે છે કે આવું શરીર. શરીર કેમાં જોડવાનું ? તો કે ચોવીસે કલાક આવી જ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રહેવાનું અથવા જે પ્રવૃત્તિ કરે ઈ પ્રવૃત્તિને શું સોંપી દેવાની ? કેવ રીતે સોંપી દેવાની ?

હમણાં ભેલ ખાધીને.

તો ભેલ ખાતા ખાતા શું કરવાનું ?

હે પ્રભુ,

Thank you હં... Fantastic છે. બસ આવા આવા સેવકોને આવું આવું સુઝાડતા રહેજો તો આપણો કામ. હાં... yes આ શું છે ? આ શું કર્યું આપણે ? શરીર યોગ, આ ભેલ ખાતા ખાતા ભગવાનને યાદ કર્યા તો આપણે યોગી થઈ ગયા. અને ભેલ ખાતા ખાતા ભેલમાં અટવાઈ ગયા તો આમાં ચટણી ઓછી છે, ગળાશ ઓછી છે. આ બેનને આવડતું નથી લાગતું ? કોણ બનાવે છે ?ઝ

આમાં ખટાશ ઓછી છે ? આમાં જરાક તીખાશ વધી ગઈ છે... હૅં... ધ્યાન ક્યાં જાય ? હૅં...

જે ભગવાનની અંદર મગ્ન થઈ ગયો તો એને તીખાશ જેવી હોય એવી, ખટાશ જેવી હોય એવી, ગળાશ જેવી હોય એવી, કાંઈક ન નાખ્યું હોય તોયે એના માટે પ્રસાદ બની જાય જબરજસ્ત.

સમજાય છે વાત. યોગી હવે સમજાણું.

યોગી કોને કહેવાય ?

કે એ પદાર્થ પ્રભુ બની જાય. એ પદાર્થ પ્રસાદ બની જાય. નહીં તો ભેલ ઈ ભેલ જ રહે. ને ઈ ભેલ આપણને ફેલ કરે. હવે હમજાણું ? જો ભેલ તો ઈજ છે. આટલા બધા લોકો ખાવાના. હૅં... બનાવનાર પણ ઈ બે–ચાર જણા ઈજ છે. બધાનો હાથ પણ ઈજ છે. પણ, સ્વાદ લેનાર ઉપર સ્વતંત્રતા છે કે આ ભેલને ફેલ કરવો કે ભેલને પ્રસાદ બનાવવો.

પ્રસાદ કોણ બનાવે ?

તો કે આ યોગી બનાવે. કેવી રીતે ?

તો કે ખાતા ખાતા પાછું આવું ખાતા ખાતા વિચાર પણ કરો. આવું આટલું સરસ બનાવે છે. આપણે પણ બનાવીએ. ચલો આપણે એને આ રીતે પ્રસાદ ખવડાવ્યો તો હવે આપણા હાથેથી એમને.

હં.. કેવો ભાવ કે આ સત્સંગમાં હું જઈશ. મારો birthday ઉજવીશ.

**શુભેચ્છક :**

**સ્નેહમાં પ્રગટે તે સેવા અને વાણીમાં પ્રગટે તે સ્તુતિ.**



હં... અને એની વિશેષતા હું તમને કહું.

એમના ભાવની વિશેષતા,

કે ભગવાને મને આ નવું જીવન આપ્યું છે. હં.. બાકી cancer થી બધા cancel થઈ જાય. એમાંથી ઈ નીકળ્યા છે. બોલો બરાબર છે કે નહીં ?

હા.. અને એ જ જીવન જીવવાની ઉજવણી ઉત્સવ અત્યારના માણી રહ્યા છે. તો કે એવો ઉત્સવ હું આ જેટલા અહીંયા જીવો આવે એ બધાનો એનો અંશ એ ભાવથી ઈ કેક બને અને પછી તમે ઈ કેક ખાવ. એમાં શું નાખ્યું છે ઈ મહત્વનું નથી.

પણ, જ્યારે તમારી અંદર જાવ તો ઈ એ ભાવનો પ્રસાદ મળે. સમજાય છે વાત.

આ છે શરીરયોગ. આનું નામ છે શરીરયોગ. એટલે કે જ્યારે આ પ્રભુ તત્ત્વ એની સાથે જોડાય ગમે ઈ પદાર્થ હોય, ગમે ઈ વસ્તુ હોય તો એ આખો પ્રભુમય બની જાય. શરીર પ્રભુમય બને. બરાબર છે તો કેક ને ભેલ ખાતા ખાતા પ્રભુને યાદ કરે એનું નામ યોગી. કારણકે લક્ષ શું છે ?

''મારે ભગવાન બનવું છે.'

તો આની અંદર ભગવાનનો પ્રસાદ છે. તો સત્સંગ અહીંયા અંર ન શરૂ થાય. ક્યાં શરૂ થાય ?

હા... એમને તો કેટલા દિવસથી આવો ભાવ હતો તમારો કેક બનાવવાનો. જ્યારે તમને કાર્ડ મળ્યું ત્યારથી બરાબર છે.

હં... એટલે એનો યોગ તો શરૂ થઈ ગયો ત્યારથી. બરાબર છે. એટલે ઈ બનતા બનતા mentaly ઈ કેક બની ગઈ પછી physicaly બને.

હાં... જે હાં... બરાબર છે.

એટલે હવે યોગી સમજાણું ભાઈ ?

કેટલું easy છે, simple છે.

આવા યોગી બની શકશો તમે ?

હેં... બનશો કે નહીં ?

તો હવે દર વખત બધા તમે આ રીતે કાંઈક ને કાંઈક બનાવશો. હં... અને ઉત્સાહથી કેવા ઉત્સાહથી એક એક જણને પીરસતા હતા. હં... આ છે પ્રસાદ. આ છે Celebration Satsang. એટલે શું ?

Celebration Satsang એટલે આ ભગવદ્દગીતાની વાણી સાંભળવી એમ નહી. એ ભગવદ્દગીતાને માણવી. આ વાણી તો પ્રોત્સાહન છે. બાકી એ વાણીને સાક્ષાત બનાવવી એ બહારનું આ કાર્ય જીવનનું એટલે આ તમને એક દાખલો આપ્યો એવી રીતે જીવનના રોજ સવારથી લઈને સાંજ સુધી રોજ કેટલાયે કાર્યો કરી. એ દરેક કાર્યમાં શું મૂકવાનું ?

આજ ભગવદ્દતા. જમ્યા તો ભગવદ્દતા, જમાડ્યું તો ભગવદ્દતા. કોઈનું કામ કર્યું તો ભગવદ્દતા. કોઈએ આપણું કામ કર્યું તો ભગવદ્દતા. તો એ ભગવદ્દતા પ્રગટ કરવા માટે ભગવાને શું મંત્રયોગમાં બતાવ્યું ? જે કંઈ પણ કરો, મળો કોઈને તો શું કરવાનું ? ''નમો જિણાણં, મારે નથી થવું હેરાન' અને પછી એને પ્રસાદ કોનો આપવાનો ? ''તમે ગમે એવા હો, મારું બગાડો તો પણ I Love You.'' મારું સુધારો તો પણ I Love You'' આ લો અમારા તરફથી પ્રસાદ. "This is Yogi." આનું નામ છે યોગી.

હવે સમજાણું યોગી. જ્ઞાનયોગી કહો, કર્મયોગી કહો જે યોગી કહો, ધ્યાન યોગી કહો. અહીંયા કૃષ્ણ કહે છે કે આ રીતે પરમેશ્વરમાં તલ્લીન બનવું. પરમેશ્વરમાં તલ્લીન બનવું એટલે શું ?

મન, વચન અને કાયા આ ત્રણેય level ઉપર હં... સુપરત થઈ જવું કે સવારથી સાંજ સુધી.

હે પ્રભુ,

તારી કૃપા તારી કૃપા... Thank you, Thank you, Thank you.

કંઈપણ મળ્યું તો thank you. જેને આપ્યું એને પણ thank you. જેને લીધું એને પણ thank you.

આપણને કાંઈક મળ્યું તોએ thank you અને ન મળ્યું તોએ thank you. Yes. ન મળ્યું એમાં પણ પ્રભુનો કાંઈક સાર છે એનું નામ યોગી.

હવે હમજાણું પરમેશ્વરમાં તલ્લીન એટલે શું ?

પરમેશ્વરમાં તલ્લીન એટલે પરમેશ્વરે જે રીતે આનંદમાં રહેવાની જે formula બતાવી એનું નામ છે પરમેશ્વરમાં તલ્લીન.

કેવી રીતે તલ્લીન ?

તો કે શરીર, મન, ચિત્ત એને આ રીતે જીવનમાં જોડી દેવું.

બોલો હવે આવા યોગી બનવું અઘરું છે કે સહેલું ? તમે બધા બની શકો કે ન બની શકો ?

હેં... આના માટે કો'ક દીક્ષાનો prcess કરવો પડે ? Automatic સહજ easy છે કે નહી ?

❒

શુભેચ્છક : પાંચ લાખનું દાન કરવું સહેલુ લાગે પરંતુ કોઈ પાસે લેવાના પાંચ હજાર છોડવા ભારે લાગે છે.

**હે પરમેશ્વર,**

આપની કૃપાથી મને આ નવો જન્મ મળ્યો છે, અનંતની સફરમાં સૌથી મહત્ત્વના અને ઉચ્ચત્તમ માનવ સ્ટેશન સુધી હું પહોંચ્યો છું, એવી મને સમજ પડી છે, માટે હું ધન્ય ધન્ય અનુભવું છું. આ ધન્યતાની કૃપા માત્ર આપની છે. આપે મને આ નવો દિવસ જોવાનો અવસર આપ્યો છે એનો હું સહજ સ્વીકાર કરૂં છું.

**હે પ્રભુ,**

આ અનંતના પ્રવાસની અંદર આજનો આ દિવસ કેવો જવો જોઈએ, મને એની કાંઈ ખબર નથી. મારૂ હીત શેમાં છે એની મને સમજ નથી. મારી સમજ માત્ર આપ છો. આખો માર્ગ, આખી વાસ્તવિકતા, આખુ વિજ્ઞાન બતાવનાર આપ છો. માટે આપનું શરણું લઉં છું. જે રીતે મારૂ હીત થતું હોય એ રીતે મારા દ્વારા મારૂ હીત કરાવજો. મારૂ સમસ્ત અસ્તિત્વ આપના ચરણોમાં ધરૂં છું. મારા મન–વચન–કાયા અને ચિત્ત દ્વારા બધુ સહજ રીતે થતું જાય **એવી કૃપા કરશો.** (૩)

વ્યવહારે કરીને મારા સંપર્કમાં જે કોઈ મનુષ્ય, જે કોઈ જીવ આવે તે સર્વ મારાથી ભયરહિત રહે અને અભયને પામે. હું પણ એમનાથી ભયરહિત રહું, અભય રહું, એવો ગીતાર્થ સંબંધ મારો જગત સાથે બંધાય એવી માંગણી કરૂં છું. કૃપા કરજો (૩)

‘‘નમો જિણાણં.’’

સૂર્યનો પ્રકાશ આપણા ઘરમાં આવે પછી એ પ્રકાશનો ઉપયોગ કેમ કરવો એની જવાબદારી આપણી છે. એનો ઉપયોગ ત્યારેજ થશે જ્યારે આપણે પ્રકાશને ડત્તણુષ્ઠ કરશું. પ્રકાશને enjoy કરવા માટે પ્રકાશની અંદર રહેવું પડશે. પ્રકાશને enjoy કરવો હોય તો એની અંદર હળીભળીને રહેવું પડે. પ્રકાશ આપણા ઉપર પડે એનું ધ્યાન રાખવું પડે, પ્રકાશની હાજરીમાં આવવું પડે. એની જે જે activity હોય એમાં તન–મન–ધનથી પૂર્ણપણે ઓતપ્રોત થઈ જવું, ઈમાનદાર બનવાનું છે.

આખી life ની અંદર, કોઈપણ field કે ક્ષેત્રની અંદર વિકાસ કરવાનો centre point છે પોતાની પોતા સાથે ઈમાનદારી. જે મનુષ્ય પોતાની સાથે ઈમાનદાર નથી એ કોઈની સાથે ઈમાનદાર નથી. આ ઈમાનદારીમાં કોઈ comparision નથી કારણકે આ ઈમાનદારી પોતાની સાથેની છે. પોતાની સાથેની વફાદારી એનું નામ સત્સંગ.

Centre point માં આપણે આપણી સાથે ઈમાનદારી–વફાદારી નિભાવવાની છે. જે મનુષ્ય પોતાની સાથે ઈમાનદાર નથી એ જગત માટે નકામો છે. જો હું જ મારી જાતને મોઢું દેખાડવાને લાયક નથી તો જગતને મોઢું દેખાડવાને લાયક કેવી રીતે બની શકું. Check કરવાનું છે, હું મારી સાથે ઈમાનદાર છું કે નહિ ? જે મનુષ્ય પોતાની સાથે ઈમાનદાર છે અને જગત સાથેનો વાત્સલ્યભાવ છે એને ભય જેવું કાંઈ રહેતું નથી.

જે પોતાને છૂપાવી રહ્યો છે, એને ભય લાગે છે અને એમાંથીજ બધા દૂષણો ઉભા થાય છે. વ્યવહારિક ભય અને વ્યવહારિક દોષ પોતાની સાથે વફાદારીના દૂષણોમાંથી જન્મે છે જે પોતાની સાથે વફાદાર નથી એ મનુષ્ય ભયગ્રસ્ત હોવો જોઈએ. આ સનાતન સત્ય છે. આધ્યાત્મનો પહેલો પાઠ છે.

નાનું બાળક નિ:સ્પૃહ, ઈમાનદાર હોય છે. જેમ જેમ ઈમાનદારી ખોતું જાય એમ એમ એની તકલીફો વધતી જાય. આપણે સૌ કહીએ Just become, Like a child. પણ બાળક એટલે શું ? Child means nothing but purity, and it comes from your own honesty, towards yourself. જે પોતાની જાતને પ્રેમપૂર્વક અરીસામાં જોઈ શકે છે એજ જગતને પ્રેમપૂર્વક જોઈ શકે છે.

આપણે centre થી totally out છીએ કારણકે આપણે બહુ ખોવાયેલા છીએ. Centre ની અંદર involve થશું તો અંદરનું Centre automatic tuning થવા લાગશે. ચાલતા washing machine ને ખોલીને ક્યારે જોયું છે, એમાં કપડાંની હાલત શું થાય છે ? પાણી, સાબુ, કપડાંના દૃશ્યનું દર્શન કરજો, બહુ જબરદસ્ત રહસ્ય સમજાઈ જશે. કપડાં આપણે પોતે, પાણી અને સાબુ બન્ને સંયોગ છે. સાબુ છે, આધ્યાત્મ અને આજુબાજુના વ્યક્તિઓનો સંયોગ એ પાણી છે. સાબુ વગર વોશિંગ મશીનમાં પાણી સાથે કપડું નાખીએ તો જેવું હોય એવું મેલુ કપડું બહાર આવે. માટે સાબુ એ સત્સંગ, કપડાં એ આપણે અને પાણી એ આજબાજુમાં રહેતા વ્યક્તિઓનો સંયોગ. આવા સંયોગ વગર ધુલાઈ થવી અસંભવ છે.

સાબુમાં સૌથી important content વફાદારી છે. સાબુ પોતાની સાથે વફાદાર છે એટલે કપડાંને ધોઈ શકે છે. સાબુના સંગમાં આવ્યા પછી જે પોતાની જાતને વફાદાર અને ઈમાનદાર નથી રહેતો. એ કોઈ દિવસ પોતે ધોવાતો નથી. આમાંથી જ બધા દુષણો ઉભા થાય છે. It is a source of હેરાનગતિ.

સૌથી પહેલા મેલા કપડાંને સાબુવાળા પાણીમાં ભીંજવવા પડે. સત્સંગ એક એવો સાબુ છે જે આપણને pure કરશે. સૌથી પહેલા સાબુને act

શુભેચ્છક : **આપણે કથામાં બેસીએ એના કરતા કથા આપણામાં બેસે એ હીતકારક છે.**

કરવા માટે આપણે ભીંજાવું પડશે. મારી અંદર શું ખામીઓ છે, શું વિકૃતિઓ છે, શું અંતરાયો છે, શું પ્રોબ્લેમ છે, હતા અને આવશે એની મને ખબર નથી. આનો સ્વીકાર કરવો પડશે. આ સ્વીકાર કર્યા બાદ સત્સંગની અસલ શરૂઆત થશે. સાબુ સાથે પાણીમાં ભીંજાવું, કંઈપણ આવે એમાં involve થવું.

વોશિંગ મશીન ચાલુ કરવા માટે સૌથી પહેલા Power on કરી programme set કરવો પડશે. Now I want to wash myself એનો નિર્ણય કરવો પડશે. આ બટન on કરવાની જવાબદારી આપણી છે. First we decide to wash cloth એટલે કપડાંને washing machine માં નાખવા પડશે. આ કપડાં નાખવાનો process નું નામ **નિર્ણય લેવો**. જેવું switch on કરીએ એટલે મશીનમાં પાણી આવે એમાં કપડાં વધુ ભીંજાય. પાણીનો Role છે કપડામાં કુણાશ ઉભી કરવી, અને સાબુ તો જ હ્ટઠદ્દ કરે જો કુણાશ ઉભી થાય. જીવ હોવાથી સ્વતંત્રતા છે કે વરસાદ આવે એટલે છત્રી ખોલી નાખવી, જેથી ભીંજાવાનું બંધ થાય. છત્રી એટલે પોતાના અભિપ્રાયો. જેવી આ છત્રી ખોલી એટલે સત્સંગની ગમે તેવી ગંગામાં પલળો તો પણ કાંઈ નથી થવાનું. સત્સંગનું મેદાન અતિ દિવ્ય છે. આ દિવ્યતામાં ભીંજાતા રોકનાર માત્ર આ અભિપ્રાયની છત્રી છે.

મશીનમાં કપડાં, પાણી, સાબુ નાખ્યા ત્યાર બાદ મશીનનું lid બંધ કરવું પડે, lock કરવું પડે. બીજો કોઈ આપણને lock નહિ કરે, આપણેજ આપણી જાતને lock કરવાના છે. બધાના અભિપ્રાયોથી cut off. જે રીતે પાણીની અંદર નિર્દોષરૂપે કપડું પલળે છે એ રીતે પોતાની જાતને પલાળવાનું છે.

આપણી અંદર દરેક પગલે સ્વતંત્રતા છે જ્યારે કપડાં માટે એવી સ્વતંત્રતા નથી. Problem અહીં જ છે. આપણે સ્વતંત્રતાનો misuse કરતા રહીએ છીએ. સત્સંગમાં પણ આપણાં અભિપ્રાયો લઈ આવીને competition કરીએ છીએ. આવા જ અભિપ્રાયોથી આપણે મેલા થયેલા છીએ. જીવનની મેચોને પાર કરવા માટે સત્સંગમાં આવ્યા છો, જો અહીં ચૂક્યા તો હારેલી મેચ જીતમાં નહિ પરિણમે, હેરાનગતિમાંથી મુક્ત નહિ થવાય.

Washing Machine નો આગલો step spinning છે. Spinning માં બે કારણે હોય, પાણી કાઢવા અને પાણીને વલોવવા માટે. Washing process start through spinning. જે કપડાંઓ spindle ની બાજુમાં centre માં હોય એ વધારે સ્થિર હોય, જો centre point ને છોડશું તો ફેંકાઈ જશું. આ centre ને પકડવાનું handle એટલે સેવા. સત્સંગ એક પ્રકારની સેવા છે. જે પોતે પોતાની ભક્તિ કરે એનું નામ સેવા. આપણી આજુબાજુ રહેલા વ્યક્તિઓને helpful રહેવાથી, સેવા કરવાથી લાભ પોતાને થાય. કોઈની ઉપર ઉપકાર કરવા માટે સેવા કરવી નહિ. That is against law of nature. જેવી ઉપકારની વાત આવશે એટલે centre થી બહાર નીકળી ગયા. બહાર નીકળ્યા એટલે ટકવા બહુ મહેનત કરવી પડશે. સત્સંગમાં આવીને માત્ર એજ કરવાનું છે, how can I spend my time in helping others to benefit myself, so that I remain in centre.

સેન્ટરમાં રહેવું હોય તો centre ને પકડી રાખવું અને એનું માધ્યમ સેવા છે. ''આપે મને ભક્તિ–સેવા કરવાનો અમૂલ્ય અવસર આપ્યો. આવી ભક્તિ–સેવા કરવાથી હું centre માં આવીશ.'' આ ઈમાનદારી અને વફાદારીનું માધ્યમ છે. જ્યાં સીધું you will have to deal with yourself. આડાઅવળા થશું તો ફટકો પડશે. ફટકાના બે option છે. સ્વીકાર અથવા આપણે out. સેવા દ્વારા આપણે centre સાથે રહી શકશું. જેવી સેવા છોડી તો આપણે ત્ગ્ફ્ડ ના વાતાવરણનું ચકરડું, જે high speed માં ફરી રહ્યું છે તે આપણને બહાર ફેંકી દેશે.

Washing Machine માં પહેલા soaking થાય પછી spin દ્વારા washing થાય, ત્યાર બાદ આવે Rinse. પહેલા જે સાબુવાળુ મેલુ પાણી છે એ drain થાય, અને ત્યાર બાદ નવું પાણી આવે, જે કપડાંમાં રહી ગયેલા સાબુને કાઢશે, કારણકે સાબુને કાઢવો પડશે, એ પણ મેલ છે. સાબુ અન્ય મેલને સાફ કરી નાખે છે, અને છેવટે સાબુને પણ કાઢવાનો છે. Rinse એવો process છે એમાં મેલ અને સાબુ બન્ને નીકળી જાય. આખી ધૂલાઈમાં સૌથી મહત્ત્વનો process એટલે rinse. જે મનુષ્ય ધુલાઈ કરે અને rinse નો process ન કરે તો કપડું જલ્દી સડી જાય. કારણકે સાબુમાં રહેલા chemicals કપડાંને ખાઈ જાય. અંતિમ છે spin dry. કપડામાં રહેલું પાણી પણ કાઢી નાખવાનું છે. સંયોગોથી મુક્ત થવાનું છે.

છેલ્લી બે દશા ભગવાન બનવાની દશા છે. જેટલું જલ્દી આ વિજ્ઞાન સમજાશે એટલી beautiful ધુલાઈ થશે, એટલા જલ્દી સ્વતંત્ર અને મુક્ત થશું. પરમ મુક્ત થશું; પરમ સુખ અનુભવશું.

**નમો જિણાણં.**

❒

શુભેચ્છક :

**કુરીયર કે પોસ્ટમેન વિના ભગવાનને પહોંચતો સંદેશો એટલે પ્રાર્થના.**

શુભેચ્છક :

મનોરંજનથી જીંદગી જીવાય છે જ્યારે આત્મરંજનથી જીંદગી જીતાય છે.

શુભેચ્છક :

પૈસા માટે પરસેવો પાડનાર ઘણાં છે, જયારે પર પૈસા માટે પૈસા વાપરનારા થોડા છે.